بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/જાન્યુઆરી/૨૦૧૮**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૧, સળંગ અંક : ૧૬૯

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | લોકશાહી દેશમાં ઉઠી રહેલા અવનવા વાયડા ! | 02 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 09 |
| 04 | ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ | 12 |
| 05 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 15 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 17 |
| 07 | કાનૂને શરીઅત | 20 |
| 08 | ગુનાહોનો ઈલાજ | 23 |
| 09 | હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 26 |
| 10 | દીનની તાલીમાતથી સજ્જ કરવાનો અઝીમુશ્શાન મનસૂબો | 29 |
| 11 | પતિએ ત્રણ તલાક બાદ પત્ની રાખવી વ્યભિચાર છે ! | 32 |
| 12 | સોશિયલ મીડિયાની નકારાત્મક અસરો | 38 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


## મેરે લબ પે રાત દિન હૈ તેરા નામ

મેરે લબ પે રાત દિન હૈ તેરા નામ ગૌષે આ'ઝમ
તેરે ઝિક્ર સે બને હૈં મેરે કામ ગૌષે આ'ઝમ

મેરે રાસ્તે મેં આકર કભી મુશ્કિલેં ન ઠહરી
મેરે કામ આ રહા હૈ તેરા નામ ગૌષે આ'ઝમ

જો નઝર ઉઠા કે દેખું તો હો સામને મદીના
મેરે ઈશ્ક કો અતા કર વો મકામ ગૌષે આ'ઝમ

કરે ક્યૂં ન આકે કા'બા ભી તવાફ ઉનકે દર કા
કે તમામ ઔલિયા કે હૈં ઈમામ ગૌષે આ'ઝમ

મેરી ખાલી ઝોલી ભર દો મુઝે માલામાલ કર દો
તેરા ફૈઝ તેરી રહ્મત તો હૈ આમ ગૌષે આ'ઝમ

મેરે દિલ કી યે દુઆ હૈ યાદે નબી મેં ગુઝરે
મેરી સુબ્હ ગૌષે આ'ઝમ, મેરી શામ ગૌષે આ'ઝમ

# દેશની એકતા તથા અખંડિતતાને માટે ખતરારૂપ લોકશાહી દેશમાં ઉઠી રહેલા અવનવા વાયડા !

આજે એક હિંદુસ્તાની સ્વતંત્ર નાગરીક તરીકે માદરે વતનની મહોબ્બતમાં મારા દિલની વ્યથાને આપ લોકો સમક્ષ મૂકી રહ્યો છું, અને આવી વ્યથા અનેક દેશપ્રેમી બાંધવો પણ કરી રહ્યા છે. આજે મારા જીવનની હું ૬૩મી મંઝિલથી પસાર થઈ રહ્યો છું. મારુ બાળપણ, યુવાનીના સર્વ દિવસો આ જ પ્યારા વતનમાં મેં પસાર કર્યા અને હવે જીવનની સંધ્યાએ પહોંચીને હાલની માદરે વતનની પરિસ્થિતિને જોઈને ખૂબ જ દુઃખ અનુભવી રહ્યો છું કે આજે માદરે વતનમાં રાજકારણના એવા ખેલો ખેલાય રહ્યા છે કે ભોળી પ્રજાની વચ્ચે અનેક જાતના વાદ વિવાદો ખડા કરાય રહ્યા છે જે પહેલાં ન હતા. કોમવાદ, જાતિવાદ, પ્રાંતવાદ,....ધર્મવાદ....અનેક વાદોના વંટોળોને વેગ આપવામાં આવી રહ્યો છે, અને વર્ષોથી ખુશીથી, શાંતિથી, ભાઈચારગીથી જીવી રહેલા ભારતીય બંધુઓને જાત જાતનાં લફરાં ફસાદ તથા ખેંચાખેંચીમાં ખેંચી તાણીને ફેંકવામાં આવી રહ્યા છે. અંગત સ્વાર્થ ખાતર સત્તાની પ્રાપ્તિ માટે મુઠ્ઠીભર તત્વો જેને સૌ જાણે જ છે ! તે દેશની ભોળી પ્રજાને ગેરમાર્ગે દોરીને આપસમાં રહેલી મહોબ્બત તથા ભાઈચારગીના સ્થાને એકબીજામાં નફરત તથા અદાવત અને દુશ્મની જોવા માગે છે, અને તેના માટે સતત અવનવી વાતો, અવનવા ટોપિક્સ, અવનવાં ષડયંત્રો રચાઈ રહ્યાં છે. એક વાત નક્કી છે કે જે માનવ માનવ વચ્ચે નફરત ફેલાય તેવાં કૃત્યો કરશે તેને પરવરદિગાર છોડશે નહીં, પણ દેશની સમાજની હાલત દિન પ્રતિ દિન સંવેદનશીલ થઈ રહી છે એને સૌ કોઈ જોઈ અનુભવી રહ્યા છે.

### ★ લોકશાહીનું રાજ કે ટોળાશાહીનું રાજ ?! ★

❒ દેશમાં કેટલાક સમયથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે જતી રહી છે તેનાં કેટલાંક દષ્ટાંતો યાદ કરીએ. રાજ્ય સત્તા પામવાના ખેલોમાંનો એક ખેલ એ થયો કે અયોધ્યામાં બાબરી મસ્જિદ જે ૮૦૦ વરસો પૂરાણી અડીખમ ખડી હતી તે ઐતિહાસિક મસ્જિદની જગા બાબતે બનાવટી ઈતિહાસનો ખૂબ પ્રચાર કરીને તેના આધારે લોકોના દિમાગોમાં ઠસાવવામાં આવ્યું કે આ જગાએ રામ મંદિર હતું તેને તોડીને મોગલ બાદશાહ બાબરે મસ્જિદ બનાવી હતી. જો કે અંગ્રેજોના વખતથી આ કારસ્તાન ઉભુ કરાયું હતું પણ છેલ્લા અમુક વરસોથી એ ફિત્નાને ખૂબ જ હવા આપવામાં આવી જેમાં વડાપ્રધાન બનવાની લાલશામાં જીવન કાઢી નાખીને પણ તેમાં સફળ ન થનાર મિ. અડવાણીએ દેશભરમાં રામ મંદિરની ચળવળને ચલાવવા રથયાત્રા કાઢી અને કૌમી વૈમનસ્યની આગમાં દેશ બાંધવોને ઝોંકી દીધા. અને તા. ૬–૧૨–૧૯૯૨માં કૌમી ઉશ્કેરણીથી ભેગા કરેલા **લોકોનાં ટોળાંઓએ** એ ઐતિહાસિક બાબરી **મસ્જિદને જમીન દોસ્ત કરી દીધી**, અને કોઈ એક વ્યક્તિનો વાળ પણ વાંકો ન વળ્યો ! કોઈ કાયદાકીય પગલાં કોઈના સામે ન લેવાયાં. **તંત્રની રહેમ નજરનું આવું દષ્ટાંત કદાચ દુનિયાના ઈતિહાસમાં ન જોવા મળ્યું છે અને કદાચ ન જોવા મળશે.** અને પછી ફેલાયેલા કૌમી વૈમનસ્યમાં દેશભરમાં તોફાનો ખડાં થયાં અને દિવસો સુધી એની આગમાં નિર્દોષ

વતની ભાઈઓ બહેનો સળગતાં રહ્યાં, કેટલુંય જાન માલનું નુકસાન વતની ભાઈઓએ ઉઠાવ્યું. અને હજીય આ ફિત્નામાંથી ધૂમાડા તેમજ તેમાંથી આગ પણ ઉડતી રહે છે અને તે ખાસ કરીને ચૂંટણીના સમયે ખૂબ ઉડવા લાગે છે ! શું આને કાયદો તથા વ્યવસ્થા અલવિદા થયેલ ન કહી શકાય ?!

❒ બીજું એવું ભયાનક દષ્ટાંત જે એક ખાસ કૌમ (મુસ્લિમો)ના નિર્દોષોના નર સંહાર તથા અમાનવીય રીતે માનવ હત્યાઓના છૂટા દોરના રૂપે ઈ.સ. ૨૦૦૨માં ગુજરાતમાં જોવામાં આવ્યું જેનો છેડો પણ અયોધ્યાના બાબરી મસ્જિદ / રામ મંદિર વિવાદને જઈને મળે છે, કે ગોધરા ખાતે ટ્રેનમાં આગ લાગવાથી અયોધ્યાથી પરત થઈ રહેલા કેટલાક કાર સેવકોનો ભોગ લેવાતાં ગુજરાતભરમાં કૌમી તોફાનોની આગ ફેલાયી જેમાં હજારો નિર્દોષોના જાન લેવાયા, તેમને જીવતા સળગાવી દેવામાં આવ્યા, તેમની સ્ત્રીઓની બળાત્કારો કરી હત્યા કરવામાં આવી, હજારો લોકો વતનથી બેવતન થઈ ગયા અને જુલ્મો સિતમ, ભય તથા આતંકનો માહોલ રચાઈ ગયો. આ પ્રસંગે પણ કાયદો અને વ્યવસ્થા નિષ્ક્રિય હોવાનો નાગરીકોએ અનુભવ કર્યો, બલ્કે એના સંબંધે ટોચના જિમ્મેદાર સત્તાવાળા થકી જ એને "આઘાતનો પ્રત્યાઘાત !" હોવાનું કહેવામાં આવ્યું ! આમ **લોકશાહીમાં ટોળાશાહીના ચલણનુ આ દષ્ટાંત જગત કદી ભૂલી શકશે નહીં.**

એ જ પ્રમાણે ગૌ રક્ષાના નામે "કહેવાતા" ગૌ રક્ષકોએ અનેક ઠેકાણે કાયદો હાથમાં લઈને જે જુલ્મો કર્યા તેનાં દષ્ટાંતો આ પ્રમાણે છે :

**૦૧.** સપ્ટેમ્બર ૨૦૧૫ : ઉત્તરપ્રદેશના દાદરી હત્યાકાંડમાં ગૌમાંસ રાંધવા અને ખાવાના શકના આધારે **ઉશ્કેરાયેલા ટોળાએ** મુહમ્મદ અખ્લાક઼ની ઢોર માર મારીને હત્યા કરી નાખી અને તેના પુત્રને ગંભીરરૂપે ઘાયલ કર્યો.

**૦૨.** ઓકટોબર ૨૦૧૫ : જમ્મુના ઉધમપુરમાં ગૌહત્યાની અફવાને પગલે **ઉશ્કેરાયેલા ટોળાએ** એક ટ્રક પર પેટ્રોલ બોમ્બ ફેંકયો અને તેમાં ૨ ટ્રક ચાલકો ગંભીરરૂપે ઘાયલ થયા હતા. આ ઘટનામાં ૨૦ વર્ષીય ઝાહિદ અહમદનું મોત થયું હતું.

**૦૩.** માર્ચ ૨૦૧૬ : ઝારખંડના લાતેહારમાં પશુના વેપારીઓ મુહમ્મદ મઝલૂમ અને આઝાદ ખાનને ગૌતસ્કરીના આરોપસર **ઉશ્કેરાયેલા ટોળાએ** લટકાવીને ફાંસી આપી દીધી.

**૦૪.** મે ૨૦૧૬ : મહારાષ્ટ્રના લાતૂરમાં મુસ્લિમ પોલીસકર્મીઓ સાથે હિંદુ કટ્ટરપંથીઓએ બળજબરી કરી અને જયા ભવાની અને જય શિવાજીના જાપ કરાવડાવ્યા.

**૦૫.** એપ્રિલ ૨૦૧૭ : આસામમાં પશુના વેપારીઓ અબૂ હનીફા અને રિયાઝુદ્દીન અલીની ગાય ચોરવાના આરોપસર હત્યા કરવામાં આવી.

**૦૬.** એપ્રિલ ૨૦૧૭ : રાજસ્થાનના અલવરમાં **કથિત ગૌરક્ષકોએ ઢોર માર માર્યો** જેના કારણે પશુના વેપારી પહેલુ ખાનનું મોત નિપજયું. જો કે તે સમયે પશુના વેપારીઓએ તેમને દસ્તાવેજ પણ દેખાડયા અને કહ્યું કે તે ગૌતસ્કર નથી.

**૦૭.** મે ૨૦૧૭ : મધ્યપ્રદેશના ભિંડમાં મુસ્લિમ યુવકો પર મંદિરમાં ભગવાનની મૂર્તિ તોડવાનો આરોપ લગાવીને **ઉશ્કેરાયેલા ટોળાએ** તેમના પર હુમ્લો કરી દીધો.

૦૮. મે ૨૦૧૭ : ઝારખંડમાં બાળચોરીની અફવાને પગલે અનેક મુસ્લિમોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

૦૯. મે ૨૦૧૭ : મહારાષ્ટ્રના માલેગાંવમાં બે પશુઓના વેપારીને ગૌમાંસ રાખવાના આરોપસર ઢોર માર મારવામાં આવ્યો.

૧૦. જૂન ૨૦૧૭ : ઝારખંડના ધનબાદમાં ઈફતારમાં ગૌમાંસનો ઉપયોગ કરવાના શકના આધારે એક મુસ્લિમ શખ્સ પર **હુમ્લો કરીને મારપીટ** કરવામાં આવી.

૧૧. જૂન ૨૦૧૭ : તમિલનાડુ પશુપાલન વિભાગના અધિકારીઓ પર ગૌતસ્કરીનો આરોપ લગાડી રાજસ્થાનના બાડમેરમાં તેમની સાથે મારપીટ કરવામાં આવી.

૧૨. જૂન ૨૦૧૭ : રાજસ્થાનના પ્રતાપગઢ સંગઠનનાં એક આગેવાન અને સામાજિક કાર્યકર્તાની **ઢોર માર મારીને હત્યા કરવામાં આવી** જે એક મહિલાને બચાવવા માટે આગળ આવ્યા હતા.

૧૩. જૂન ૨૦૧૭ : ઈદની ખરીદી કરીને પોતાના ૩ ભાઈઓ સાથે દિલ્હીથી વલ્લભગઢ જઈ રહેલા જુનેદની ચાકૂ મારીને હત્યા કરવામાં આવી. *(આમીન માસિક–અમદાવાદ, જુલાઈ : ૨૦૧૭)*

૧૪. તેમજ હાલમાં જ નાગપુરમાં ગૌમાંસના આરોપમાં બી.જે.પી.ના જ કાર્યકર અલ્પસંખ્યક સેલના મુસ્લિમ યુવાનની મારપીટ કરવામાં આવી. *(મોબા. ન્યૂઝ GSTV, તા. ૧૩–૭–૨૦૧૭)* તેમજ ''લવ જેહાદ''ના નામ પર મુસ્લિમ યુવાનોની મારપીટ તથા હત્યાના બનાવો પણ બનતા રહે છે.

આ તો અમુક જ દૃષ્ટાંતો છે જે પ્રકાશમાં આવ્યાં, જે જાહેર નહીં થતા હોય તેવા કેટલા બનાવો હશે ? આ સિવાય પણ અન્ય વાતો છે જેને લખાણ ટૂંકાવવા દર્શાવી નથી.

## ★ લોકશાહી દેશના નેતાઓ શું આવો વાણી વિલાસ કરી શકે ?! ★

લોકશાહી ઢબે ચૂંટાયેલા નેતાઓ **જેઓ સોગંદપૂર્વક ભારતના બંધારણને અનુસરવા શપથ લેતા હોય છે** પણ એમના રંગ ઢંગ હવે નિરાલા જોવા મળી રહ્યા છે. તેમનાં નિવેદનો જાણે ધમકી તથા ભયનો માહોલ ફેલાવવા માટે જાહેર થઈ રહ્યાં છે. જેમ કે હાલમાં જ ભાજપના નેતા વિનય કટિયાર જેમને ''ફાયર બ્રાંડ'' નેતા કહેવાય છે ! તેમણે આક્રમક શૈલીમાં કહ્યું કે, ''જો અયોધ્યા વિવાદમાં અવરોધો સર્જવામાં આવશે તો દેશના ૬૫૦૦ મુસ્લિમ સ્થળો પર તેઓ કબજો જમાવી દેશે.'' એ ઉપરાંત કૌમી વૈમનસ્ય ફેલાય તેવો વાણી વિલાસ તેમણે કર્યો.(ન્યુઝ ડિસે.–૭, ૨૦૧૭) એ જ પ્રમાણે યુ.પી.માં હાલના કોર્પોરેશનના થયેલા ઈલેકશનમાં એક નેતાએ ખુલ્લે આમ મુસલમાનોને ધમકી આપી કે, ''જો અમને વોટ નહીં આપો પછી પરિણામો ભોગવવા તૈયાર રહેજો !'' એ જ પ્રમાણે હાલના ગુજરાત ધારાસભાના ઈલેકશનમાં ડભોઈના બીજેપીના ઉમેદવાર કહે છે કે, ''કોઈ અહીં ટોપી દાઢીવાળા ભૂલથી બેઠા હોય તો માફ કરજો પણ વસ્તી થોડી ઘટાડવાની જરૂર છે, ઓછી કરવાની જરૂર છે !'' ઉપરાંત કૌમી વૈમનસ્ય ભડકે તેવા અધિક શબ્દો ઉચ્ચાર્યા જેને સાંભળી હાજરજનોએ ઉશ્કેરાટમાં આવી ચીચીયારીઓ પાડી ! (ન્યુઝ હન્ટ, ગુ.સ., ૮–૧૨–૨૦૧૭)તે ઉપરાંત ''વંદે માતરમ !'' તથા ''ભારત માતાકી જય'' બોલવા સંબંધે ખૂબ જ ઉશ્કેરણીજનક નિવેદનો લોકશાહી દેશના નેતાઓ કેટલીયે વાર કરી ચૂક્યા છે અને કરતા રહે છે. કોઈ કહે છે, **''મુસલમાનો પાકિસ્તાન ચાલ્યા જાવ !''** કોઈ કહે છે : ''મુસ્લિમ મુક્ત લોકસભા / ધારા સભા થશે !'' કોઈ કહે છે, ''ફલાણા વરસ

સુધીમાં મુસ્લિમ મુક્ત દેશ થશે !'' આ બધુ શું છે ?! શું મુસલમાન હોવું ગુનોહ છે ? શું મુસલમાન હોવાથી આ દેશનું નાગરિકત્વ જતુ રહે છે ?! **ક્યાં ગયું આપણુ બંધારણ ?! કે જેની કલમ ૨૫માં સર્વ નાગરિકોને પોતાનો ધર્મ પાળવા, પ્રચાર કરવાનો સ્વતંત્ર હક્ક અપાયો છે, એ દેશમાં આવી વાતો બોલનાર પર કોઈ એકશન ન લેવાય ?!** આ રીતે કૌમ કૌમ વચ્ચે નફરત ફેલાય તેવો વાણી વિલાસ કરનારા કહેવાતા નેતાઓ શું દેશની પ્રજાને ભલાઈના માર્ગે લઈ જઈ રહ્યા છે ?! એના વિશે તમારા અંતરાત્માને જ પૂછી જુઓ. આ તો અુમક ઝલકો જ છે, આનાથી ખતરનાક નિવેદનો પ્રજામાં નફરત ફેલાવનારાં ઘણા જ થતાં રહ્યાં છે પણ તેમને કોઈ કાયદો પકડી શકતો નથી ન તંત્ર એના સામે કોઈ પગલાં ભરે છે.

### ★ તલાક્ના મામલે મુસ્લિમ પર્સનલ લોમાં દખલગીરી શા માટે ? ★

આશ્ચર્યની વાત એ છે કે આપણા દેશના બંધારણમાં કલમ નંબર ૨૫માં સ્પષ્ટપણે છે કે દરેક વ્યક્તિને ધર્મના પાલનનો, સમર્થનનો તથા પ્રચારનો સ્વતંત્ર રીતે અધિકાર છે. છતાં કેટલાક વરસોથી તલાક્ના કાનૂન સંબંધે રાજકારણના ખેલીઓ અવનવા નિવેદનો ઉપરાંત તેના માટે કાનૂનમાં ફેરફાર કરી નવા કાયદા બનાવવાની વેતરણમાં પડી ચૂક્યા છે અને રાજકારણીઓની સાથે પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મિડીયા ઈસ્લામી શરીઅતના આ મામલાને, કુર્આન તથા હદીષના આ હુકમો પર જાત જાતનાં મહેણા ટોણા મારીને ઈસ્લામને તથા મુસલમાનોને નીચા દેખાડવા સતત કામે લાગેલાં છે. વિચારવાની વાત છે કે ટી.વી. પર આ નાઝુક મસ્અલાની ચર્ચા કરવા ભાડુતી મૌલાના કે અલ્પજ્ઞાની મૌલાનાને બોલાવી ચર્ચામાં જાણે તે જવાબ નથી આપી શકતા એવો માહોલ ખડો કરી હંસી ઉડાવાય છે, પણ હિંદની મશહૂર ઈસ્લામી યુનિવર્સિટીઓના, ઉચ્ચ કોટીના નિષ્ણાત ઉલમાને બોલાવવામાં નથી આવતા કે જેઓ આ મસ્અલાની હિકમત તથા ભલાઈ સમજાવી શકે.

**હિંદુસ્તાનમાં કોઈ કૌમની વાત નહીં પણ વિના જાતિ ભેદભાવે સરવાળે દેશની સ્ત્રીઓની શું હાલત છે, તેમના પર શું જુલ્મો થઈ રહ્યા છે તેના માટે વર્તમાનપત્રો રોજ સમાચારો આપી રહેલ છે, કેટલા બળાત્કારો, કેટલી હત્યાઓ તથા કેટલી આત્મહત્યાઓ મહિલાઓ કરી રહી છે, તથા પતિ સાથે અનબન થતાં છૂટાછેડા ન મળવાથી બહેનો અધ્ધર લટકતી રહી કેવી નર્કની જિંદગી જીવી રહી છે તેની કોઈને ફિકર નથી !** અને ફક્ત મુસ્લિમ સ્ત્રીઓની લાગણીના નામ પર તલાક્ના મસ્અલામાં રહેલી ભલાઈઓને સમજ્યા વિના તેની પાછળ પડવું, જેના પર મુસલમાનો ૧૪૦૦ વરસથી ઈમાન લાવીને તેના જ પ્રમાણે પોતાના અંગત ફેંસલા કરી રહ્યા છે, તેને કેટલીક નામ માત્રની કહેવાતી મુસ્લિમ સ્ત્રીઓનાં સંગઠનો ઉભાં કરાવી એવો દેખાવ કરવો કે મુસ્લિમ સ્ત્રીઓ તલાક્ના ઈસ્લામી કાનૂનની વિરૂધ્ધ છે એ ક્યાંનો ઈન્સાફ છે ?!

ઈસ્લામી કાનૂન જે કુર્આન તથા હદીષના હેઠળ છે, જેના પર સર્વ મુસ્લિમોનું ઈમાન છે તેમાં નિશ્ચિત છે કે **ત્રણ તલાક્ બાદ પત્ની તેના પતિ માટે હલાલ રહેતી નથી, તેના નિકાહ તૂટી જાય છે, છતાં પતિ સાથે પત્ની જેમ રહેશે તો બંનેવ વ્યભિચારી ગણાશે, પત્ની વગર નિકાહની ગણાશે.** એની વિરૂધ્ધ જો કાયદો બને તો એ મુસ્લિમ પર્સનલ લોમાં ઉઘાડી દખલગીરી છે. આ ખૂબ જ ગંભીર, અતિગંભીર બાબત છે, જેથી મુસલમાનોએ આ સંબંધે પોતાના ઉચ્ચ કક્ષાના ઉલમા થકી લીડરો થકી સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરવી જોઈએ તેમજ કાયદાકીય માર્ગે આ ક્ષેત્રે આગળ વધવું જોઈએ.



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

અને હું મરેલાઓને જીવતા કરું છું અલ્લાહના હુકમથી[૨૧૩] અને તમે જે કાંઈ ખાઓ છો અને જે કાંઈ તમારા ઘરમાં એકત્ર કરીને રાખો છો તે તમને કહી આપું છું[૨૧૪] બેશક્ ! જો તમે ઈમાન ધરાવતા હોવ તો આ વાતોમાં તમારા માટે મોટી નિશાની છે (૪૯) અને મારાથી પહેલી કિતાબ તવરાતની સત્યતાની જાહેરાત કરતો આવ્યો છું. અને એટલા માટે કે હલાલ કરું તમારા માટે અમુક તે વસ્તુઓ જે તમારા પર હરામ હતી[૨૧૫] અને હું તમારા પાસે તમારા પરવરદિગાર તરફથી નિશાની લાવ્યો છું, તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો (૫૦) બેશક્ ! મારો, તમારો બધાનો પાલનહાર અલ્લાહ છે તો તેને જ પૂજો[૨૧૬] આ સીધો માર્ગ છે (૫૧) પછી જ્યારે ઈસાએ તેમનાથી કુફ્ર જોયું[૨૧૭] કહ્યું, અલ્લાહ તરફ મારા મદદગાર કોણ થાય છે ? હવારીયોએ કહ્યું[૨૧૮] અમે અલ્લાહના દીનના મદદગાર છીએ, અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા અને આપ સાક્ષી બની જાવ કે અમે મુસલમાન છીએ[૨૧૯] (૫૨) હે અમારા પરવરદિગાર ! અમે જે તેં ઉતાર્યું તેના પર ઈમાન લાવ્યા અને રસૂલના તાબે થયા, તો અમને હક પર સાક્ષી આપનારાઓમાં લખી લે (૫૩) અને કાફિરોએ મકર (ધોકો) કર્યો[૨૨૦] અને અલ્લાહે તેમના નાશની છુપી તદ્‌બીર ફર્માવી. અને અલ્લાહ સર્વોત્તમ છુપી તદ્‌બીરવાળો છે[૨૨૧] (૫૪)

**સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

وَ اُحۡیِ الۡمَوۡتٰی بِاِذۡنِ اللّٰہِ ۚ وَ اُنَبِّئُکُمۡ بِمَا تَاۡکُلُوۡنَ وَ
مَا تَدَّخِرُوۡنَ ۙ فِیۡ بُیُوۡتِکُمۡ ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لَّکُمۡ
اِنۡ کُنۡتُمۡ مُّؤۡمِنِیۡنَ ﴿ۚ۴۹﴾ وَ مُصَدِّقًا لِّمَا بَیۡنَ یَدَیَّ
مِنَ التَّوۡرٰىۃِ وَ لِاُحِلَّ لَکُمۡ بَعۡضَ الَّذِیۡ حُرِّمَ
عَلَیۡکُمۡ وَ جِئۡتُکُمۡ بِاٰیَۃٍ مِّنۡ رَّبِّکُمۡ ۟ فَاتَّقُوا اللّٰہَ وَ
اَطِیۡعُوۡنِ ﴿۵۰﴾ اِنَّ اللّٰہَ رَبِّیۡ وَ رَبُّکُمۡ فَاعۡبُدُوۡہُ ؕ ھٰذَا
صِرَاطٌ مُّسۡتَقِیۡمٌ ﴿۵۱﴾ فَلَمَّاۤ اَحَسَّ عِیۡسٰی مِنۡھُمُ
الۡکُفۡرَ قَالَ مَنۡ اَنۡصَارِیۡۤ اِلَی اللّٰہِ ؕ قَالَ
الۡحَوَارِیُّوۡنَ نَحۡنُ اَنۡصَارُ اللّٰہِ ۚ اٰمَنَّا بِاللّٰہِ ۚ وَ اشۡھَدۡ
بِاَنَّا مُسۡلِمُوۡنَ ﴿۵۲﴾ رَبَّنَاۤ اٰمَنَّا بِمَاۤ اَنۡزَلۡتَ وَ اتَّبَعۡنَا
الرَّسُوۡلَ فَاکۡتُبۡنَا مَعَ الشّٰھِدِیۡنَ ﴿۵۳﴾ وَ مَکَرُوۡا وَ
مَکَرَ اللّٰہُ ؕ وَ اللّٰہُ خَیۡرُ الۡمٰکِرِیۡنَ ﴿ؑ۵۴﴾

## :: સમજૂતી ::

**૨૧૩** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હઝરત ઈસા علیہ السلام એ ચાર મુર્દાઓને જીવતાં કર્યા, એક આઝર જેને આપની સાથે નિખાલસતા હતી, જ્યારે તે મરવાની અણી પર આવ્યો ત્યારે તેનાં બહેને આપને ખબર આપી. પણ તે આપનાથી ત્રણ દિવસના અંતર પર હતો. જ્યારે આપ ત્રણ દિવસે ત્યાં પહોંચ્યાં ત્યારે જાણવા મળ્યું કે તેને મૃત્યુ પામવાને ત્રણ દિવસ થઈ ગયા છે. આપે તેની બહેનને કહ્યું કે મને તેની કબ્ર પર લઈ જા. તેણી લઈ ગયાં. આપે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી તો આઝર અલ્લાહના હુકમથી જીવતો થઈને કબ્રમાંથી બહાર નીકળ્યો અને એક મુદ્દત સુધી જીવંત રહ્યો, તેને ઔલાદ પણ થઈ.

બીજો એક વૃદ્ધાનો દીકરો, જેનો જનાઝો આપની સામેથી પસાર થઈ રહ્યો હતો. હઝરતે તેના માટે દુઆ ફર્માવી તો જીવતો થઈને તેની લાશ ઊંચકી લઈ જનારાઓના ખભાઓ પરથી નીચે ઉતરી પડયો. કપડા પહેરીને ઘેર ગયો. મુદ્દત સુધી જીવ્યો તેની ઔલાદ પણ થઈ.

ત્રીજી એક આશીરની પુત્રીને જીવતી કરી. સાંજના સમયે ગુજરી ગઈ. અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلام ની દુઆથી એને જીવતી કરી.

અને ચોથો હઝરત નૂહ علیہ السلام નો દિકરો સામ, જેને મરણ પામવાને હજારો વરસ વીતી ગયાં હતાં. લોકોએ ઈચ્છા દર્શાવી કે આપ એમને જીવંત કરો. આપ તેમના બતાવ્યા મુજબ તેમની કબ્ર પર ગયા અને અલ્લાહ તઆલા પાસે દુઆ કરી. સાંભળવામાં આવ્યું કે કોઈ કહેનાર કહી રહ્યું છે "અજીબ રૂહુલ્લાહ" (અલ્લાહની રૂહને જવાબ આપ) આ સાંભળતાની સાથે તે ગભરાઈ જઈને ઉભા થઈ ગયા. અને તે સમજવા લાગ્યા કે કયામત આવી પહોંચી. આ ગભરામણથી તેમનું અડધુ માથુ સફેદ થઈ ગયું. પછી તેઓ હઝરત ઈસા علیہ السلام પર ઈમાન લાવ્યા. અને તેઓએ આપને વિનંતી કરી કે મને બીજા વખતે સકરાંતની તકલીફ ન થાય. અને વગર તકલીફે જ મારી રૂહ પાછી નીકળે, પછી તે જ સમયે તેમનો ઈન્તેકાલ થયો, અને આયતમાં જે "બેઈઝનિલ્લાહ" (અલ્લાહના હુકમથી) ફર્માવવામાં આવ્યું છે. એ નસારાને રદિયો આપવા માટે છે જેઓ હઝરત મસીહને ખુદા માનતા હતા.

**૨૧૪** : જ્યારે હઝરત ઈસા علیہ السلام એ બીમારોને સારું કર્યું અને મુર્દાઓને જીવતાં કર્યા ત્યારે અમુક લોકોએ કહ્યું કે આ તો જાદૂ છે, બીજો કોઈ મો'જિઝો બતાવો, તો આપે ફર્માવ્યું કે જે તમે ખાઓ છો અને જે એકઠું કરો છો હું તમને તેની ખબર આપું છું, એનાથી સાબિત થયું કે ગૈબનું ઈલ્મ ધરાવવું એ અમ્બિયાનો મો'જિઝો છે, અને હઝરત ઈસા علیہ السلام ના હાથે આ મો'જિઝો પણ જાહેર થયો, આપ માણસે જે ગઈ કાલે ખાધું હોય અને જે આજે ખાશે અને જે આવતી કાલ માટે તૈયાર કરી રાખ્યું હોય તે તેને કહી આપતા હતા.

આપની પાસે ઘણા બાળકો એકત્ર થતાં. આપ તેઓને કહી આપતા હતા કે તમારા ઘરોમાં ફલાણી વસ્તુ તૈયાર થઈ છે. તમારા ઘરવાળાંઓએ ફલાણી ફલાણી વસ્તુ ખાધી છે અને ફલાણી વસ્તુ તમારી માટે મૂકી રાખી છે. બાળકો ઘેર જઈને રડતાં અને પેલી વસ્તુ માગતાં ત્યારે ઘરનાં માણસો તેઓને પૂછતાં કે તમને કોણે કહ્યું ? ત્યારે તે બધા કહેતા કે હઝરત ઈસા علیہ السلام એ, ત્યારે લોકોએ બાળકોને આપની પાસે જતાં રોક્યાં અને કહ્યું કે તેઓ જાદૂગર છે તેમની પાસે ન બેસો, અને તે બધાંને એક ઘરમાં પૂરી દીધાં. હઝરત ઈસા علیہ السلام બાળકોને ઢુંઢતા ઢુંઢતા ત્યાં આવ્યા, ત્યારે તેઓએ કહ્યું કે તેઓ અહીં નથી, ત્યાં આપે પૂછયું કે

પેલા ઘરમાં કોણ છે ? લોકોએ જવાબ આપ્યો કે તેમાં તો સુવ્વરો છે, ફર્માવ્યું એવું જ થશે, હવે જ્યારે બારણુ ખોલ્યું તો તેમાં સુવ્વર જ સુવ્વર દેખાયાં.

ટૂંકમાં એ કે ગૈબની ખબરો આપવી અમ્બિયાનો મો'જિઝા છે અને અમ્બિયાની મારફત વગર કોઈ માણસ ગૈબ જાણી શકતો નથી.

**૨૧૫** : જે હઝરત મૂસા علیہ السلامની શરીઅતમાં હરામ હતી. જેમ કે ઊંટનું માંસ, માછલી અને અમુક પક્ષીઓ.

**૨૧૬** : આમાં પોતે બન્દા છે એ વાતનો સ્વીકાર અને પોતે ખુદા હોવાનો ઈન્કાર છે, જેમાં નસારાનો રદિયો છે.

**૨૧૭** : એટલે કે જ્યારે હઝરત ઈસા علیہ السلامએ જોયું કે યહૂદીઓ પોતાના કુફ્ર પર અડેલા છે અને આપને કત્લ કરી નાખવાનો ઈરાદો ધરાવે છે. આટલી સ્પષ્ટ નિશાનીઓ તેમજ મો'જિઝાઓની અસર તેઓને થતી નથી, અને એનું કારણ એ હતું કે તેઓ ઓળખી ગયા હતા કે આ તે જ મસીહ છે જેમની ખુશખબરી તવરાતમાં આપવામાં આવી છે અને જેઓ તેમના દીનને મનસૂખ કરનાર છે. તો જ્યારે હઝરત ઈસા علیہ السلامએ પોતે પૈગમ્બર હોવાનું જાહેર કર્યું ત્યારે આ વાત તેઓને બહુ ખૂંચી અને તેઓ આપને તકલીફો પહોંચાડવા લાગ્યા તેમજ કત્લ કરવા તૈયાર થયા અને આપની સાથે કુફ્ર કર્યું.

**૨૧૮** : હવ્વારીઓ તે નિખાલસ લોકો છે જે હઝરત ઈસા علیہ السلامના દીનના સહાયકો હતા, આપના ઉપર બધાંથી પહેલાં ઈમાન લાવ્યા હતા, એમની સંખ્યા ૧૨ માણસોની હતી.

**૨૧૯** : આ આયતથી દલીલ કરવામાં આવે છે કે ઈમાન અને ઈસ્લામ એક જ વસ્તુ છે. આનાથી એ પણ સાબિત થયું કે પહેલાંનાં અમ્બિયાનો દીન ઈસ્લામ હતો ન કે યહૂદી અથવા ખ્રિસ્તી.

**૨૨૦** : એટલે કે બની ઈસરાઈલના કાફિરોએ મકર (ધોકો) કર્યો અને ધોકાથી હઝરત ઈસા علیہ السلامને કત્લ કરી નાખવાનું કાવત્રુ રચ્યું અને પોતાના એક માણસને એ કામ માટે નક્કી કર્યો.

**૨૨૧** : અલ્લાહે એમના મકરનો એ બદલો આપ્યો, કે હઝરત ઈસા علیہ السلامને આસ્માન પર ઉઠાવી લીધા અને આપની મુખાકૃતિ તે માણસને આપી દીધી જે આપને મારી નાખવા તૈયાર થયો હતો. એ જ કારણે યહૂદીઓએ તેને હઝરત ઈસા સમજીને કત્લ કરી નાખ્યો.

**મસ્અલો** : 'મકર'નો અર્થ અરબી શબ્દકોષમાં 'ગુપ્તતા' થાય છે. એટલા માટે જ છુપી તબદીરને પણ 'મકર' કહે છે. અને એ તદબીર કોઈ સારા હેતુ માટે હોય તો સારી અને ખરાબ મકસદ માટે હોય તો ખરાબ ગણાય છે. પણ ઉર્દૂ ભાષામાં એ શબ્દ 'ફરેબ'ના અર્થમાં વપરાય છે એટલા ખાતર અલ્લાહની શાનમાં કદાપિ વપરાશે નહીં. અને હવે અરબી ભાષામાં પણ 'ફરેબ' અને 'ધોકા'ના અર્થમાં વપરાવા માંડયો છે માટે અરબીમાં પણ શાને ઈલાહીમાં વાપરી શકાશે નહીં, આયતોમાં જ્યાં જ્યાં અલ્લાહની શાનમાં આ શબ્દ વપરાયો છે ત્યાં એનો અર્થ ''છુપી તદબીર'' એટલે કે ગુપ્ત બંદોબસ્ત થાય છે.


### નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

دर्से हदीषे पाक एटले

# મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمۃ والرضوان

**કાર્યાલય**

***હદીષ*** : *હઝરત ઈબ્ને મસ્ઊદ رضي الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની નમાઝનો અંદાઝો ઝોહર ગરમીમાં ત્રણ કદમથી પાંચ કદમ સુધી અને ઠંડીમાં પાંચ કદમથી સાત કદમ સુધી હતો[૧]. (અબૂ દાઊદ, નિસાઈ)*

*જલ્દી નમાઝ પઢવાનું પ્રકરણ[૨] : (પ્રથમ વિભાગ) રિવાયત છે હઝરત સૈયારા બિન સલામાથી[3] ફર્માવે છે કે હું તથા મારા પિતા હઝરત અબૂ બરઝા અસ્લમીની પાસે ગયા[૪]. તેમને મારા પિતાએ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم ફર્ઝો કેવી રીતે પઢતા હતા ? તે બોલ્યા કે બપોરની નમાઝ જેને તમો પહલી કહો છો તે ત્યારે પઢતા હતા જ્યારે સૂરજ ઢળી જતો[૫]. અને અસ્ર પઢતા. પછી અમારામાં એક કિનારો મદીનામાં પોતાના ઘરે પહોંચી જતો, જો કે સૂરજ સાફ હોતો[૬]. અને જે કાંઈ મગરિબના બારામાં ફર્માવ્યું તેને હું ભૂલી ગયો. અને આપ ઈશા જેને તમે અતમહ કહો છો એને મોડેથી પઢવાને પસંદ કરતા હતા[૭]. અને એનાથી પહેલાં સૂવું અને એના પછી વાતચીત નાપસંદ કરતા હતા[૮]. અને ફજરની નમાઝથી ત્યારે ફારિગ થતા જ્યારે કે માણસ પોતાની નજીકવાળાને ઓળખી લેતો, જ્યારે કે આપ ૬૦ થી ૧૦૦ આયતો પઢતા હતા[૯]. અને એક રિવાયતમાં છે કે આપ ઈશાને ત્રીજા ભાગની રાત સુધી મોડી કરવામાં પરવા કરતા ન હતા. એનાથી પહેલાં સૂવું અને એના પછી વાતચીત કરવાને નાપસંદ કરતા હતા. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને હસન ઈબ્ને અલીથી રિવાયત કરે છે. અમે જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم ની નમાઝના બારામાં પૂછ્યું તો ફર્માવ્યું, ઝોહર દોપહરીમાં પઢતા હતા અને અસ્ર જ્યારે કે સૂરજ સાફ હોતો અને મગરિબ જ્યારે કે સૂરજ ડૂબી જતો અને ઈશા જ્યારે કે લોકો વધુ હોતા તો જલ્દી પઢી લેતા અને જ્યારે થોડા હોતા તો મોડેથી પઢતા અને સવાર અંધારામાં[૧૦]. (મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

*હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે અમે જ્યારે નબી علیہ الصلوٰۃ والسلام ની પાછળ ઝોહર પઢતા તો ગરમીથી બચવાના માટે પોતાનાં કપડાં પર સિજદો કરતા હતા[૧૧]. (મુસ્લિમ શરીફ, બુખારી શરીફ)*

## :: સમજૂતી ::

**૧.** એટલે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ગરમીની ઋતુ (ઉનાળા)માં જો ઝોહર જલ્દી પઢતા તો ત્યારે પઢતા જ્યારે મધ્યમ કદના માણસનો પડછાયો ત્રણ ડગલાં જેટલો થઈ જતો અને મોડેથી પઢતા તો તે સમયે પઢતા જ્યારે માણસના કદના પાંચ ડગલાં થઈ જતાં. અને બીજીમાં જો જલ્દી પઢતા તો પાંચ કદમ સાયા પર અને મોડેથી પઢતા તો સાત કદમ પર. કેમ કે ગરમીની ઋતુ કરતાં ઠંડીમાં અસલી સાયો લાંબો હોય છે. આ અંદાઝો અરબ દેશના લેહાઝથી છે, અન્ય દેશોમાં લાગુ નથી થઈ શકતો. કેમ કે જગાનો જેટલા પ્રમાણમાં અક્ષાંશ વધુ હશે એટલા પ્રમાણમાં સાયો લાંબો થશે.

**૨.** યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક મગરિબની નમાઝ હમેશાં અને ઝોહરની નમાઝ શિયાળામાં જલ્દી પઢવી મુસ્તહબ છે કે સમય થતાં જ નમાઝ શરૂ કરી દેવામાં આવે. આ બંનેવ સિવાય બાકીની સર્વ નમાઝો થોડીક વાર પછી પઢવી મુસ્તહબ છે. ઈમામ સાહબની નજીક નમાઝ જલ્દી પઢવાનો મતલબ એ છે કે સમય શરૂ થતાં જ નમાઝ પઢી લેવામાં આવે, મોડુ ન કરવામાં આવે. અમુક ઈમામોની નજીક મુસ્તહબ એ છે કે નમાઝનો સમય થતાં જ પઢી લેવામાં આવે, પણ ઈશાની નમાઝમાં ત્રીજા ભાગની રાત સુધી મોડુ કરવું સૌની નજીક મુસ્તહબ છે, સારાંશ કે ઈશા મોડેથી અને મગરિબમાં જલ્દી. એ જ પ્રમાણે ઠંડીમાં ઝોહરની જલ્દી પર સૌ એકમત છે, બાકીની નમાઝોમાં મતભેદ છે.

**૩.** આપ મશહૂર તાબઈ છે. બસરી કબીલા બની તમીમથી છે. ઘણા સહાબીઓથી મુલાકાત છે.

**૪.** આપનું નામ ફઝલા ઈબ્ને ઓબૈદ છે. સહાબી છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વફાત બાદ મુસલમાન દૂર દૂરથી સહાબાની ઝિયારત કરવા, તેમને મસાઈલ પૂછવા આવ્યા કરતા હતા એના અનુસંધાનમાં આપની હાજરી પણ હતી.

**૫.** એટલે કે ઝોહર શરૂ સમયમાં પઢી લેતા હતા. અહીં ઠંડી ઋતુની ઝોહર મુરાદ છે, નહીં તો આગલી હદીષમાં આવી રહ્યું છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઝોહર ઠંડી કરો કેમ કે બપોરની ગરમી દોઝખની ભડકથી છે. જેથી આ હદીષ ન તો આગલી હદીષની વિરુધ્ધ છે ન તો હનફીઓની વિરુદ્ધ.

**૬.** એટલે સૂર્ય ડૂબવાથી લગભગ ૫૦ મિનિટ પહેલાં, અને પીળો પડવાથી અડધો કલાક પહેલાં અસર પઢતા હતા. લગભગ ૧૦ મિનિટમાં નમાઝથી ફારિગ થતા હતા. ૪૦ મિનિટમાં માણસ સારી રીતે મદીના મુનવ્વરાના કિનારે પહોંચી શકે છે. આ ફકીર (લેખક) અડધા કલાકમાં પગપાળા મસ્જિદે કુબા શરીફ પહોંચી જતો હતો. જેથી એનાથી એ સાબિત નથી થતું કે હુઝૂર એક મિષ્લ (એકગણો સાયો થવા પર) પઢતા હતા. આ હદીષ આપણી વિરુદ્ધ નથી.

**૭.** શરીઅતમાં આ નમાઝનું નામ ઈશા છે પણ બદવી લોકો અત્ઈમા કહે છે, એટલે કે ઊંટણી દોહવાના સમયની નમાઝ. યાદ રાખશો કે નમાઝનાં તે જ નામ લેવા જોઈએ જે શરીઅતે નિશ્ચિત કર્યા. ઝોહરને પેશી, અસરને દીગર, મગરિબને શામ અને ઈશાને ખફતાલ કહેવું જેવું કે પંજાબમાં રિવાજ છે એ બુરુ છે. અહીં મોડુ કરવાથી મુરાદ ત્રીજા ભાગની રાત સુધી મોડુ કરવું છે, જેવું કે બીજી રિવાયતોમાં છે.

**૮.** એની શરહ (સ્પષ્ટતા) અગાઉ વર્ણન થઈ ચૂકી. વાતથી દુનિયવી બિન જરૂરી વાતો મુરાદ છે. એ જ મકરૂહ છે. જેથી દીની જલસાઓ, દીની કિતાબોનો અભ્યાસ ઈશા પછી મના નથી. ખુલાસો એ છે કે ઈશા પછી જલ્દી સૂઈ જાવ સવારે જલ્દી ઉઠો.

**૯.** એટલે કે ફજર એટલી જલ્દી શરૂ કરતા કે ૬૦ કે ૧૦૦ આયતો પઢીને ફારિગ થયા બાદ પણ એટલુ અજવાળુ થતુ કે સામેવાળાને ઓળખી શકાય. આ તે લોકોની દલીલ છે જેમની નજીક ફજર અંધારામાં પઢવી મુસ્તહબ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક એ અંધારું મસ્જિદનું હોતુ હતુ ન કે સમયનું. કેમ કે મસ્જિદે નબવી ખૂબ જ ગહરી છે, બહારની રોશની ત્યાં ખૂબ જ મોડેથી પહોંચે છે. અને જો માની લેવામાં આવે કે એ સમયનું અંધારું હતું તો એ હુઝૂરનો ખાસ વિશિષ્ટ અમલ છે. ફર્માન આગળ આવી રહ્યું છે કે ફર્માવ્યું, ફજર અજવાળુ કરીને પઢો કે એનો સવાબ અધિક છે. અને જ્યારે હુઝૂર ﷺના ફર્માન તથા અમલ શરીફમાં ટકરાવ માલૂમ પડે તો

ફર્માનને અગ્રતા આપવામાં આવે છે. કેમ કે અમલમાં સંભાવના છે કે આપની વિશિષ્ટતાઓમાંથી હોય. યાદ રાખશો કે એવી હદીષ કોઈ નથી જેમાં અંધારમાં ફજર પઢવાનો હુકમ આપવામાં આવ્યો હોય, પણ અજવાળાની ઘણી હદીષો મૌજૂદ છે. તેમ જ આમ સહાબા ફજર અજવાળામાં જ પઢતા હતા. હઝરત અલી رضی اللہ عنہ કંબરને ફર્માવ્યા કરતા હતા કે, હે કંબર ! ખૂબ અજવાળુ કરો, ખૂબ અજવાળુ કરો. *(તહાવી)*

સિદ્દીકે અકબર رضی اللہ عنہ જ્યારે ફજરથી ફારિગ થતા તો મેહસૂસ થતુ કે સૂર્ય નીકળવા ચાહે છે. *(બયહકી)*

ઈબ્રાહીમ નઈખ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સહાબાએ કિરામના જેવી એકમતિ ફજર તથા અસરના અજવાળા પર છે એવી ઘણા ઓછા મસાઈલ પર છે. *(તહાવી વ ખુસ્રૂ)*

ફક઼ીરે જા અલ હક્ક઼, ભાગ–૨માં ફજરની અજવાળાની ૨૯ હદીષો રજૂ કરી છે ત્યાં સુધી કે દયલમીની રિવાયત નક઼લ કરી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "જે ફજર રોશનીમાં પઢે અલ્લાહ તેની ક઼બર તથા દિલમાં રોશની કરે.

**૧૦.** તેની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી. આ હદીષથી જાણવા મળ્યું કે જો સમયમાં ગુંજાઈશ હોય તો લોકોના ભેગા થવાનો ખયાલ રાખવામાં આવે. રેલ ગાડીની સફરના જેમ સમય ન હોય તો નમાઝ પઢી લેવામાં આવે. જુઓ હુઝૂર صلی اللہ علیہ وسلم નો અમલ કે જો લોકો ઓછા હોતા તો ઈશા મોડેથી પઢતા.

**૧૧.** આ ગરમી ફર્શની હોતી હતી ન કે સમયની. સરકાર صلی اللہ علیہ وسلم ઝોહર ઠંડી કરીને પઢતા હતા, પણ ફર્શ તપેલુ હતું, જેમ કે હજી પણ હરમૈન શરીફૈનમાં જોવામાં આવે છે. એનાથી જાણવા મળ્યું કે નમાઝી પોતાનાં પહેરેલાં કપડાં પર જરૂરતમાં સજદો કરી શકે છે. એ જ ઈમામ સાહબનો ક઼ૌલ છે.

પેજ 22 નું ચાલુ..

(સોના–ચાંદીના ભરતવાળા) જોડા પહેરવાં પણ નાજાઈઝ છે ફક્ત ફૂલોનો શેહરો જાઈઝ છે, એને કારણ વગર નાજાઈઝ કહી શકાશે નહીં. નાચગાન, વાજાં (ઢોલ–ત્રાંસાં), આતિશબાજી (ફટાકડા ફોડવા) હરામ છે. એનું હરામ હોવું કોઈ નથી જાણતું ? પરંતુ કેટલાક લોકો એટલા બધા ગરકાવ થઈ ગયા હોય છે કે જો આ બધું ન હોય તો જાણે શાદી જ ન થઈ ? કેટલાક એટલા બધા બેબાક બની જાય છે કે જેમાં આ બધા હરામ રિવાજો ન હોય તો એને ગમી કે જનાઝાના અર્થમાં ગણાવે છે ! એવો વિચાર નથી કરતા કે એક તો ગુનોહ અને શરીઅતનો વિરોધ ગણાશે અને બીજું માલ બરબાદ કરવો તે છે. ત્રીજી વાત એ કે તમામ તમાશાઈઓ (હાજરીનો)ના ગુનાહનું કારણ એ (પોતે) છે અને બધાના ગુનાહ બરાબરનો બોજ (એના શિરે છે). કેટલીક જગ્યાએ નાચવાનો રિવાજ છે. જાહેર છે કે એ ખુલ્લી બેહયાઈ છે. નાનાં–મોટાં એટલે સુધી કે બાપ–બેટા એક મજલિસમાં બેહયાઈનું કામ જુએ છે અને પોતાની બેહયાઈની સાબિતી આપે છે. હરામ અને ગુનાહ હોવા ઉપરાંત એ ફુઝુલખર્ચી પણ કહેવાશે. એ પૈસા વડે (બચાવીને) બીજા જાઈઝ તરીકાથી ખુશીનો ઈઝહાર કરી શકાય છે. જેમ કે ખાવા પીવામાં, કપડાંમાં ફરાગત, કરીને પણ શરીઅતની હદ બહાર જઈને ખુશી મનાવવાની શું જરૂર ? (એ સિવાય) બીજા ઘણા જાઈઝ તરીકા છે. વલીમો સુન્નત છે. સુન્નત અદા કરવાની નિય્યતથી વલીમો કરો. પોતાના સગા સંબંધીઓ તેમજ અન્યોને ખાણુ ખવડાવો. મુસલમાન માટે જરૂરી છે કે તે પોતાનું દરેક કામ શરીઅતના હુકમ પ્રમાણે કરે. અલ્લાહ عزوجل અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુખાલિફતથી બચે.

# ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ

હપ્તો ૦૪

**અઝ : મુફ્તી સુબ્હાનલ્લાહ ક઼ાદરી અમજદી બનારસી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : મૌલાના મુહમ્મદઅશરફ હાશમી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

## શરીઅતના હુકમો

### (સોળ હદીષો)

**હદીષ–૨૫** : ઈમામ નિસાઈએ અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**لَا تَشْرَبْ مُسْكِراً فَاِنِّى حَرَّمْتُ كُلَّ مُسْكِرٍ**

"નશાની કોઈ વસ્તુ ન પી કે બેશક ! નશાની દરેક વસ્તુ મેં હરામ કરી દીધી." *(નિસાઈ : ૨/૨૭૭)*

**હદીષ–૨૬** : ઈમામ અહમદ, દારમી, અબૂ દાઊદ, તિર્મિઝી તથા ઈબ્ને માજાએ મિકદામ બિન મઅદી કરબ رضی اللہ عنہથી રિવાયત કરી કે :–

હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, સાંભળો ! મને કુર્આન સાથે એક મિષ્લ મળ્યો એટલે હદીષ. જુઓ કોઈ પેટ ભરેલો પોતાના તખ્ત પર બેસીને એવું કહે કે આ જ કુર્આન લઈને રહો, જે તેમાં હલાલ છે તેને હલાલ સમજો, જે હરામ છે તેને હરામ જાણો. **مَا حَرَّمَ رَسُوْلُ اللّٰهِ مِثْلُ مَاحَرَّمَ اللّٰهُ** એટલે જે કાંઈ અલ્લાહના રસૂલ ﷺએ હરામ કર્યું તે પણ એના જેવું જ છે જેને અલ્લાહ તઆલાએ હરામ ફર્માવ્યું." *(અબૂ દાઊદ, પેજ : ૬૩૨, તિર્મિઝી : ૨/૯૧, કિતાબુલ ઈલ્મ)*

**હદીષ–૨૭** : સહીહૈનમાં બરાઅ્ બિન આઝિબ رضی اللہ عنہથી છે કે, તેમના મામા અબૂ બુર્દા رضی اللہ عنہએ ઈદુલ અદ્હાની નમાઝ પહેલાં જ કુર્બાની કરી લીધી. જ્યારે તેમને એ જાણ થઈ કે આ કુર્બાની પૂરતી નથી તો હુઝૂર علیہ الصلوۃ والسلامથી અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ તે તો હું કરી ચૂક્યો (એટલે અજાણતામાં) પણ મારી પાસે છ મહીનાનું બકરીનું બચ્ચુ છે પરંતુ વર્ષવાળાથી સારું છે ! હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

**اِجْعَلْهُ مَكَانَهٗ وَلَنْ تُجْزِئَ عَنْ اَحَدٍ بَعْدَكَ**

એટલે "તેની જગાએ આની કુર્બાની કરી દો" અને તમારા પછી આટલી ઉંમરની બકરી કોઈ બીજા માટે કુર્બાનીમાં પૂરતી નહીં થાય.

*–(બુખારી : ૨/૮૩૪, મુસ્લિમ : ૨/૧૫૪)*

શરહે બુખારી ઈર્શાદુસ્સારીમાં આ હદીષ હેઠળ છે :–

**خُصُوْصِيَّةٌ لَّهٗ تَكُوْنُ لِغَيْرِهٖ اِذْكَانَ لَهٗ صَلَّى اللّٰهُ تعالىٰ عليه وسلم اَن يَّخُصَّ مَنْ شَاءَ بِمَا شَاءَ مِنَ الْاَحْكَامِ**

આ વિશિષ્ટતા કેવળ અબૂ બુર્દા رضی اللہ عنہના માટે હતી, એમના સિવાય કોઈ અન્યના માટે જાઈઝ નથી. એટલા માટે કે નબી કરીમ ﷺને ઈખ્તિયાર હતો કે જેને ચાહે જે હુકમથી ચાહે ખાસ કરી આપે.

**હદીષ–૨૮** : સહીહૈનમાં હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી છે : હુઝૂર ﷺએ તેમને બકરીઓ આપી કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને કુર્બાનીના માટે વહેંચી આપે. તેમના હિસ્સામાં છ માસની બકરી આવી. હુઝૂર علیہ الصلوۃ والسلامને તેમણે અર્ઝ કરી. ફર્માવ્યું :–

**ضَحِّ بِهَا** તમે એની જ કુર્બાની કરો. સુનને

બયહકીમાં આટલુ વધારે છે કે, وَلَا رُخْصَةَ فِيهَا لِاَحَدٍ بَعْدَكَ તમારા પછી અન્ય કોઈના માટે એમાં ઈજાઝત નથી. *(મિશ્કાત, પેજ : ૧૨૭, બુખારી, ૨/૮૩૨, મુસ્લિમ, ૨/૧૫૫)*

અશિઅતુલ લમ્આત શરીફમાં આ હદીષ હેઠળ શયખ મુહક્કિક અલ્લામા અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : સહીહ કૌલ એ છે કે અહકામ નબી કરીમ ﷺને સુપ્રત થયેલા હતા.

**હદીષ-૨૯** : સહીહ મુસ્લિમ વગેરેમાં ઝયનબ બિન્તે ઉમ્મે સલમા رضی اللہ عنہاથી છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે : ''રસૂલુલ્લાહ ﷺને અબૂ હુઝૈફાની પત્નીએ અર્ઝ કરી કે સાલિમ (અબૂ હુઝૈફાનો આઝાદ કરેલો ગુલામ) મારી સામે આવજા કરે છે અને તે યુવાન છે, એ વાત અબૂ હુઝૈફાને બુરી લાગે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું : اَرْضِعِيْهِ حَتّٰى يَدْخُلَ عَلَيْكِ ''તમે એને દૂધ પીવડાવી દો કે બેપર્દા તમારી સામે આવવુ જવું જાઈઝ થઈ જાય.

ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા તથા અન્ય અઝવાજે મુતહ્હરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ફર્માવ્યું :

مَا نَرٰى هٰذِهِ الْاَرْخْصَةَ اَرْخَصَهَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِسَالِمٍ خَاصَّةً۔

''અમારો એતેકાદ એ છે કે આ રુખસદ હુઝૂર ﷺએ ખાસ સાલિમના માટે ફર્માવી હતી. *(મુસ્લિમ, ૧/૬૪૯, નિસાઈ, ૨/૬૯)*

**નોંધ** : યુવાન માણસને સ્ત્રીનું દૂધ પીવડાવવું હલાલ નથી. જો પી લે તો પણ એનાથી રઝાઅત સાબિત નથી થઈ શકતી. પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ આ હુકમોથી સાલિમને અપવાદ કરી આપ્યા.

**હદીષ-૩૦** : તિર્મિઝી તથા બયહકીમાં અબૂ સઈદ رضی اللہ عنہથી છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને ફર્માવ્યું :-

يَا عَلِيُّ لَا يَحِلُّ لِاَحَدٍ اَنْ يُّجْنِبَ فِى هٰذَا الْمَسْجِدِ غَيْرِىْ وَغَيْرُكَ

''હે અલી ! મારા તથા તમારા સિવાય કોઈને હલાલ નથી કે જનાબતની હાલતમાં આ મસ્જિદમાં પ્રવેશ કરે.'' *(મિશ્કાત, પેજ : ૫૬૪, બાબુલ મનાકિબ, તિર્મિઝી, ૨/૨૧૪, મજલિસે બરકાત, મુબારકપુર, સુનને કુબ્રા બયહકી, ૭/૬૫)*

**હદીષ-૩૧** : સહીહ બુખારી તથા તિર્મિઝીમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી છે કે ગઝવએ બદરમાં અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનાં પત્ની (હઝરત રુકૈયા બિન્તે રસૂલુલ્લાહ ﷺ) બીમાર હતાં. હુઝૂર ﷺએ તેમની સેવા ચાકરી માટે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મદીનામાં રોકાવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું : اِنَّ لَكَ اَجْرَ رَجُلٍ مِّمَّنْ شَهِدَ بَدْرًا وَّسَهْمَهٗ ''બેશક ! તમારા માટે બદરના હાજર રહેનારાઓ જેટલો સવાબ અને માલે ગનીમતમાં હિસ્સો છે.'' *(મિશ્કાત શરીફ, પેજ : ૫૬૨, બાબે મનાકિબ, બુખારી, કિતાબુલ મનાકિબ, ૧/૫૨૩, તિર્મિઝી, ૨/૨૧૨, મનાકિબ)*

**નોંધ** : આ વિશિષ્ટતા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને અતા કરી જ્યારે કે જે જેહાદમાં હાજર ન હોય તેનો માલે ગનીમતમાં હિસ્સો નથી.

**હદીષ-૩૨** : તબકાતે ઈબ્ને સઅદમાં અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہاથી છે કે : જ્યારે તેમના પ્રથમ પતિ હઝરત જઅફર તૈયાર رضی اللہ عنہ શહીદ થયા તો સૈયદે આલમ ﷺએ તેમને ફર્માવ્યું : تَسَلَّبِىْ ثَلٰثًا ثُمَّ اصْنَعِىْ مَاشِئْتِ ''ત્રણ દિવસ બનાવ શણગારથી અલગ રહો, પછી જે ચાહો કરો.'' *(તબકાતે ઈબ્ને સઅદ, ૮/૨૨૦, બહવાલા : જામેઉલ અહાદીષ, ૪/૨૩૯, બરકાતે રઝા-પોરબંદર)*

**નોંધ** : મસ્અલો એ છે કે સ્ત્રીને પતિના મૃત્યુ પર ચાર મહિના દસ દિવસનો સોગ વાજિબ છે, પણ અહીં નબી કરીમ ﷺએ તેમને આ આમ હુકમથી અપવાદ કરી દીધાં.

**હદીષ-33** : મુસ્નદે ઈમામ અહમદમાં છે :

**حَدَّثَنَا مُحَمَّدُ بْنُ جَعْفَر ثَنَا شُعْبَةُ عَنْ قَتَادَةَ عَنْ نَصْرِبْنِ عَاصِمٍ عَنْ رَجُلٍ مِّنْهُمْ رَضِىَ اللّٰهُ تَعَالىٰ عَنْهُ اَتَى النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالىٰ عَلَيْهِ وَسَلَّمَ فَاَسْلَمَ عَلٰى اَنَّهٗ يُصَلِّى اِلَّا صَلَاتَيْنِ فَقَبِلَ ذَالِكَ مِنْه**

''એક સાહબ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયા અને એ શર્તની સાથે ઈમાન લાવ્યા કે કેવળ બે જ નમાઝો પઢીશ. હુઝૂર ﷺએ તેમની આ શર્તને કબૂલ કરી લીધી.

*-(જામિઉલ અહાદીષ, ૪/૨૬૨, પોરબંદર)*

**નોંધ** : સૌને ખબર છે કે મુસલમાન પર પાંચ નમાઝો ફર્ઝ છે પણ એ શખ્સના માટે હુઝૂર ﷺએ ત્રણ નમાઝો માફ કરી આપી. જાણવા મળ્યું કે **હુઝૂર ﷺ શરીઅતના હુકમોના માલિક છે.**

**હદીષ-3૪** : સહીહૈનમાં બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી છે :-

**نَهَا نَارَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالىٰ عَلَيْهِ وَسَلَّمَ عَنْ خَاتَمِ الذَّهَبِ**

''અમને રસૂલુલ્લાહ ﷺએ સોનાની વીંટી પહેરવાથી મના ફર્માવ્યું (તેમ છતાં બરાઅ رضی اللہ عنہ સોનાની વીંટી પહેરતા હતા) જેથી ઈબ્ને અબી શયબાએ સહીહ સનદની સાથે અબૂ સફરથી રિવાયત કરી : **قَالَ رَأَيْتُ عَلَى الْبَرَاءِ خَاتَمًا مِّنْ ذَهَبٍ** મેં બરાઅ رضی اللہ عنہને સોનાની વીંટી પહેરલા જોયા.

ઈમામ અહમદ મુસ્નદમાં ફર્માવે છે, મુહમ્મદ બિન માલિકે કહ્યું કે મેં બરાઅ رضی اللہ عنہને સોનાની વીંટી પહેરલ જોયા. લોકો તેમને કહેતા હતા કે તમો સોનાની વીંટી શા માટે પહેરો છો જ્યારે કે નબી علیہ الصلوٰۃ والسلامએ મના કર્યું છે ?!

બરાઅ رضی اللہ عنہએ કહ્યું કે પોતે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર હતા અને હુઝૂર ﷺની સામે માલે ગનીમત, ગુલામ તથા સામાન મૌજૂદ હતાં જેને હુઝૂર વહેંચી રહ્યા હતા. સૌ વહેંચી ચૂક્યા તો આ વીંટી બાકી રહી ગઈ. તો હુઝૂરે નજર મુબારક ઉઠાવીને સહાબીઓને જોયા, પછી નિગાહ નીચી કરી લીધી ફરી નજર ઉઠાવીને જોયું ફરી નજર નીચી કરી લીધી. ફરી નજર ઉઠાવીને જોયું અને મને બોલાવ્યો, હે બરાઅ ! હું હાજર થઈને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સામે બેસી ગયો. હુઝૂરે અકદસ ﷺએ વીંટી લઈને મારું કાંડુ પકડયું પછી ફર્માવ્યું, લે પહેરી લે ! જે તને અલ્લાહ વ રસૂલ પહેરાવે છે. બરાઅ رضی اللہ عنہ ફર્માવે છે કે તમે લોકો મને કેવી રીતે કહો છો કે હું તે ચીજ ઉતારી દઉં જેને મુસ્તફા ﷺએ ફર્માવ્યું કે લે પહેરી લે જે અલ્લાહ વ રસૂલે પહેરાવ્યું.

**નોંધ** : સોનુ પુરૂષો માટે હલાલ નથી, પરંતુ હુઝૂર ﷺ પુરનૂર ﷺએ હઝરત બરાઅ આઝિબ رضی اللہ عنہને ખુદ સોનાની વીંટી પહેરાવી.

**હદીષ-૩૫** : સિહાહ સિત્તહમાં હઝરત અનસ رضی اللہ عنہથી છે :-

**اِنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالىٰ عَلَيْهِ وَسَلَّمَ رَخَّصَ لِعَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ وَالزُّبَيْرِ فِىْ لُبْسِ الْحَرِيْرِ لَحِكَّةٍ كَانَتْ بِهِمَا**

અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ તથા ઝુબેર ઈબ્ને અવામ رضی اللہ عنہماના શરીરમાં સૂકી ખુજલી હતી. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ તેમને રેશમી કપડાં પહેરવાની ઈજાઝત આપી. *(સુનને અબૂ દાઊદ, ૨/૫૬૧)*

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 3 પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### કાફિરો ઉપર રહ્મત

પહેલાંની ઉમ્મતો ઉપર તેમની નાફર્માનીને લઈ અલ્લાહનો અઝાબ દુનિયામાં જ ઉતરતો હતો. પરંતુ હુઝૂર રહ્મતે આલમ ﷺની દુનિયામાં તશરીફ લાવવાની બરકતને લઈ ઉમ્મતે મુહમ્મદીની સાથે સાથે કાફિરો પણ એ સામૂહિક અઝાબ ઉતરવાની મુસીબતથી બચી ગયા છે.

જેમ કે કલામે ઈલાહીમાં છે :–

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ ''અને અલ્લાહ અઝાબ નહીં કરે જ્યાં સુધી તું એમનામાં છે.'' *(સૂરએ અન્ફાલ, ૮/૧૩)*

(રહ્મતે આલમ ﷺ પૃથ્વી પર હયાતુન્નબીની હૈસિયતથી આજે પણ છે.) જેથી પૃથ્વીવાળાઓ આપની બરકતથી સામૂહિક અઝાબથી સુરક્ષિત છે, જે અઝાબ પહેલાંના નબીઓની ઉમ્મત ઉપર તેમના ગુનાહોને લઈ ઉતરતો, કયામત સુધી તેનાથી ફક્ત મો'મિન જ નહીં પણ કાફિરો પણ બચી ગયા છે.

એક વેળા કાફિરો તરફની અસહ્ય તકલીફોથી તંગ આવી ઉપરાતં ખાસ કરી સરવરે દો આલમ ﷺને અપાતી બેહિસાબ અસહ્ય તકલીફો જોઈ સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين એ અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! એ મુશ્રિકો માટે બદ્દુઆ ફર્માવો. તો જવાબમાં આપ عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું, ''મને લઅનત (બદ્દુઆ) કરવાવાળો બનાવી નથી મોકલ્યો, બલ્કે મને તો રહ્મત બનાવી મોકલ્યો છે.'' *(મિશ્કાત શરીફ, મુસ્લિમના હવાલાથી, બાબુ શમાઈલ વ અખ્લાક)*

હઝરત તુફૈલ બિન અમ્ર દૌસીને દૌસ કબીલાને ઈસ્લામની દા'વત માટે મોકલ્યા. આપે તેમની પાસે જઈ આવીને નબીએ કરીમ عليه الصلوٰة والسلام ની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ દૌસ કબીલો હલાક તથા બરબાદ થઈ ગયો, કારણ કે એમણે આપના હુકમને ઠુકરાવ્યો. આપની તાબેદારી કરવાની ના પાડી, આપ એ લોકો માટે બદ્ દુઆ કરો.

લોકોને લાગ્યું કે આપ બદ્ દુઆ કરી રહ્યા છે, પરંતુ આપે તો હાથ ઉઠાવી આ પ્રમાણે કરી : اَللّٰهُمَّ اهْدِ دَوْسًا وَّ اْتِ بِهِمْ

**અર્થાત** : ''હે અલ્લાહ ! દૌસ કબીલાને હિદાયત આપ અને મુસલમાન કરીને લાવ !''

જ્યારે તાઈફનો ઘેરો ઉઠાવી લેવામાં આવ્યો તો સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين એ અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! અમોને ષકીફ કબીલાના તીરંદાઝોના તીરોએ સળગાવી દીધા છે, આપ એમના માટે બદ્દુઆ કરો.''

આ સાંભળી આપ ﷺએ આ મુજબ દુઆ કરી : اَللّٰهُمَّ اهْدِ ثَقِيْفًا **અર્થાત** : ''ષકીફને હિદાયત અતા કર.'' *(તિર્મિઝી શરીફ)*

જંગે ઓહદમાં આપના દાંત મુબારક શહીદ થઈ ગયા અને આપનો ચહેરો મુબારક લોહીલુહાણ થઈ ગયો, પરંતુ જીભ મુબારકથી આજ શબ્દો નીકળતા હતા : اَللّٰھُمَّ اغْفِرْ لِقَوْمِیْ فَاِنَّھُمْ لَایَعْلَمُوْنَ

**અર્થાત** : "યા અલ્લાહ ! મારી કૌમના આ ગુનાહને માફ કરી દે. કારણ કે એ મને નથી જાણાતા." (નથી ઓળખી શક્યા કે હું અલ્લાહનો રસૂલ છું.)

કુરૈશીઓ પોતાની બદ્દબખ્તી અને ઈસ્લામ દુશ્મનીને કારણે ઈમાન ન લાવ્યા તો આપ علیہ الصلوٰۃ والسلامએ આ પ્રમાણે દુઆ ફર્માવી : યા અલ્લાહ ! جل جلالہ આ લોકો પર હઝરત યૂસુફ علیہ السلامના સાત વર્ષની જેમ સાત વર્ષ દુષ્કાળ ઉતાર. જેથી એમ જ થયું. પરિણામ એ આવ્યું કે લોકોની પરિસ્થિતિ એવી બગડી કે કુરૈશીઓએ હાડકાં અને મુરદાર જાનવરો પણ ખાવા પડયાં. જ્યારે પરિસ્થિતિ ઘણી ખરાબ થઈ તો અબૂ સુફયાને બારગાહે રિસાલતમાં હાજર થઈ અર્ઝ કરી કે, "આપની કૌમ બર્બાદ થઈ રહી છે. આપ અલ્લાહથી દુઆ કરો કે તેઓની આ મુસીબત દૂર થઈ જાય." અબૂ સુફયાનની આ અર્ઝ સાંભળતાં જ આપ علیہ الصلوٰۃ والسلامએ દુઆ ફર્માવી અને તરત જ (અલ્લાહે વરસાદ મોકલ્યો) અને લોકોની મુસીબત દૂર થઈ ગઈ.

*–(સહીહ બુખારી, તફસીરે સૂરે દુખાન)*

હઝરત ષમામા બિન આષાલ યમામી ઈમાન લાવ્યા પછી આપ ﷺની રજા લઈને ઉમરા માટે મક્કા શરીફ ગયા. મુશ્રિકોમાંથી કોઈએ કહ્યું, તું અમારા ધર્મથી વિમુખ થઈ મુસલમાન થઈ ગયો છે. ષમામા رضی اللہ عنہએ કહ્યું, સર્વ ધર્મોમાં સૌથી બેહતર ધર્મ મુહમ્મદ ﷺનો ઈસ્લામ કૃબૂલ કર્યો છે. અલ્લાહની કૃસમ ! રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની રજા વિના અનાજનો એક દાણો પણ યમામાથી તમારા સુધી પહોંચશે નહીં. મક્કામાં અનાજ યમામાથી આયાત થતું હતું. *(બુખારી શરીફ)*

યમામાથી અનાજ આવતું બંધ થતાં કુરૈશમાં અનાજનો દુકાળ પડી ગયો. એમણે લાચાર થઈ રહમદિલી, ભલાઈની નજર અને રહમ કરવા માટે રસૂલુલ્લાહ ﷺની પાસે અર્ઝ લખી મોકલી. એટલે તરત હઝરત ષમામા رضی اللہ عنہને હુકમ લખી મોકલ્યો કે, એઓ મક્કાવાસીઓ માટે અનાજની બંધીનો હુકમ ઉઠાવી લઈ નિકાસ શરૂ કરી આપે. આપના હુકમ અનુસાર તરત જ અમલ કરવામાં આવ્યો.

*–(સીરતે ઈબ્ને હિશામ, અસ્રે ષમામા બની આષાલ અલ્હનફી વ ઈસ્લામિયા)*

હઝરત અસ્મા બિન્તે અબીબક્ર رضی اللہ عنہا કહે છે કે રસૂલુલ્લાહ ﷺના જાહેરી જિંદગીના સમયમાં મારી મા પાસે આવ્યા. તે સમયે તેણી ઈમાન લાવ્યાં ન હતાં. મેં રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامથી પૂછયું, મારી મા મારાથી કાંઈક માગે છે તો હું તેની સાથે સદ્‌વર્તન રૂપે આપી શકું છું ? હુઝૂર અક્દસ ﷺએ ફર્માવ્યું, હા ! તું તારી મા સાથે સદ્‌વર્તન, બખ્શિશ, મહેરબાની કર્યા કર. *(ક્રમશઃ)*

**ઈન્તેકૃાલ પુરમલાલ ! : દયાદરા** : ❒ હાજી સુલેમાન આદમ બાપાલાલ આશરે ૭૦ વરસની વયે તા. ૨–૧૨–૨૦૧૭, ૧૨–રબિઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૩૯, શનિવારના રોજ ઈન્તેકૃાલ થયો છે. ❒ અલી મૂસા ગઈનો તા. ૧૨–૧૨–૨૦૧૭, ૨૧–રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૩૯, રવિવારના રોજ ઈન્તેકૃાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકૃામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકૃામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મઝહબ (મસ્લક)ના બારામાં ચર્ચા

૭–માહે ઝિલ હજજ હિ.સ. ૬૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. મઝહબના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે પ્રથમ મઝહબ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો, બીજો મઝહબ ઈમામ શાફઈ رضی اللہ عنہનો, ત્રીજો મઝહબ ઈમામ માલિક رضی اللہ عنہનો અને ચોથો મઝહબ ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہનો. તો લોકોએ જોઈએ કે ચારેવ મઝહબોમાં શક ન કરે જેથી સુન્ની મુસલમાન રહે, અને એ વાતનું યકીન કરે કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મઝહબ બાકી ત્રણથી અફઝલ છે, કેમ કે બાકીના ત્રણેવથી પહેલાં આ જ મઝહબ (હનફી) રિવાજ પામેલ હતો. **والفضل المتقدم** અલ્લાહ તઆલાની નજીક હક્ક મઝહબ એક જ છે જે મઝહબમાં આપણે છીએ. તે અબૂ હનીફા رضی اللہ عنہનો મઝહબ છે. આ મઝહબ બિલકુલ દુરુસ્ત છે. એમાં ખતાઓની સંભાવના સુધ્ધાં નથી.

### ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મકામ તથા મર્તબો

ત્યાર બાદ ફર્માવ્યું કે ફતાવા ઝહીરીમાં કિતાબ લેખક લખે છે કે જ્યારે મુસલમાનોના ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ છેલ્લી વખતે હજ કરી તો દિલમાં વિચાર્યું કે કદાચ ફરી હજ કરવા શક્તિમાન ન થઈ શકું, ખાનએ કાબાના દરવાનને ફર્માવ્યું કે દરવાજો ખોલી આપો અને એ વાતની ઈજાઝત આપો કે અલ્લાહ તઆલાની ઈબાદત કરી લઉં. કહ્યું, આપના પહેલાં કોઈને નસીબ નથી થયું, જો ઈલ્મમાં લોકો આપનું અનુસરણ કરે તો હું દરવાજો ખોલી દઈશ, છેવટે દરવાજો ખોલવામાં આવ્યો. આપ અંદર ગયા બંનેવ થાંભલાઓની વચ્ચે ડાબા પગને જમણા પગ પર રાખીને અડધુ કુર્આન શરીફ ખત્મ કર્યું. સલામના પછી દુઆ કરી કે પરવરદિગાર ! મેં જેવો કે હક્ક છે તેવી ઈબાદત નથી કરી, અને ન તો જેવો પહેચાનવાનો હક્ક છે તને નથી પહેચાન્યો. મારી ખિદમતની કમી પર તારી કમાલની મઅરેફતના સબબે દરગુઝર કર. ગેબી અવાજ આપનારે અવાજ આપ્યો, હે અબૂ હનીફા ! ખરેખર તેં મારી ઈબાદત કરી અને મને પહેચાન્યો. મેં તને બખ્શી આપ્યો તેમજ તેમને જઓ કયામત સુધી તારા મઝહબના અનુયાયી થશે. જ્યારે શૈખુલ ઈસ્લામ આ ફવાઈદ વર્ણવી ચૂક્યા તો ફર્માવ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એમના જ મઝહબમાં (હનફી) છીએ.

પછી ફર્માવ્યું કે રિવાયતથી ઈસ્માઈલ બુખારી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં મુહમ્મદહુસૈન શયબાની رحمۃ اللہ علیہને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે

કેવો વર્તાવ કર્યો ? કહ્યું, મને બખ્શી દીધો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જો હું ચાહત તો તને અઝાબ કરત એ શર્તે કે તું ઈલ્મ બયાન ન કરતો. ઈસ્માઈલ કહે છે, મેં પૂછયું કે, ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ક્યાં સુધી (કયા મર્તબે) છે ? ફર્માવ્યું, ઈલ્લીય્યીનમાં છે.

## બુઝુર્ગોની ઈબાદત તથા તેમનું ઈમાન

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર કાઝી હમીદુદ્દીન નાગોરી, શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, શયખ જમાલુદ્દીન તબરેઝી તથા શયખ બદરુદ્દીન ગઝનવી رحمۃ اللہ علیہم اجمعین દિલ્હીની જામા મસ્જિદમાં થોડાક દિવસ મોઅતકિફ રહ્યા. દરેકે બે ખત્મ દર રોજ વઝીફો નિશ્ચિત કર્યો. એક રાતે એકબીજાને કહ્યું કે જો શક્ય હોય તો આપણે એક પગ પર ઉભા રહીને ઈબાદત કરીએ એટલે કે બે રકાતમાં જ દિવસ ચઢાવી દઈએ. સૌએ કહ્યું, બેહતર છે. જેથી કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ઈમામ બન્યા અને બાકીના મુક્તદી રહ્યા. સૌ એક પગ પર ઉભા થયા. કાઝી સાહબે એક પગ પર ઉભા રહીને કુર્આન ખત્મ કર્યું અને ચાર સિપારા પઢયા. અને બીજી રકાતમાં બીજીવાર કુર્આન ખત્મ કર્યું. પછી સલામ ફેરવીને ઈલ્તેજા કરી કે પરવરદિગાર ! જેવો કે ઈબાદતનો હક્ક છે તેવો અમારાથી અદા નથી થઈ શક્યો, બસ ! અમને બખ્શી આપ, અને અમારી ખિદમતથી તારી મઅરેફતના કમાલના સબબે દરગુઝર ફર્માવ. ખૂણામાંથી અવાજ આવ્યો કે, હે અમારા દોસ્તો ! તમોએ મને સારી રીતે ઓળખ્યો અને ઉમદા ફર્માંબરદારી કરી, તો તમને બખ્શ્યા અને જે તમારી માગણી છે તે (બખ્શિશ) તમને આપી. પછી ત્યાંથી વિખેરાય ગયા અને સફર અપનાવ્યો.

## મઝહબના શજરાની પણ જાણકારી રાખો

ત્યારબાદ ફર્માવ્યું કે મઝહબના સજરાથી જરૂર વાકેફ થવું જોઈએ. પછી ફર્માવ્યું કે જેવી રીતે મુરીદે પોતાના પીરનો શજરો જાણવો જરૂરી છે એવી જ રીતે મઝહબનો શજરો જાણવો પણ જરૂરી છે કે પરવરદિગારથી કઈ રીતે મળવાનું છે.

પછી ફર્માવ્યું કે જો સવાલ કરવામાં આવે કે તું કોના મઝહબમાં છે ? તો કહો કે ઈમામે આ'ઝમ કૂફી رضی اللہ عنہના મઝહબમાં. ઈમામે આ'ઝમ ઈબ્રાહીમ અલ્કમાના મઝહબમાં. અલ્કમા ઈબ્રાહીમ નજફીના મઝહબમાં. ઈમામ નજફી ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના મઝહબમાં, ઈમામ મસ્ઊદ અબૂ હુરૈરહ رضی اللہ عنہના મઝહબમાં. અબૂ હુરૈરહ رضی اللہ عنہ રસૂલે ખુદા علیہ الصلوٰۃ والسلامના મઝહબમાં. રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامના મઝહબમાં. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام હઝરત નૂહ નજીયુલ્લાહ علیہ السلامના મઝહબમાં. હઝરત નૂહ હઝરત શીષ علیہ السلامના મઝહબમાં. હઝરત શીષ હઝરત આદમ علیہ السلامના મઝહબમાં. હઝરત આદમ علیہ السلام હઝરત જિબ્રઈલ علیہ السلامના મઝહબમાં. હઝરત જિબ્રઈલ علیہ السلام હઝરત મીકાઈલ علیہ السلامના મઝહબમાં. હઝરત મીકાઈલ علیہ السلام હઝરત ઈસ્રાફીલ علیہ السلامના મઝહબમાં. હઝરત ઈસ્રાફીલ علیہ السلام હઝરત ઈઝરાઈલ علیہ السلامના મઝહબમાં. અને ઈઝરાઈલ علیہ السلام અહદીષે સમદિયતના મઝહબમાં. આગળ ખુદાને જ માલૂમ છે અન્ય કોઈને માલૂમ નથી.

પછી કુર્આનની તિલાવત તથા દુઆએ માષૂરાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે માણસે દુઆ તથા કુર્આની આયતોથી ખાલી ન હોવું જોઈએ, હમેશાં એ કામમાં લાગેલો રહે જેથી અલ્લાહ તઆલાની આયતમાં રહે.

## દર્દમાં સપડાવાનો સબબ

પછી ફર્માવ્યું કે તહજ્જુદથી નમાઝ રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم પર ફર્ઝ છે અને આપણા માટે સુન્નત છે એમાં આઠ રકાત સહરીની નજીક અદા કરવામાં આવે. એ

રકાતોમાં જેટલા પ્રમાણમાં કુર્આન જાણતો હોય તે પઢે, અલ્બત્ત ક઼િરાઅત લાંબી હોવી જોઈએ, કેમ કે રસૂલે ખુદા ﷺ લાંબી ક઼િરાઅત કર્યા કરતા હતા.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ ઈબ્ને શયખ કુત્બુદ્દીન નામથી જે ખૂબ જ વૃધ્ધ હતા. તેમનાથી તહજ્જુદની નમાઝ એકવાર છૂટી ગઈ. આપને જાંગમાં દર્દ શરૂ થયું. થોડાક દિવસ એ જ દર્દમાં સપડાયેલા રહ્યા. છેવટે જાણવા ચાહ્યું કે દર્દ શા માટે છે ? અવાજ આવ્યો, હે બુઝુર્ગ ! તેં તહજ્જુદની નમાઝ છોડી આપી એના કારણે તું દર્દમાં સપડાયેલ છે !

(અહીં મુસીબતમાં સપડાયેલા વિચારે કે જ્યારે તહજ્જુદના આદી તેને છોડે તો આ મુસીબત આવી શકે છે તો જેઓ ફર્ઝો પણ છોડે છે અને ગુનાહો પણ કરે છે તે ક્યા મોઢે શિકાયત કરી શકે કે અમારા પર મુસીબતો શાથી આવી ? જવાબ એ જ છે કે એ તમારા હાથોની કમાઈ છે ! – *અનુવાદક*)

## ઘરમાં શૈતાન નથી આવતો

**لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ "લા હૌલ વલા કુવ્વત ઈલ્લાહ બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ."** ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ મોઈનુદ્દીન હસન સંજરી قدس سرہના અવરાદમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે લખેલું જાયું છે કે જે શખ્સ સૂરએ બક઼રહની દસ આયતો એ ક્રમથી પઢે કે ચાર આયતો આયતુલ કુર્સીથી પહેલાંની અને ચાર બાદની અને બે સૂરએ બક઼રહની છેલ્લી પઢે તો એ ઘરમાં સાંજ સુધી શૈતાન નથી આવતો.

## ગરીબી દૂર કરવાનો ઈલાજ

ફર્માવ્યું કે ગરીબીમાં સપડાય તે **لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ "લા હૌલ વલા કુવ્વત ઈલ્લાહ બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ."** પુષ્કળ પઢે. પછી ફર્માવ્યું કે એકવાર શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી قدس سرہ ની ખિદમતમાં હાજર હતો. એક શખ્સે આવીને સલામ કરી. હુકમ થયો બેસી જા. બેસી ગયો. અર્ઝ કરી કે રોજીમાં તંગી છે. આપે તરત જ હુકમ ફર્માવ્યો કે શું તું لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ નથી પઢતો ?! અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, પયગંબરે ખુદા ﷺએ ફર્માવ્યું : જે શખ્સ આ કલેમાને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે છે તેને અલ્લાહ તઆલા મુફલીસીની તકલીફથી બચાવીને રાખે છે.


## 'અલ-અશરફ નૂરાની કેલેન્ડર' ૨૦૧૮

★ ૧૮" × ૨૩" સાઈઝના ડબલ ગ્લેઝ આર્ટ પેપર પર મલ્ટીકલર પ્રિન્ટીંગ ★ ૧૨ મહિનાના ઉર્સ–સંદલની યાદી ★ બોધદાયક, ગાગરમાં સાગર સમાન ઈસ્લામી લેખો ★ દેશ–વિદેશના મુક઼દ્દસ આસ્તાનાઓની રંગીન તસ્વીરો ★ નઅત શરીફ, મનક઼બત, દુરૂદ શરીફ ★ ઈસ્લામી વેબસાઈટસ વિશે માહિતી, ★ ઈસ્લામી નવા વર્ષની પેશનગોઈ અને બીજુ ઘણુ બધુ.....

ટપાલથી મંગાવનારે પ્રકાશકના નીચેના સરનામે **રૂા. ૪૦/–**નો મનીઓર્ડર કરવો.

**મોહદ્દિસે આઝમ મિશન ગુજરાત પ્રદેશ (મિરઝાપૂર બ્રાન્ચ)**
૧૫, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિરઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧. ટેલિફેક્ષ : ૦૭૯ ૨૫૫૦૦૯૪૭

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## પતિ–પત્નીના હક્કોનું બયાન

પતિ–પત્નીમાં નાઈત્તેફાકી અને ઝઘડાનું મૂળ કારણ એક બીજાના હક્ક ન અદા કરવા એ છે. કુર્આન મજીદમાં જે રીતે એ પ્રમાણેનો હુકમ છે કે : اَلرِّجَالُ قَوَّامُوْنَ عَلَى النِّسَاءِ જેનાથી મરદોની મોટાઈ જાહેર થાય છે. એ જ પ્રમાણે એમ પણ ફર્માવ્યું છે કે : عَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ જેનો સ્પષ્ટ અર્થ એ છે કે ઓરતો સાથે સારો વર્તાવ કરો (હળી મળીને જિંદગી પસાર કરો), પરિણામે જો એકબીજાના હક્ક પૂરેપૂરા અદા કરવામાં આવે તો દીન દુનિયાની તમામ ખરાબીઓ અને પરસ્પરના ઝઘડા ફસાદથી બચી જવાય અને જિંદગી આરામથી ગુજરે. અત્રે થોડીક હદીષો લખી છે જેનાથી દરેકના હક્કોની જાણકારી મળી રહેશે.

### ★ મર્દનો ઔરત પર હક્ક ★

હઝરત રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જો હું ખુદા સિવાય બીજા કોઈને સિજદો કરવાનું ફર્માવત તો ઓરતને હુકમ આપત કે તે પોતાના પતિને સિજદો કરે. ખુદાની કસમ ! ઓરતના પોતાના રબના હક્ક ત્યાં સુધી અદા નહીં થાય જ્યાં સુધી તે પોતાના પતિના તમામ હક્ક અદા નહીં કરે. *(અહમદ વ ઈબ્ને માજહ્ વગેરે)*

અને ફર્માવ્યું કે : શોહરે પોતાની પત્નીને બોલાવી અને પત્નીએ ઈન્કાર કર્યો, પરિણામે પતિએ ગુસ્સામાં આખી રાત પસાર કરી તો સવાર થતા સુધી તે ઓરત પર ફરિશ્તાઓ લાનત કરતા રહેશે. અને બીજી રિવાયતમાં છે કે જ્યાં સુધી પતિ તેનાથી રાજી ન થાય ત્યાં સુધી અલ્લાહ તઆલા તેનાથી નારાજ રહે છે. *(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે પતિનો હક્ક પત્ની પર એ છે કે પોતાના નફસને તેનાથી ન રોકે અને ફર્ઝ (રોઝા) સિવાય બીજા કોઈ દિવસે એની (શોહરની) રજા સિવાય રોઝો ન રાખે અને જો રોઝો રાખી લીધો (રજા વગર) તો ગુનેહગાર થશે. પતિની રજા વગરનો ઓરતનો કોઈ પણ અમલ કબૂલ થશે નહીં અને જો રજા વગર અમલ કર્યો તો પતિને ષવાબ મળશે અને ઓરત પર ગુનોહ લાગુ પડશે. રજા વગર પોતાના ઘેરથી ન નીકળે (બહાર ન જાય) અને જો એમ કર્યું એટલે કે રજા વગર બહાર જશે તો જ્યાં સુધી તૌબા ન કરે ત્યાં સુધી અલ્લાહ અને એના ફરિશ્તાઓ તેના પર લા'નત કરતા રહેશે. અર્ઝ કરવામાં આવી કે પતિ જાલિમ હોય તો પણ ? ફર્માવ્યું કે ચાહે જાલિમ હોય તો પણ રજા વગર બહાર જઈ શકશે નહીં. *(અબૂ દાઊદ વ ઈબ્ને અસાકિર)* અને ફર્માવ્યું કે **ઓરત એવી હાલતમાં મૃત્યુ પામી કે તેનાથી પતિ રાજી હતો તો તે જન્નતમાં દાખલ થશે.** *(તિર્મિઝી)*

**મસ્અલા** : દરેક મુબાહ ચીજ જેનાથી પતિ મના (રોકે) કરે ઓરત પર એનું માનવુ (હુકમ માનવો) વાજિબ છે. *(હિંદિયા, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : પતિ (ઓરતને) શણગાર કરવાનું કહે અને ન કરે અથવા પોતાની પાસે બોલાવે અને ન જાય તો એવી હાલતમાં ઓરતને મારવાનો પણ હક્ક છે અને જો નમાઝ ન પઢતી હોય તો તલાક દેવી જાઈઝ છે ભલે મહેર દેવાની પણ તાકાત ન હોય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને મસ્અલો પૂછવાની જરૂરત ઊભી થઈ હોય તો જો પતિ આલિમ (જાણકાર) હોય તો તેનાથી પૂછી લે અને જો જાણકાર ન હોય તો તેને પૂછી લાવવા કહેવું. ઓરતને જાતે આલિમને ત્યાં જવાની ઈજાઝત નથી. આવી હાલતમાં (પતિ ન હોય તો) જઈ શકે છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતનો બાપ લંગડો (હરી ફરી ન શકતો હોય) છે અને એની દેખભાળ કરનાર કોઈ નથી તો ઓરત એની ખિદમત (સેવા ચાકરી) કરવા જઈ શકે છે ભલે એનો શોહર મના કરતો હોય પણ (જઈ શકે છે). *(હિંદીયા, બહાર)*

## ★ પત્નીના હક્ક઼ પતિ પર ★

મહેર, રોટી, કપડાં અને બીજી જરૂરી વાતો ઉપરાંત પત્નીઓ સાથે સારી રીતે વર્તન કરવાની જવાબદારી પતિઓ પર છે. નાની નાની વાતમાં મારપીટ કરવી, ગાળો આપવી, ગુસ્સો કરવો, નાહક્ક઼ની સખ્તી કરવી મના છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારામાં સારા માણસો તે છે જેઓ પોતાની ઔરતો સાથે સારો વહેવાર રાખે છે (સારી રીતે વર્તે છે). અને ફર્માવ્યું કે મુસલમાન મો'મિન ઓરત પ્રત્યે નફરત (કીનો) ન રાખવો. જો એની કોઈ એક આદત ખરાબ માલૂમ પડતી હોય તો બીજી (આદત) સારી પણ હશે. અર્થાત એની તમામ આદતો ખરાબ નહીં હોય. જ્યારે સારી અને ખરાબ બન્ને પ્રકારની આદતો હોય તો મરદે ખરાબ આદતને જોયા ન કરવી જોઈએ. બલ્કે બુરી આદતને નઝર અંદાઝ કરવી જોઈએ અને સારી આદતને નજર સામે રાખવી જોઈએ. *(મુસ્લિમ, મિર્ક઼ાત વગેરે)* અને ફર્માવ્યું કે જેવી રીતે ગુલામને માર મારવામાં આવે છે તે રીતે કોઈ પણ માણસે પોતાની ઓરતને મારવી નહીં. પછી બીજી વેળા એનાથી હમબિસ્તરી કરશે. (એક વખત માર માર્યા બાદ બીજી વેળા તેની સાથે હમબિસ્તરી કરશે).

## શાદીના રીત રિવાજ

શાદીમાં અનેક પ્રકારના રીત રિવાજો જોવા મળે છે. દરેક દેશમાં નવા તરીક઼ા દરેક કૌમમાં ખાનદાની અલગ રિવાજ. જે રીત રિવાજ આપણા મુલ્કમાં થાય છે તેમાંના થોડાકનું વર્ણન કર્યું છે. રસ્મની બુનિયાદ વહેવાર અને રિવાજ પર રહેલી છે. કોઈ એવું સમજતું નથી કે એ શરીઅતની રૂએ વાજિબ કે સુન્નત કે મુસ્તહબ છે. એટલા માટે જ્યાં સુધી જે રિવાજની શરીઅતની રૂએ મના ન કરવામાં આવી હોય ત્યાં સુધી તેને હરામ કે નાજાઈઝ કહી શકતા નથી. ખેંચી તાણીને નાજાઈઝ ગણવો વધારે પડતું ગણાશે. પરંતુ જરૂરી એ છે કે રિવાજોની પાબંદી એટલી હદ સુધી જ કરી શકશે કે કોઈ હરામ કાર્યમાં ફસાઈ ન જવાય (શરીઅતમાં મના કરેલ હરામ કાર્યો ગણાતા હોય એવા રિવાજ અમલમાં લાવી શકાશે નહીં). કેટલાક લોકો રિવાજોના એટલા બધા પાબંદ હોય છે કે ભલે એમાં નાજાઈઝ કરવું પડતું હોય તો તે કરશે પણ રિવાજ તૂટવો ન જોઈએ! જેમ કે છોકરી જુવાન થઈ હોય અને રીત રિવાજો અદા કરવા માટેના પૈસા નહીં હોય તો તે એવું નહીં કરે કે ભલે રિવાજો છોડી દઈએ અને છોકરીના નિકાહ કરાવી દઈએ કે જેથી માથા પરનો બોજ ઉતરી જાય અને બેઆબરૂ બનવાનો ભય પણ દૂર થાય. બલ્કે રીત રિવાજ પૂરા કરવા માટે ભીખ માગવાના અવનવા વિચારો કરશે એવા ખ્યાલથી કે ગમે ત્યાંથી પણ પૈસા મળી જાય અને શાદી કરાવી દઈએ અને એમાં વર્ષો વીતાવી દે છે. પરિણામે અનેક ખરાબીઓ પેદા થાય છે. કેટલાક

લોકો કર્ઝ લઈને રિવાજો અદા કરે છે પણ એવું વિચારતા નથી કે જે રીતે વ્યાજ લેવું હરામ છે એ રીતે વ્યાજ આપવું પણ હરામ છે. હદીષમાં બન્ને પર લા'નત આવેલ છે. અલ્લાહ અને એના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની લઅનતના હક્કદાર બનશે પણ રિવાજોને છોડવાનું પસંદ નહીં કરે. થોડી ઘણી જમીન હોય તે વ્યાજના દેવામાં જતી રહે, ખાવા પીવાનું ઠેકાણું ન રહે અથવા ફુઝૂલ ખર્ચાઓને કારણે મુસલમાનોની સંપત્તિ તબાહ થઈ ગઈ. એટલા માટે દીન દુનિયાનો આરામ એમાં જ છે કે ફુઝૂલ ખર્ચીથી બચો.

ખાસ કરીને જાહિલોમાં એવો રિવાજ છે કે મહોલ્લાની તેમજ રિશ્તેદારીની ઓરતો ભેગી મળી ઢોલ વગાડે છે, ગાય છે એ **હરામ** છે કેમ કે પ્રથમ **ઢોલ વગાવડવું જ હરામ** છે પછી ઔરતોનું ભેગા મળી ગાવું તો એનાથી વધીને થયું. ઔરતોનો અવાજ નામહરમો સુધી પહોંચે અને તે પણ ઈશ્કો–મહોબ્બતના ગીતોનો ! જે ઓરતો પોતાના ઘરમાં જોરથી વાત કરવી પસંદ નથી કરતી અને ઘરની બહાર અવાજ જવાને બુરું સમજતી હોય તેઓ પણ આમાં (ભેગી મળી ગાવામાં) સામેલ થઈ જાય છે. જાણે કે ગીત ગાવું એમની નજીક કોઈ એબ ગણાતુ નથી ! ભલે ગમે તેટલે દૂર સુધી અવાજ પહોંચે એમને કોઈ વાંધો દેખાતો નથી. ગીતો ગાવામાં જુવાન કુંવારી છોકરીઓ પણ હોય છે એમનું આવાં ગીત ગાવા કે સાંભળવાથી જરૂર તેમના દિલમાં બુરા વિચારો પેદા થશે, ખોટી વૃત્તિઓ જોશ પેદા કરશે અને અખ્લાક તથા શરાફત પર એની ખરાબ અસર પડશે. આ વાતો એવી નથી કે એને સમજાવવાની જરૂરત હોય. આજે ઓરતો અને મર્દો બદચલન થઈ જવાનું સૌથી મોટું કારણ પ્રેમ કહાનીઓ વાંચવી એ છે. જેમ કે નોવેલ, વાર્તાઓ યા ઈશ્કો મહોબ્બતના ખેલ તમાશા જોવા એ છે. (જેમ કે થિએટર, સિનેમા). એમાં રાત્રી જાગરણ પણ છે કે આખી રાત ગાય છે, ગુલગુલે પકાવે છે અને સવારમાં તાક ભરવા મસ્જિદમાં જાય છે ! આમાં ઘણી ખરાબીઓ સામેલ હોય છે. ન્યાઝ ઘરમાં પણ થઈ શકે છે અને ગુલગુલા સિવાયના ખાણા પર પણ થઈ શકે છે. અને જો મસ્જિદમાં લઈ જવું જરૂરી હોય તો મરદ લઈને જઈ શકે છે, ઓરતોએ જવાની શી જરૂર ? અને જો એ રિવાજ અદા કરવામાં ઓરત હોવી જરૂરી હોય તો બધા જમેલાની શી જરૂર ? જુવાનો અને કુંવારી છોકરીઓનું શરીક થવું અને નામહરમની સામે જવું એ કેટલી હદની બેવકૂફી છે. કેટલીક જગ્યાએ એવું પણ જોવામાં આવ્યું કે એ રિવાજ અદા કરવા માટે ઔરતો ગીતો ગાતી બજાવતી સાથે હાથમાં થાળ લઈને મસ્જિદ સુધી ચાલતી જાય છે. આ બધું નાજાઈઝ છે. જ્યારે કે સવાર થઈ જ ગઈ છે તો પણ દીવાની શું જરૂર છે ? અને જો દીવાની જરૂર જ હોય તો કેરોસીન પૂરતું છે. લોટનો દીવો બનાવવો અને તેમાં તેલની જગ્યાએ ઘી બાળવું ફુઝૂલ ખર્ચી છે. દુલ્હા દુલ્હનને પીઠી લગાડવી જાઈઝ છે એમાં કોઈ વાંધો નથી. *[**ચેતવણી** : એ કે આજકાલ જે રિવાજ છે કે ભાભીઓ દિયરને પીઠી લગાડે છે, મજાક મસ્તી થાય છે, તો એ **હરામ** છે. પીઠીથી કેવળ કપડાને રંગે અથવા લગાડનાર પુરૂષ કે નામહરમ સ્ત્રી જ હોય. છોકરીને પણ બેહયા પ્રકારની સ્ત્રીઓ ન લગાડે. –પ્રકાશક]* દુલ્હાને મ્હેંદી લગાડવી નાજાઈઝ છે. કંગન બાંધવું પણ મના છે. ડાલબરી (પહેરામણી)નો રિવાજ અદા કરવામાં જે કપડાં મોકલવામાં આવે છે તે જાઈઝ છે. દુલ્હાએ રેશમી કપડાં પહેરવાં હરામ છે. એ રીતે ચકચકિત

વધુ પેજ 11 પર..

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

**હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી**

**અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)**

## અદાવત તથા કીનાનું મેડિકલ રીતે નુકસાન

દક્ષિણ કેરોલીનાની ડયૂક યુનિવર્સિટીના તે ૩૩૫ હૃદયના નિષ્ણાતો જેમણે ૨૫ વરસ પહેલાં મેડિકલના વિદ્યાર્થીઓની હૈસિયતથી જે મેડિકલ ટેસ્ટ લીધા હતા, તેમણે સંશોધન કર્યું કે બુગ્ઝ તથા અદાવત રાખનારા લોકોમાંથી ૩%નું મૌત થયું. આ તે લોકો હતા જેમનામાં આ ભાવના અન્ય લોકો કરતાં ૫૦% ઓછી હતી, જ્યારે કે અન્ય સબબો ઉપરાંત આવી સખત ભાવના ધરાવનારાઓમાં મૌતની માત્રા ૧૫% નોંધવામાં આવી. આ યુનિવર્સિટીના મેડિકલ સેન્ટરમાં થનારી સાત વર્ષિય તેહકીકના પ્રમાણે અને કીનો રાખનારાઓની મૌત નાની શુદ્ધ લોહીવાળી નસો (શિરયાન)ની ખરાબીના કારણે અસ્તિત્વમાં આવી. એમાં મૌતના અન્ય સબબો સામેલ નથી.

જો કે ડો. વિલ્યમ્સ, બુગ્ઝ તથા કીનાના કારણે મૃત્યુઓની સહીહ માત્રા કાઢવાથી આજિઝ છે. તેમજ એમના પ્રમાણે એમાં અન્ય લોકો પર અવિશ્વાસ, ગુસ્સો, મામૂલી વાતો પર ગુસ્સે થઈ જવું અને વાત વાત પર ભવાં ચડાવવાં જેવી આદતોની મોટી દખલ છે. એવા લોકો જ્યારે પણ એ કૈફિયતોમાં સપડાય છે ત્યારે તેમના દિલની બીમારીઓમાં સપડાવાની શક્યતાઓ પણ વધી જાય છે. તેમનામાં હાર્મોની સંતુલન ઝડપથી બગડવા લાગે છે. જ્યારે કે ગૃપ "**B**"થી સંબંધ ધરાવનારા લોકોમાં આ વાત નથી હોતી. અધિક સંશોધન તથા ચોક્કસ પરિણામોના નિર્દેશ સુધી નિષ્ણાતોના મશ્વરા પ્રમાણે એ જ યોગ્ય છે કે દિલની બીમારીઓની તદબીરોમાં બચાવની સાથે પોતાને ગમે તે રીતે હસદ, દુશ્મની તથા ગુસ્સા જેવી નકારાત્મક તથા નુકસાનકર્તા આદતોથી દૂર રાખવામાં આવે.

*(સાઈકોલોજી ઈન મેડિકલ, સુન્નતે નબવી ઔર સાયન્સ)*

## જાલિમનો ઈબ્રતનાક અંજામ

જુલ્મનો મતલબ નાજાઈઝ સખ્તી કરવી. ઈસ્લામે ખુદાની મખ્લૂકની સાથે જુલ્મના બદલે રહમનો દર્સ આપ્યો છે. જાલિમ બીજા પર વિના કારણે સખ્તી કરે છે અને તેનો હક્ક મારે છે એટલા માટે એનાથી મના કરવામાં આવ્યું છે અને તેને ગુનાહે કબીરા ઠરાવવામાં આવેલ છે. કેમ કે અલ્લાહ તઆલા જુલ્મ કરનારાઓને તદ્દન પસંદ નથી કરતો અને ન તો જાલિમોને નજાત આપશે. કયામતના દિવસે જાલિમોનો ન કોઈ દોસ્ત હશે ન તો મદદગાર હશે.

સાબિરોને અજમાવવાના માટે અલ્લાહ તઆલા જાલિમોને ઢીલ આપી દે છે, પણ જ્યારે કોઈનો જુલ્મ હદથી વધી જાય છે તો અલ્લાહ ﷻ તેને તુરત જ પોતાની પકડમાં લઈ લે છે. એટલે કે જુલ્મ કરનારાની દુનિયામાં પણ બર્બાદી છે અને આખેરતમાં પણ એમના માટે દર્દનાક અઝાબ છે. એટલા માટે જુર્મથી દરેક શક્ય રીતે બચવાની કોશિશ કરવી જોઈએ. જુલ્મની બુરાઈના સંબંધમાં સરકાર ﷺના આદેશો વાંચો.

હુઝૂર તાજદારે મદીનાﷺએ ફર્માવ્યું કે તમે લોકો જુલ્મ કરવાથી બચો કેમ કે જુલ્મ કયામતના દિવસે અંધારામાં રહેવાનો સબબ છે અને કંજૂસાઈથી પણ બચતા રહો, એટલા માટે કે કંજૂસપણાએ તમારા અગાઉના લોકોને બર્બાદ કરી નાખ્યા છે અને તેમની કંજૂસાઈએ જ તેમને એ વાત માટે ઉશ્કેર્યા હતા કે તેમણે પોતાનાં લોહીઓને વહાવ્યાં અને હરામ ચીજો હલાલ ઠરાવી. *(મિશ્કાત બહવાલા મુસ્લિમ)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે, "જે શખ્સ કોઈ મુકદમામાં કોઈ જાલિમની મદદ કરે તો તે હમેશાં અલ્લાહ તઆલાના ગઝબમાં રહેશે, ત્યાં સુધી કે એનાથી અલગ થઈ જાય." *(કન્ઝુલ ઉમ્માલ)*

## ★ ચકલી તથા જાનદાર પર જુલ્મનો અંજામ ! ★

સરકારે મદીનાﷺએ ફર્માવ્યું કે કોઈના માટે હલાલ નથી કે હક્ક વિના જાનદારને તકલીફ પહોંચાડે ભલે ચકલી કેમ ન હોય. જ્યારે ઈન્સાન ચકલી સાથે છેડછાડ કરે, ત્યાં સુધી કે તે મરી જાય, અને તેને હાજત વિના ઝબહ કરે તો તે ચકલી કયામતના દિવસે એ હાલમાં આવશે કે દિલો ફાડી નાખનાર કડાકા જેવો તેનો અવાજ હશે. તે કહેશે, હે અલ્લાહ ! جل جلالہ હું સવાલ કરું છું કે એણે વિના જરૂરત મને શા માટે તકલીફ પહોંચાડી અને શા માટે મને મારી નાખી ? અલ્લાહ તઆલા ફર્માવશે, મને કસમ છે મારી ઈજ્જત તથા જલાલની ! હું તારો હક્ક જરૂર અપાવીશ, હું જરૂર એ શખ્સને અઝાબ આપીશ જેણે હક્ક વિના કોઈ જાનને તકલીફ આપી, નહીં તો હું ખુદ જાલિમ ઠરીશ જ્યારે કે જાલિમથી મઝલૂમને પૂરેપૂરો હક્ક ન અપાવું. ત્યાર બાદ અલ્લાહ તઆલા ફર્માવશે, હું મલિકુદયાન છું, હું આજના દિવસે કોઈના પર જુલ્મ કરીશ નહીં. કસમ છે મને મારી ઈજ્જત તથા જલાલની હું જુલ્મનો બદલો જરૂર લઈશ !

૦૧. જો કોઈએ કોઈને તમાચો માર્યો અથવા હાથ મરોડયો, હું તેને આગની સીંગો વડે જરૂર ઘાયલ કરીશ. જો કોઈએ કોઈને લાકડી ચુભાવી (ખોસી) તો હું તેને લાકડીની સૂળી પર ચઢાવી દઈશ.

૦૨. જો કોઈને પથ્થરથી ઝખ્મી કર્યો છે તો હું તેને પથ્થરની સૂળી આપીશ અને તે જન્નતમાં દાખલ થશે નહીં. જેના પર મઝલૂમનો હક્ક છે જ્યાં સુધી પોતાની નેકીઓથી તેનો હક્ક અદા ન કરી આપે, અને જો તેની નેકીઓ ન હોય તો તે મઝલૂમના ગુનાહોનો બોજ ઉઠાવશે અને જહન્નમમાં જશે. *(કુર્રતુલ ઓયૂન)*

## ★ મુફલિસ કોણ ? ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમે જાણો છો કે મુફલિસ કોણ છે ? અર્ઝ કરી કે જેની પાસે દિરહમ તથા દીનાર અને માલ મત્તા (સંપત્તિ) ન હોય. ફર્માવ્યું કે **મારી ઉમ્મતમાંથી મુફલિસ તે છે જે કયામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાતની સાથે આવશે, પરંતુ દુનિયામાં તેણે કોઈને ગાળ આપી હશે, કોઈના પર આક્ષેપ લગાડયો હશે, કોઈનો માલ ખાધો હશે, કોઈનુ ખૂન વહાવ્યું હશે, કોઈને માર્યો હશે, તેની સર્વ નેકીઓ તે મઝલૂમોને આપી દેવામાં આવશે. જો તેની નેકીઓ સર્વના હક્કો પૂર્ણ થતા પહેલાં ખત્મ થઈ ગઈ તો બાકી લોકોના ગુનાહ તેના માથા પર નાખી દેવામાં આવશે, પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.**

અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી

રિવાયત છે કે સરકારે મદીના علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે તમે પોતે પોતાને મઝલૂમની બદ્દુઆથી બચાવો! એટલા માટે કે તે અલ્લાહ તઆલાથી પોતાના હક્કનો સવાલ કરશે. અલ્લાહ તઆલા કોઈ હક્કવાળાના હક્કને રોકતો નથી. *(મિશ્કાત)*

### ★ કોઈની જમીન પર નાજાઈઝ કબજો કરવાની સજા ! ★

હઝરત યઅલા બિન મર્રા رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈએ કોઈ અન્યની એક વેંત જમીન જુલ્મથી દબાવી લીધી તો એ જમીન કયામતના દિવસે તેના ગળામાં તોક (હાર) બનાવીને રાખી દેવામાં આવશે. અને આ એક વેંતની માત્રા પણ સાતેવ જમીનની ગહરાઈ (પાતળ) સુધીનો પૂરો હિસ્સો તોક બનાવવામાં આવશે અને હડપ કરનારની ગરદનમાં તે તોક પહેરાવવામાં આવશે. *(બુખારી તથા મુસ્લિમ)*

મતલબ એ કે તેને મજબૂર કરવામાં આવશે કે એ વજનને ઉઠાવે અથવા એ આદમીને જમીનમાં ધસાવી દેવામાં આવશે અને ગરદન સુધી ધસ્યા બાદ તે જમીન આપોઆપ તોકની જેમ ગરદનમાં આવી જશે.

### ★ જાદૂની બુરાઈ ★

ઈસ્લામમાં જાદૂ હરામ તથા કબીરા ગુનોહ છે કેમ કે જાદૂમાં શૈતાની શક્તિ વડે એવાં કામ કરાવવામાં આવે છે જે શરીઅત વિરુદ્ધ હોય છે, જેનાથી ઈસ્લામનું અદ્લનું બંધારણ અસંતુલિત થઈ જાય છે. જાદૂના થકી એવા લોકોનું બુરુ ચાહવામાં આવે છે જેમને ખબર સુદ્ધાં નથી હોતી પરંતુ સિફલી શક્તિ વડે તેમને નુકસાન પહોંચાડવામાં આવે છે, જે સરાસર જુલ્મ તથા ઝયાદતી છે, એટલા માટે ઈસ્લામ જાદૂનો સખત વિરોધી છે.

જેથી જે લોકો જાદૂ કરે છે અને જેઓ કરાવે છે અને ખૂદ શીખે તથા શીખવાડે છે તેઓ ગુનેહગાર તથા મુજરિમ છે. એનાથી ઈન્સાનનો દીન તથા દુનિયા બંનેવ તબાહ થઈ જાય છે. જેથી જે લોકો આ બુરા કાર્યમાં પડેલા છે તેમણે પ્રથમ ફુરસદમાં એનાથી તૌબા કરી લેવી જોઈએ.

તિબ્રાની શરીફની હદીષ છે : જેણે ગાંઠમાં ફૂંક મારી તેણે જાદૂ કર્યો અને જેણે જાદૂ કર્યો તે શિર્કમાં સપડાયો.

આગળ ફર્માવ્યું, તે શખ્સ અમારામાંથી નથી જે બુરુ ગુમાન (અપશુકન) લે અથવા એના માટે અપ સુકન લેવામાં આવે અથવા જેના માટે કહાન (જ્યોતિષ વિદ્યા) કરવામાં આવે અથવા જે જાદૂ કરે અથવા કરાવે. *(બઝ્ઝાર)*

જન્નતમાં શરાબી દાખલ થશે નહીં અને ન જાદૂ પર એ'તેકાદ (યકીન) રાખનારો અને સગાઈ કટ કરનારો. *(ઈબ્ને હબ્બાન)*

ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે જે શખ્સે જ્યોતિષ કે જાદૂગર કે કાહિનની પાસે જઈને સવાલો કર્યા અને તેની વાતોને સાચી માની, તેણે મુહમ્મદ ﷺ પર નાઝિલ થયેલા સાથે કુફ્ર કર્યું. *(બઝ્ઝાર)*

ઈસ્લામે જે રીતે નજૂમી (જ્યોતિષ)ની પાસે ગયબ તથા રાઝની વાતો માલૂમ કરવાની ગરજથી જવું હરામ ઠરાવ્યું છે એવી જ રીતે જાદૂ શીખવા તથા જાદૂગરોની પાસે કોઈ બીમારીના ઈલાજ માટે અથવા કોઈ મુશ્કેલીને હલ કરાવવા જવું પણ હરામ ઠરાવ્યું છે.

તેમજ જાદૂ પર યકીન રાખનારા, તેને પ્રોત્સાહિત કરનારા અને જાદૂગરની વાતોને સહીહ સમજનારા પણ સામેલ છે, અને આ બુરાઈ એ સ્થિતિમાં અધિક વધી જાય છે જ્યારે જાદૂનો ઉપયોગ એવા હેતુઓ માટે જે જાતે પોતે હરામ છે, દા.ત. પતિ પત્ની વચ્ચે જુદાઈ પેદા કરવી, કોઈને શારીરિક નુકસાન પહોંચાડવુ... વગેરેના માટે હોય.

તઝકેરતુલ અવલિયા હપ્તો ૧૦

# હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* // **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ** : આપ સિદ્દ્કો સફા (સચ્ચાઈ તથા પાકીઝગી) પર કાર્યરત, સાહિબે યકીન તથા ગોશાનશીન બુઝુર્ગોમાંથી થયા છે અને રિયાઝત તથા કરામત અંદાઝા બહારની છે. પ્રારંભિક દૌરમાં આપ ઘણા જ અમીર હતા અને બસરાવાળાઓને વ્યાજે કરજ આપતા રહેતા હતા. અને જ્યારે કરજદાર પર તકાદો કરવા જતા તો ત્યાં સુધી પરત ન થતા જ્યાં સુધી કરજ વસૂલ ન થઈ જતુ. અને જો કોઈ મજબૂરીથી કરજ વસૂલ ન થતુ તો પોતાનો સમય વેડફાવાનો બદલો વસૂલ કરતા અને એ રકમથી જિંદગી પસાર કરતા.

**આપની તૌબાનો સબબ** : એક દિવસે આપ કોઈને ત્યાં વસૂલાત માટે પહોંચ્યા તો તે કરજદાર ઘર પર હાજર ન હતો. તેની પત્નીએ કહ્યું કે ન તો મારા પતિ ઘરે હાજર છે અને ન મારી પાસે તમને આપવા માટે કોઈ ચીજ છે. અલ્બત્ત મેં આજે એક બકરી ઝબહ કરી હતી જેનો સર્વ ગોશ્ત ખત્મ થઈ ચૂક્યો કેવળ માથુ રહી ગયું છે તેને જો તમે ચાહો તો આપી શકુ છું. જેથી આપે તેનાથી માથુ લઈને ઘરે પહોંચ્યા અને પત્નીને કહ્યું કે આ માથુ વ્યાજમાં લીધેલ છે એને પકાવી કાઢો. પત્નીએ કહ્યું, ઘરમાં ન લાકડી છે ન આટો તો હું ખાવા કેવી રીતે તૈયાર કરીશ ! આપે કહ્યું કે હું એ બંનેવ ચીજોની વ્યવસ્થા કરજદારો પાસેથી વ્યાજ લઈને કરું છું. અને વ્યાજથી એ બંનેવ ચીજો ખરીદીને લાવ્યા. પરંતું જ્યારે ખાણુ તૈયાર થઈ ચૂક્યું તો એક સાઈલે આવીને સવાલ કર્યો. આપે કહ્યું કે તને આપવા માટે અમારી પાસે કાંઈ નથી, કેમ કે જો તને કાંઈ આપી પણ દઈએ તો એનાથી તું માલદાર નહીં થઈ જાય પરંતું અમે ગરીબ થઈ જાશું. સાઈલ જ્યારે નિરાશ થઈને ચાલ્યો ગયો તો પત્નીએ સાલન (શાક) કાઢવા ચાહ્યું પણ વાસણ સાલનને બદલે લોહીથી લબરેઝ હતું. પત્નીએ તેમને બૂમ પાડીને કહ્યું કે જુઓ તમારી કંજૂસી અને બદબખ્તીથી આ શું થઈ ગયું છે ?! આપને એ જોઈને ઈબ્રત હાંસલ થઈ અને પત્નીને ગવાહ બનાવીને કહ્યું, આજે હું દરેક બુરા કામથી તૌબા કરું છું, અને આવું કહીને કરજદાર લોકો પાસેથી મૂળ રકમ લેવા અને કરજ ખત્મ કરવા નીકળ્યા.

રસ્તામાં બાળકો રમી રહ્યાં હતાં, તેમને જોઈને બાળકોએ બૂમો પાડવાનુ શરૂ કર્યું કે દૂર હટી જાવ ! હબીબ વ્યાજખોર આવી રહ્યો છે. ક્યાંક તેના પગોની ધૂળ આપણા ઉપર ન પડી જાય અને આપણે એના જેવા બદબખ્ત બની જઈએ ! આ સાંભળીને આપ ખૂબ જ રંજમય થયા અને હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા. તેમણે આપને એવી નસીહત કરી કે બેચૈન થઈને ફરીથી તૌબા કરી. અને જ્યારે પરત થતી વેળા એક કરજદાર શખ્સ આપને જોઈને નાસવા લાગ્યો તો ફર્માવ્યું કે તમે મને જોઈને ન નાસો ! હવે તો મારે તમારાથી ભાગવું જોઈએ કે જેથી એક પાપીનો સાયો તમારા પર ન પડે. પછી જ્યારે આપ આગળ વધ્યા તો તે જ છોકરાઓએ કહેવાનું શરૂ કર્યું કે, રસ્તો આપી દો ! હવે હબીબ તૌબા કરીને આવી રહેલ છે. ક્યાંક એવું ન બને કે આપણા પગોની ધૂળ

તેના પર પડી જાય, અને અલ્લાહ તઆલા આપણુ નામ ગુનેહગારોમાં લખી નાખે. આપે બાળકોનું આ કથન સાંભળીને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી, તારી કુદરત પણ અજીબ છે કે આજે જ મેં તૌબા કરી અને આજે જ તેં લોકોની ઝબાનથી મારી નેકનામીનું એલાન કરાવી આપ્યું.

ત્યારબાદ આપે એલાન કરાવી આપ્યું કે જે શખ્સ મારો કરજદાર હોય તે પોતાનું લખાણ તથા માલ પરત લઈ જાય. ઉપરાંત આપે આપની તમામ દૌલત ખુદાની રાહમાં લૂટાવી દીધી. અને જ્યારે કાંઈ બાક઼ી ન રહ્યું તો છેવટે એક સાઈલના સવાલ પર પોતાનો કુર્તો સુધ્ધાં ઉતારીને આપી દીધો. અને બીજા સાઈલના સવાલ પર આપે આપની પત્નીની ચાદર પણ આપી દીધી. ત્યારબાદ બંનેવ પતિ પત્ની અર્ધનગ્ન જેવાં રહી ગયાં.

**ઈબાદત તથા રિયાઝત** : પછી ફુરાત નદીના કિનારે એક ઈબાદતખાનુ બાંધીને ઈબાદતમાં મશગૂલ રહ્યા. અને એ નિયમ બનાવી લીધો હતો કે દિવસના ઈલ્મ પ્રાપ્તિ માટે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચી જતા અને રાતભર ઈબાદતમાં મશગૂલ રહેતા. કેમ કે કુર્આને કરીમનો ઉચ્ચાર પોતાના સહીહ મખરજ (ઉગમ સ્થાન)થી અદા કરી શકતા ન હતા, એટલા માટે આપને અજમીનો લક઼બ આપી દેવામાં આવ્યો.

એકવાર પત્નીએ કહ્યું કે ખાવા પીવા માટે કાંઈ ન કાંઈ કામ કરવું જોઈએ. તો આપ મજૂરી કરવા માટે ઘરની બહાર નીકળ્યા. પરંતું દિવસભર ઈબાદતમાં મશગૂલ રહીને જ્યારે ઘરે પહોંચ્યા તો પત્નીએ સવાલ કર્યો કે શું લાવ્યા છો ?! આપે જવાબ આપ્યો કે જેની મજૂરી કરી છે તે ઘણો જ કરમવાળો છે, અને એના કરમના કારણે મારામાં મજૂરી માગવાની હિંમત ન થઈ શકી. પરંતું તેણે પોતે જ કહી આપ્યું છે કે દસ દિવસ પછી જ્યારે તમને જરૂરત હશે તો પૂરી મજૂરી આપી દઈશ.

પછી જ્યારે દસ દિવસ બાદ આપને ખયાલ આવ્યો કે આજે ઘરે જઈને શું જવાબ આપીશ ! તો એક બાજુ તો પોતાના ખયાલમાં ડૂબીને ચાલ્યા જઈ રહ્યા હતા, અને બીજી તરફ અલ્લાહ તઆલાએ એક કોથળો આટો, એક ઝબહ કરેલ બકરી, ઘી, મધ અને ત્રણસો દિરહમ એક ગયબી શખ્સના થકી આપના ઘરે પહોંચાડી આપ્યા, અને સાથોસાથ એ પૈગામ પણ આપ્યો કે હબીબને કહી દેજો કે પોતાના કામને પ્રગતિ આપે જેના બદલામાં અમે એનાથી પણ વધુ મજૂરી આપી શું. જેથી જ્યારે આપ ઘરના દરવાજે પહોંચ્યા તો ઘરમાંથી ખાવાની ખુશ્બુ આવી રહી હતી. અંદર જઈને પત્નીને પરિસ્થિતિ વિશે પૂછયું તો તેણે પૂરો બનાવ તથા પયગામ આપના સુધી પહોંચાડી આપ્યો. આ સાંભળીને આપને ખયાલ આવ્યો કે જ્યારે કેવળ દસ દિવસની બેધ્યાનપણાની ઈબાદત રિયાઝતનો અલ્લાહ તઆલાએ આ બદલો અતા કર્યો છે તો અધિક દિલ જમાવીને ઈબાદત કરું તો ન જાણે શું ઈનામો હાંસલ થશે. જેથી એ જ દિવસથી દુનિયાને છોડીને એટલા પ્રમાણમાં ઈબાદતમાં ડૂબી ગયા કે મુસ્તજાબુદ્દાઅ્વાતના દરજ્જે પહોંચી ગયા અને આપની દુઆઓથી મખ્લૂક઼ને ઘણો જ ફ઼ાયદો હાંસલ થયો.

**કરામત** : એક સ્ત્રી ફરિયાદ કરતી કરતી આપની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી કે મારો બાળક ગુમ થઈ ગયો છે જેના કારણે હું ઘણી જ બેચેન છું. આપે પૂછયું, તારી પાસે બીજુ શું છે ? તેણીએ કહ્યું કે બે દિરહમ છે. આપે તેણી પાસેથી તે બે દિરહમ લઈને ખૈરાત કરી આપ્યા, અને દુઆ કરીને ફ઼ર્માવ્યું કે જાવ ! તમારો પુત્ર આવી ગયો. જેથી જ્યારે ઘરે પહોંચીને તેણીએ જોયું તો ખરેખર તેનો પુત્ર ઘરે હાજર હતો. તેને ગળે લગાડીને પૂછયું કે તું ક્યાં ચાલ્યો ગયો હતો ? છોકરાએ કહ્યું, હું તો કિરમાનમાં હતો

અને મારા ઉસ્તાદે ગોશ્ત લેવા માટે બજાર મોકલ્યો. રસ્તામાં અચાનક એવી આંધી આવી કે જે મને અહીં સુધી ઉડાડીને લઈ આવી, અને મેં કોઈ કહેવાવાળાને સાંભળ્યો કે, હે હવા ! એને ઘરે પહોંચાડી આપ ! આ એક બનાવથી આપની દુઆઓની બરકતનો અંદાજો કરી શકાય છે. ત્યારબાદ લેખક رحمۃاللہ علیہ ફર્માવે છે કે જો કોઈ એવો સવાલ કરે કે આટલી જલ્દીની સાથે હવાએ કેવી રીતે છોકરાને પહોંચાડી આપ્યો ?! તો એનો જવાબ એ છે કે જ્યારે હઝરત સુલૈમાન علیہ السلامનું તખ્ત એક દિવસમાં એક મહિનાનો ફાસલો પાર પાડી શકે છે, અને બિલ્કીસનો તખ્ત પળવારમાં હઝરત સુલૈમાન علیہ السلام સુધી પહોંચી શકે છે, તો પછી આ બનાવ તો એની સરખામણીમાં કાંઈ જ નથી.

બસરામાં એકવાર સખત દુકાળ પડયો તો આપે કરજ લઈને ગરીબોમાં ખાવા વહેંચ્યું અને એક જોલી તકીયાની નીચે રાખી લીધી. જ્યારે કોઈ કરજ લેનારો આવતો તો એમાંથી કાઢીને આપતા રહેતા હતા.

**તવક્કુલ** : આપનુ મકાન બસરાના ચોરાહા પર હતું અને એક દિવસે આપે કપડાં કાઢીને ચોરાહા પર રાખી દીધાં અને પોતે ક્યાંક નહાવા માટે ચાલ્યા ગયા. સંજોગોવસાત હઝરત હસન બસરી رحمۃاللہ علیہ એ તરફથી પસાર થયા તો આપે એમનો લિબાસ ઓળખીને ખયાલ કર્યો કે આ હબીબ અજમી છોડીને ક્યાંક ચાલ્યા ગયા છે, જો કોઈ ઉઠાવીને ચાલ્યું જશે તો શું થશે ! અને આ ખયાલ હેઠળ આપ કપડાંની હિફાઝતના માટે ત્યાં રોકાયેલા રહ્યા. અને જ્યારે હબીબ અજમી رحمۃاللہ علیہ પાછા આવ્યા તો હઝરત હસન બસરી رحمۃاللہ علیہને પૂછયું કે તમો શા માટે અહીં ઉભા છો ? તેમણે ફર્માવ્યું કે તમે તમારો લિબાસ કોના ભરોસે છોડીને ચાલ્યા ગયા ? જો કોઈ લઈ જાત તો શું થાત ? તેમણે કહ્યું કે એના ભરોસા પર છોડીને ગયો હતો જેણે હિફાઝતના માટે આપને અહીં સુધી પહોંચાડી આપ્યા.

નકલ છે કે હઝરત હસન બસરી رحمۃاللہ علیہ એકવાર હબીબ અજમી رحمۃاللہ علیہની પાસે તશરીફ લઈ ગયા તો એ વખતે એમને ત્યાં જવની એક રોટી તથા થોડુક નમક મૌજૂદ હતું તેને આજીજી રૂપે આપની સામે રાખી દીધું. અને જ્યારે એમણે ખાવાનુ શરૂ કરી આપ્યું તો એક સાઈલ આવી પહોંચ્યો. તો હઝરત હબીબ અજમી رحمۃاللہ علیہએ રોટી આપની સામેથી ઉઠાવીને ફકીરને આપી દીધી. એના પર હઝરત હસન બસરી رحمۃاللہ علیہએ ફર્માવ્યું કે તમારામાં માણસાઈ તો જરૂર છે પરંતું ઈલ્મ નથી. શું તમને એ ખબર નથી કે મહેમાનની સામેથી આ રીતે પૂરી રોટી ઉઠાવીને ન આપવી જોઈએ, બલ્કે એક ટુકડો તોડીને આપી દેત. આ સાંભળીને તે ખામોશ રહ્યા. પરંતુ થોડીક જ વાર પછી એક ગુલામ માથા પર નેઅમતોનો થાળ રાખીને હાજર થયો જેમાં વિવિધ પ્રકારનાં ઉમદા ખાણાં મૌજૂદ હતાં, અને તેની સાથે ૫૦૦ દિરહમ પણ હતા. આપે તે દિરહમ તો ગરીબોમાં વહેંચી કાઢયા અને ખાણુ હઝરત હસન બસરી رحمۃاللہ علیہની સામે રાખીને પોતે પણ ખાવા બેસી ગયા. અને ખાણાથી ફરાગત પછી હઝરત હસન બસરી رحمۃاللہ علیہને ફર્માવ્યું કે આપની ગણના નેક લોકોમાં તો જરૂર થાય છે, પરંતુ કાશ ! યકીનનો દરજો પણ હાંસલ થાત તો ઘણુ જ બેહતર થાત. .......*(ક્રમશઃ)*

## પારખેતમાં જશ્ને આ'લા હઝરત

**પારખેત** : મુકામે ૨૫ સફર આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા, મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہની યાદમાં મુહમ્મદ ઈમરાનભાઈ નૂરી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–પાલેજ)એ નઅતના ગુલદસ્તા પેશ કર્યા તેમજ હઝરત મૌલાના મુહમ્મદ સોએબ રઝા કાદરી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ડભોઈ) સાહબે શાનદાર તકરીર ફર્માવી હતી.

*–રજૂકર્તા : અઝહરુદ્દીન રોકડ (પારખેત)*

## દીનથી દૂર થઇ રહેલી નવી પેઢીને...

# દીનની તાલીમાતથી સજજ કરવાનો અઝીમુશ્શાન મનસૂબો

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત)

દિન પ્રતિ દિન દીની બેઝારી તથા બેરાહરવીની લહેરે સમાજને પોતાની લપેટમાં લીધેલ છે. જીભ પર દીનની વાતો કયાંક છે પણ તેમ છતાં કિરદાર તથા અમલથી એનો ઈઝહાર મુશ્કેલીથી જોવા મળે છે. ઈલ્લા માશા અલ્લાહ ! આજે આપણી કૌમના બાળકો તથા નવયુવાનોની સ્થિતિ તો ઘણી જ ખરાબ છે. આજે આપણી નવી પેઢી મોટાભાગે અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ભણી રહી છે. અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં તાલીમ હાંસલ કરવાવાળા બાળકોની પાસે એટલો સમય કયાં છે કે તેઓ કુર્આન તથા દીનીયાતની તાલીમથી પોતે પોતાને સજ્જ કરી શકે. અને વળી અફસોસ પર અફસોસ એ છે કે તેમનાં મા બાપોને તેની કોઈ ફિકર જ નથી. ઈલ્લા માશાઅલ્લાહ ! અલ્લાહ પાક તેમને એની તૌફીક આપે કે તેઓ પોતાનાં બાળકોને દીની તાલીમાતથી માહિતગાર કરી શકે. આજે સ્થિતિ એ છે કે જો એ માબાપ પોતાનાં બાળકોને કાંઈક સમય આપે છે તો તે પણ નામ પૂરતો, વધુમાં વધુ અડધો કલાક ! ક્યાંક એવું ન બને કે આવનારા દિવસોમાં મુસલમાનનો બાળક કલ્મએ તૈયેબહ તથા નમાઝ વગેરે દીનની પાયાની વાતોની માલૂમાતથી વંચિત રહી જાય. આપણી સોસાયટીના સૌથી પ્રભાવશાળી તથા માલદાર વર્ગની હાલતો તો એથીય ખરાબ છે. કદાચ આપણે એ વર્ગ તથા તેમની ઔલાદની હાલત નથી જોયી. સાચી વાત એ છે કે દીનથી દૂરીમાં જેવી રીતે તેમની બેહદ લાપરવાહી છે તેવી જ રીતે દીનની દાવત આપનારાઓની પણ ઘણી બધી કમજોરીઓ છે. એના માટે એક સમૃધ્ધ આયોજન કરવાની જરૂરત છે. મારી અપૂર્ણ સમજમાં એના હલાવાથી અમુક તજવીઝો છે, જો એ તજવીઝોને લક્ષમાં લેવામાં આવે અને તેને અમલી સ્વરૂપ આપવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! ઘણુ બધુ કામ થઈ શકે છે, અને પરિસ્થિતિ બદલાય શકે છે.

આપણે પૂરાણા જમાનાની કાર્ય પધ્ધતિથી નીકળીને અર્વાચીન તરીક઼ાની શિક્ષણ પદ્ધતિ અપનાવવી પડશે અને મુદર્રિસોના માટે અમુક અંશે અંગ્રેજીથી વાકેફિયત પણ જરૂરી થશે જેથી સ્કૂલ તથા કોલેજથી આવનાર તાલિબે ઈલ્મને જો કોઈ વાત સમજાવવી પડે તો એમાં આસાની રહે. તાલીમનો નિસાબ (કોર્સ) એટલો બેહતરીન, જામેઅ (સમૃધ્ધ) તથા અસરકારક હોય અને કલાસ રૂમો એવા સાફ સુથરા હોય તથા અર્વાચીન પધ્ધતિથી સજ્જ કરેલા હોય કે આપણે સમાજના ઉચ્ચ વર્ગના લોકોને આકર્ષિત કરી શકીએ. નહીં તો વર્તમાન દીની ઈદારાઓની ખરાબ હાલત તથા કમજોર વ્યવસ્થાના કારણે આપણે ઊંચા ઘરાનાવાળાઓના વર્ગને ધ્યાનિત કરી શકીશું નહીં. અને એ જ હાલ આપણી આ

તજવીઝ કરેલી ઈન્સ્ટિટયૂટનો પણ થશે. આપણે તેમના માટે રવિવારના દિવસે ત્રણ કલાકનો કોર્સ બનાવવો પડશે જેની અર્વાચીન નામથી લોકોમાં ઓળખ કરાવવી પડશે. જેમ કે :–

**(૧) Diniyat Diploma Course** આ ડિપ્લોમા કોર્સ અગ્યાર અઠવાડિયા માટેનો હોય. તેની તાલીમ દરેક રવિવારે ત્રણ કલાક, દા.ત. ૧૦ થી એક વાગ્યા સુધી હોય અને એનો Sylabus આ પ્રમાણે હોય :–

✪ અક઼ીદાઓ ✪ સીરત ✪ અખ્લાક઼િયાત ✪ મસાઈલ ✪ તજવીદ ✪ અરબી સ્પીકિંગ કોર્સ.

અર્વાચીન સહૂલતોથી સજ્જ આ ઈન્સ્ટિટયૂટના કલાસ એરકંડિશન્ડ હોય, મુઅલ્લિમીન (ઉસ્તાદો) નિષ્ણાત હોય જેમનો દર્સ આપવાનો અંદાઝ સ્કૂલ તથા કોલેજના પ્રોફેસરો જેવો હોય. એના માટે મોઅલ્લિમોએ મહેનત કરવી પડશે. તેમણે પ્રોફેસરોના લેકચર્સ સાંભળવાં પડશે અને સ્વાર્થીપણાથી બેનિયાઝ થઈને ઈસ્લામની રક્ષા તથા સુન્નિયતની પ્રગતિના માટે અલ્લાહની ખુશ્નુદીના ખાતર આ કામ કરવું પડશે. એનાથી દારૈન (બંને જહાન)ની ઈજ્જત પણ હાંસલ થશે અને દિલને સુકૂન પણ મળશે તથા દીનની ખિદમત પણ થશે.

એ વાત યાદ રાખવી જોઈએ કે જ્યાં સુધી નવયુવાન પેઢી અને ઉચ્ચ ઘરાનાના લોકોને ધ્યાનમાં રાખીને કામ થશે નહીં ત્યાં સુધી આપણે ઈસ્લામનો સહીહ પૈગામ એમના સુધી પહોંચાડી શકીશું નહીં. માફીની સાથે અર્ઝ કરું છું કે આપણે સમાજના આ તબક઼ાને સાચા અર્થમાં દીન પેશ જ નથી કર્યો અને ન તો તેમની ઔલાદ સુધી દીની તાલીમ પહોંચાડી. એ જ કારણે દિન પ્રતિ દિન કેટલાંક ઘરાનાંઓ દીનથી દૂરી આપનાવી રહેલ છે. એનું એક ભયાનક પરિણામ એ થઈ રહ્યું છે કે તેઓ દીનની વાતોને પોતાની બુધ્ધિના ત્રાજવામાં તોલવાની કોશિશ કરે છે અને જ્યારે તેમને દીનના હુકમોનો ભાવાર્થ સમજમાં નથી આવતો તો તેઓ શંકા કુશંકાનો શિકાર થઈ જાય છે. અને પછી તે ક્રમે ક્રમે ઈર્તેદાદના (દીનથી ફરી જવાના) માર્ગે ચાલી નીકળે છે. આપણી કમજોરી એ છે કે આપણે ત્યારે અફસોસની સાથે હાથ મસળીએ છીએ જ્યારે એ નવી પેઢી આપણા હાથથી નીકળી જાય છે. જાહેર છે કે હવે અફસોસ કરવાથી શું હાથ લાગવાનું ? મારા દોસ્તો ! પાણી આવતા પહેલાં જ પાળ બાંધવાની હોય છે ! નહીં તો પરિણામ ખૂબ જ ખતરનાક તથા ભયાનક થઈ જાય છે.

મારો અનુભવ છે કે લોકો દીનને સમજવા ચાહે છે ! એવું હરગિઝ નથી કે તેઓ હમેશાં દીનથી દૂર જ રહેવા ચાહતા હોય. બસ, આપણે આપણી કાર્યશૈલીને બદલવાની જરૂર છે. જો આજે અમુક મુસલમાનો તરફથી દીનના બારામાં કાંઈક શંકા કુશંકા પ્રદર્શિત કરવામાં આવે છે તો તે એટલા માટે કે તેઓ દીનના બારામાં સહી વાકેફિયત નથી ધરાવતા. આજે પણ જ્યારે કુર્આન તથા હદીષની રોશનીમાં કોઈ વાત કહેવામાં આવે તો તેઓ એના પર વિચારણા કરે છે અને સહીહ સમજે પણ છે, પણ અમલ કરવાને જરૂરી નથી સમજતા. અમલ કરાવવા માટે જરૂરી છે કે તેમને માહોલ પૂરો પાડવામાં આવે, તેમને સમજાવવામાં આવે, અને દીની તાલીમાત પર અમલના ફાયદાઓ અને ન કરવાના બુરાં પરિણામોથી વાકેફ કરવામાં આવે. જો કે એવું નથી કે સર્વ લોકો એવા છે, બલ્કે સર્વ લોકોએ અલ્હમ્દુલિલ્લાહ ! આજે પણ દીનના દામનને મજબૂતી સાથે પકડેલો છે. એનું કારણ એ છે કે એમને એવો માહોલ મળ્યો છે, તેમના સુધી સ્ટાન્ડર્ડ કિતાબો તથા સ્ટાન્ડર્ડ લેકચરો પહોંચ્યાં છે.

**(૨)** આપણા નવજુવાન ફારિગ ઉલમાએ હુઝૂર રહમતે આલમ ﷺની સુન્નત પ્રમાણે વાતચીતની

પધ્ધતિ તથા વહેવાર અપનાવવો પડશે, અને ઉચ્ચ અખ્લાક (સદ વર્તાવ) પ્રદર્શિત કરવો પડશે અને કુર્આન તથા હદીષથી પોતાનો સંબંધ એકદમ મજબૂત કરવો પડશે, તેમજ અભ્યાસને વિશાળથી વિશાળ કરવો પડશે. ખાસ કરીને તફસીરો, હદીષ, સીરત, ઈસ્લામી ઈતિહાસ વગેરે. અને વિશ્વની સ્થિતિઓથી વાકેફિયત પણ અતિશય જરૂરી છે. દીનના ફેલાવા માટે અરબી તથા અંગ્રેજી ભાષાઓ પર નિપૂણતા પ્રાપ્ત કરવી પડશે. જો બની શકે તો અમુક નવયુવાન આલિમો ઈલાકાની તથા સ્થાનિક ભાષાઓ પર પણ નિપૂણતા હાંસલ કરી લે તો દીનના પયગામને પહોંચાડવામાં અતિશય સહાયકર્તા થશે. એની ઘણી સારી અસરો આપ પોતે પોતાની આંખો વડે જોઈ શકો છો.

ફરી એકવાર અરજ કરું છું કે નિઃસ્વાર્થપણુ તથા નિખાલસપણુ તથા લિલ્લાહિયત શર્ત છે. આક઼ાએ કરીમ ﷺ તથા અન્ય અંબિયાએ કિરામ علیہم السلام ની કાર્ય પધ્ધતિને પોતાની નજરો સમક્ષ રાખવાની રહેશે. આપણે હમેશાં આપણા દિમાગમાં એ રાખવાનુ રહેશે કે અંબિયાએ કિરામ علیہم السلام એ દીનની દાવતના દરમ્યાન પોતાની ક઼ૌમને કહેવું પડયું હતું કે : قل لا اسئلکم علیہ اجرا "તમે ફમાવી દો, હું એના પર કાંઈ ઉજરત નથી માગતો." *(સૂરએ સૂરા, ૪૨/૨૩)* અને મૌલા તઆલાએ જે બદલો આપ્યો એનાથી તા'લીમ પામેલા નાવાકેફ નથી. અલ્લાહ પાકનો વાયદો હક઼્ક઼ છે : ان تنصروا اللّٰہ ینصرکم "જો તમે અલ્લાહના દીનની મદદ કરશો અલ્લાહ તમારી મદદ કરશે." *(સૂરએ મુહમ્મદ, ૪૭/૭)*

રબ પર કામિલ ભરોસો કરવાની સાથોસાથ થોડીક સરખી મહેનત કરવી પડશે, ઈન્શાઅલ્લાહ ! કરમ જ કરમ થશે.

**(૩)** વર્તમાનકાળના સંજોગોને સામે રાખીને દરેક દારુલ ઉલૂમમાં તલબાને ખત્મે નબુવ્વતના સંબંધે દલીલો અને વાંધાઓ તથા જવાબોના માટે તૈયાર કરવા પડશે. એટલા માટે કે ભાવિનો સૌથી મહાન ખતરો આ જ અક઼ીદા પર ઘા થવા સંબંધે છે. અલ્લાહ પાક સુરક્ષિત રાખે.

જલ્દી જલ્દી આ વાતો અર્ઝ કરી દીધી છે. જો બેહતર તથા યોગ્ય મશ્વરો હોય તો સુબ્હાનલ્લાહ ! નહીં તો આપને અધિકાર છે કે વધઘટની સાથે આપ એના પર અમલ કરી શકો છો. જો આના અનુસંધાનમાં આપની કિંમતી તથા આ'લા તજવીઝો હોય તો આપ અમને માહિતગાર કરી શકો છો.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, જાન્યુ–૨૦૧૮)*


**★ મસ્જિદની તામીરમાં મદદ કરો ★**

**પહાજ (તા. વાગરા)** : ખાતે નવી જુમ્આ મસ્જિદનું બાંધકામ ચાલુ છે. ગામમાં આર્થિક સ્થિતિ એટલી સધ્ધર નથી જેથી સખીદાતાઓ ખાસ ધ્યાન કરે અને પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે દિલ ખોલીને મદદ કરી સવાબે જારીઆના હક઼્ક઼દાર બને. **સંપર્ક** : પહાજ મસ્જિદ વહિવટકર્તા મુ. પો. પહાજ, તા. વાગરા, જિ. ભરૂચ–૩૯૨૧૪૦ મો. **9714154414 / 9924425377**

**કમલપુરા (તા. સાવલી, જિ. વડોદરા)** : ખાતે "નગીના મસ્જિદ"ના તામીરી કામ માટે સિમેન્ટ–૨૦૦ થેલી, કપચી–૧૫ ટન સળિયા–૮ 8mm 750 કીલો, 10mm 900 કીલો, ઈંટ–૨૦ હજારની જરૂરત છે. પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે રોકડ કે મટીરીયલ મોકલી જન્નતમાં ઘર વસાવો. **સંપર્ક** : સૈયદ ફારૂકઅલી વઝીર અલી, મો. 9824930114 (સાવલી) તથા સૈયદ સાબિર અલી બાપુ (વડોદરા–તાંદલજા) મો. 9157906819



# આ કુર્આન-હદીષનો ક઼ાનૂન છે કે
## પતિએ ત્રણ તલાક઼ બાદ પત્ની રાખવી વ્યભિચાર છે !



❒ અઝ : મૌલાના અલ્તાફ઼ મિસ્બાહી ચાંચવેલી *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ સીટી)*

ગયા અમુક મહીનાથી મીડિયામાં ટ્રીપલ તલાક઼ની બાબતે ઘણી બહષો થઈ. મુસલમાન ઓરતોની હમદર્દીના નામ પર ભગવા વિચારધારા રાખવાવાળા કહેવાતા બુધ્ધિશાળીઓએ ત્રણ તલાક઼ને ઓરતો પર ખુલ્લમ ખુલ્લો જુલ્મ સાબિત કરવા ભરપૂર તાક઼ત લગાડી. ધાર્મિક પક્ષપાતના અંધારામાં ભટકવાવાળા બી.જે.પી.માં વેચાયેલા એન્કરોએ ગળુ ફાડી ફાડીને ઝેર ફેલાવવામાં કોઈ કસર બાકી ન રાખી. આ દરમિયાન સુપ્રિમ કોર્ટ તરફથી આ મસ્અલા પર ફૈંસલો આવ્યા બાદ ન્યૂઝ ચેનલોની તો જાણે ઈદ જ થઈ ગઈ ! અને નવા નવા ટોપિકની સાથે ઈસ્લામી તલાક઼ તથા હલાલાના ક઼ાનૂનની ખુલ્લમ ખુલ્લા મજાક ઉડાડવામાં આવી.

સુપ્રિમ કોર્ટનો ફૈંસલો આવ્યા બાદ હિંદુસ્તાનની ન્યુઝ ચેનલોએ અમુક હોશ ખોઈ બેઠેલી બુર્ખા પહેરેલ સ્ત્રીઓને (જે હિંદુ પણ હોઈ શકે છે) જશ્ન મનાવતાં અને મીઠાઈ વહેંચતાં પણ દેખાડી ! અને આ એક જ ન્યૂઝને દરેક ચેનલ પર વારંવાર દેખાડીને એ ઠસાવવાની કોશિશ કરવામાં આવી કે જુઓ ! મુસ્લિમ સ્ત્રીઓ પણ આવા ઈસ્લામી ક઼ાનૂનથી નારાજ છે અને સુપ્રિમ કોર્ટના ફૈંસલાથી તેઓ ઘણી ખુશ થઈ છે ! એની સામે એ હજારો સ્ત્રીઓના વિરોધને ન્યુઝ ચેનલોએ થોડી પણ અહમિયત (મહત્વ) ન આપી જે ત્રણ તલાક઼ના ઈસ્લામી ક઼ાનૂનને પોતાના માટે રહમતનો ઝરીયો સમજી તેમાં કોઈ પણ જાતની તબ્દીલીને બરદાશ્ત ન કરવાનુ ખુલ્લમ ખુલ્લુ એલાન કરી રહી હતી, અને આ ફૈંસલાને ઈસ્લામી ક઼ાનૂનની ખુલ્લી મુખાલફત (વિરોધ) જાણતી હતી. હિંદુસ્તાન જેવા વિવિધ મઝહબવાળા લોકશાહી દેશ માટે કે જ્યાંના દરેક રહેવાવાળાને પોતાના મઝહબના પ્રમાણે જિંદગી ગુજારવાનો બંધારણીય હક઼ મળેલ છે, ખરેખર આ દુ:ખદાયક સમાચાર છે એટલું જ નહીં, આ મુસ્લિમ પર્સનલ લો પર જાણી જોઈને અથવા તો અજાણતામાં હુમલો કરી હિંદુસ્તાનના જનતંત્રની બુનિયાદોને ખોખલી કરવાની એક ખતરનાક કોશિશ છે.

એક જ બેઠકમાં આપવામાં આવતી ત્રણ તલાક઼ને એક જ તલાક઼ સાબિત કરતા બની બેઠેલા મુફક્કિરોએ કે જેમને ઈસ્લામી શરીઅત તથા નિકાહ તલાક઼ના ક઼ાનૂનનું થોડુ પણ જ્ઞાન નથી તેમણે ઘણી બહાદુરીની સાથે ઊંચા ઊંચા દા'વા કર્યા ! કોઈએ ટ્રીપલ તલાક઼ને કુર્આનના વિરૂધ્ધ કહ્યું ! તો કોઈએ હદીષોથી ત્રણ તલાક઼ને એક સાબિત કરવાની કોશિશ કરી. સુપ્રિમ કોર્ટે પણ પોતાના ફૈંસલામાં કહ્યું કે ટ્રીપલ તલાક઼ સ્ત્રીઓના બરાબરીના હક્ક઼ વિરૂધ્ધનું વર્તન છે. જજ જોઝીફે કહ્યું કે ટ્રીપલ તલાક઼ ઈસ્લામનો અનિવાર્ય હિસ્સો નથી અને આ રિવાજને બંધારણની ક઼લમ ૨૫ (દરેકને પોતાનો ધર્મ પાળવાની સ્વતંત્રતા)ની સુરક્ષા મળતી નથી, એટલા માટે તેને ખતમ કરી નાખવો જોઈએ.

ટ્રીપલ તલાક઼ ઉપર ચર્ચા કરવાવાળાના દિમાગમાં આ વાત હમેશાંના માટે સચવાયેલી હોવી જોઈએ કે **એક બેઠકમાં ત્રણ તલાક઼ એ ત્રણ જ**

**તલાક઼ હોવાનો નિયમ એ કોઈનો બનાવેલો અને વ્યક્તિગત નથી બલ્કે કુર્આન હદીષના સ્પષ્ટીકરણના બિલ્કુલ મુતાબિક઼, સહાબાએ કિરામનો ઈજમાઅ (એકમતિ) થયેલ અને ચારેવ ઈમામોની સહમતિ સાધેલો મસ્અલો છે. જેના ઉપર ૧૪૦૦ વર્ષ કરતાં પણ વધારે વર્ષોથી એહલે હક઼ અમલ કરી રહ્યા છે.** આવા મસ્અલા ઉપર રાય આપી તથા સ્ત્રીઓ માટે ધારી લેવામાં આવેલ મઝલૂમિયતને બુનિયાદ બનાવીને મઝહબે ઈસ્લામના આલિમો ઉપર મહેણાં (ટોણાં) મારવાની કોશિશ પહેલાં એ સમજી લેવું જોઈએ કે **ઈસ્લામી ક઼ાનૂન કોઈ ઈન્સાનના બનાવેલ કાયદા તથા ક઼ાનૂન નથી બલ્કે તેનું અસલ મૂળ અલ્લાહની વહી છે જેનું સ્પષ્ટીકરણ હુઝૂરે અન્વર ﷺની હદીષોથી થાય છે. જે પ્રકૃતિ (ફ઼િતરત)ના બિલ્કુલ મુતાબિક અને દરેક માનવ વર્ગના હક્ક઼ોની હિફ઼ાઝત કરે છે.** ઈસ્લામના બીજા ક઼ાનૂનોની જેમ ઈસ્લામનો તલાક઼ આપવાનો ક઼ાનૂન પણ એવા અપ્રિય સંજોગોમાં મિયાં બીવી માટે રહમતનો સબબ હોય છે જ્યારે કે આંત્રિક મતભેદ ઘણો જ વધી જાય તથા મિયાં બીવી એક બીજા માટે અઝાબ બની જાય અને પરિસ્થિતિની સુધારણાની કોઈ સ્થિતિ નજર ન આવતી હોય તો આવી હાલતમાં ઈસ્લામનો તલાક઼વાળો ક઼ાનૂન અને નિકાહ તોડવાવાળો ક઼ાનૂન એક બીજા માટે છૂટકારાનો છેલ્લો ઝરીયો હોય છે.

ખેંચતાણની આ અનિવાર્ય હાલતોમાં પણ ઈસ્લામે એકબીજાને એક ઝટકે નિકાહના રિશ્તાને તોડી ફોડી નાખવાની ઈજાઝત નથી આપી બલ્કે પહેલી અને બીજી તલાક઼ને રજઈ (પાછી લઈ શકાય તેવી) ઠરાવીને ક્રમે ક્રમે છૂટા થવાના ઉસૂલને ધ્યાનમાં રાખ્યો. આ તરીક઼ામાં એક બીજાની સમજૂતીની સ્થિતિમાં બીજી વખતે ફરીથી કોઈ પણ જાતની ઝહમત ઉઠાવ્યા વગર જૂના સંબંધને દુરુસ્ત કરવાનો વિકલ્પ આપ્યો. છેલ્લા તબક્કામાં ત્રીજી તલાક઼ વડે અલગ અલગ રાહ નક્કી કરી અને પોતપોતાની રીતે અંગત જિંદગી જીવવાની ઈજાઝત આપી. આ બધી પાબંદીઓ હોવા છતાં પણ ઈસ્લામી શરીઅતે તલાક઼ને મુબાહ ચીજોમાં સૌથી વધારે નાપસંદ કરી ઈન્સાની રિશ્તાની હિફ઼ાઝત તથા નિકાહની અઝમત તથા ફઝીલતનો ખયાલ રાખ્યો. એમાં કોઈ શક નથી કે ઈસ્લામમાં તલાક઼નો નિયમ ઘણો સ્પષ્ટ અને ઊંચી વિચારધારાવાળો છે, તેમ છતાં પણ હકીક઼તોથી આંખ આડા કાન કરીને ઈસ્લામના તલાક઼વાળા ક઼ાનૂન પર જ પ્રશ્નાર્થ ચિન્હ લગાડી દેવું અને તેને બહષો મુબાહિષાની મજલિસોથી કોર્ટ સુધી પહોંચાડવું કેવળ પક્ષપાત તથા ઈસ્લામી ક઼ાનૂન બાબત શંકા પૈદા કરવાની એક ઘણી જ ખોટી સાઝિશ છે. (ઘણુ જ મોટુ ષડયંત્ર છે).

અમે આ નાના લેખમાં સ્પષ્ટ કરીશું કે ટ્રીપલ તલાક઼ એટલે કે એક બેઠકમાં આપવામાં આવતી ત્રણ તલાક઼ તે ત્રણ જ તલાક઼ થાય છે, એટલા માટે કે મીડિયાની ઝેરભરી ખોટી વાતો ફેલાવવાથી તથા સુપ્રિમ કોર્ટના હાલના ફૈંસલા ઉપર કરવામાં આવેલી ખોટી ટીકા ટીપ્પણીથી, ખડી કરેલ શંકાઓથી ભરાયેલ દિમાગો સાફ થઈ જાય અને ટ્રીપલ તલાક઼ બાબત ઈસ્લામી દષ્ટિકોણ દરેક માણસના દિલો દિમાગમાં બેસી જાય.

અલ્લાહ તબારક વ તઆલા પોતાના મુક઼દ્દસ કલામ કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે :–

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ ؕ

"આ તલાક઼ બે વાર છે, ત્યાર બાદ ભલાઈની સાથે રોકી લેવું છે અથવા તો સારી રીતે છોડી દેવું છે." *(સૂ. બક઼રહ, આ. ૨૨૯)*

ઈમામ અબૂ બકર અહમદ રાઝી અલ જસ્સાસ ઉપરોક્ત આયતની તફસીમાં ફર્માવે છે :–

**قوله تعالیٰ: الطلاق مرتان فامساک بمعروف او تسریح باحسان۔ یدل علیٰ وقوع الثلاث معاً مع کونه منهیا عنها۔**

અલ્લાહ તઆલાનું ઉપરોક્ત ફર્માન મન્હી અન્હુ (એવાં કાર્યો કે જેનાથી રોકવામાં આવેલ હોય) હોવા છતાં એક સાથે ત્રણ તલાક઼ લાગુ થવા પર દલીલ પૂરી પાડે છે. *(અહકામુલ કુર્આન લિલ્ જસ્સાસ, ૧/૫૨૭)*

ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને અહમદ અન્સારી કુર્તબી رحمۃ اللہ علیہ આ આયત હેઠળ ફર્માવે છે :

**قال علمائنا واتفق ائمة الفتویٰ علیٰ لزوم ایقاع الطلاق الثلاث فی کلمة واحدة۔**

**તર્જુમો** : "આપણા ઉલમાએ ફર્માવ્યું કે ફતવો આપનાર ઈમામો એક કલમા (વાક્ય)થી ત્રણ તલાક઼ લાગુ થવા પર એકમત છે."

*–(અલ્જામિઉલ અહકામિલ્કુર્આન લિલ્કુર્તબી, ૧/૬૯૨)*

અહીંયા એ શંકા કરવામાં આવે છે કે, આ આયતમાં مَرَّتٰنِના શબ્દનો ઉપયોગ થયો છે, તેનો મતલબ એ જ છે કે બે તલાક઼ બે બેઠકમાં આપવામાં આવે ત્યારબાદ ત્રીજી તલાક઼ ત્રીજી બેઠકમાં આપવામાં આવે તો પછી ત્રણ તલાક઼ લાગુ થશે. એટલા માટે આ આયતથી એક જ બેઠકમાં ત્રણ તલાક઼ લાગુ થશે. એટલા માટે આ આયતથી એક જ બેઠકમાં ત્રણ તલાક઼ની સાબિતી પર દલીલ લાવવી દુરૂસ્ત નથી. આ શંકા એટલા માટે થાય છે કે આ આયતમાં مَرَّتٰنِએ **اثنتان**ના અર્થમાં છે, એટલે કે તલાક઼ રજઈ (પરત લઈ શકાય તેવી તલાક઼) બે વાર આપવાની રહેશે, બે બેઠક મુરાદ નથી.

અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**وهذا یدل علی أن معنی مرتان أثنتان۔**

*–(રૂહુલ મઆની, ૨/૧૩૫)*

અલ્લાહ તઆલાએ ટ્રીપલ તલાક઼ની બાબત ઈર્શાદ ફર્માવ્યું :–

**فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰی تَنْكِحَ زَوْجًا غَیْرَهٗ**

**તર્જુમો** : "જો ત્રીજી તલાક઼ તેણે આપી તો હવે તે સ્ત્રી તેને માટે હલાલ નહીં થાય જ્યાં સુધી કે બીજા પતિ સાથે ન રહે."

મુફસ્સિરે કુર્આન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ આયતની તફસીરમાં ફર્માવે છે :

**اِنْ طَلَّقَهَا ثَلَاثًا فَلَا تَحِلُّ لَهٗ حَتّٰی تَنْكِحَ زَوْجًا غَیْرَهٗ**

**તર્જુમો** : "જો ત્રણ તલાક઼ દઈ દીધી તો પત્ની તેના માટે હલાલ થશે નહીં ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરી લે." (અર્થાત : **જો કોઈએ ત્રણ તલાક઼ આપી દીધી તો ત્રણેવ લાગુ થઈ જશે અને તે પત્ની તેના પર હરામ થઈ જશે. હવે જો તેણીથી પત્ની જેવો વહેવાર કરશે તો બંનેવ વ્યભિચારી ગણાશે.**) *(સુનને કુબ્રા લિલ્બયહક઼ી, ૭/૩૭૬)*

આ આયતની તફસીર કરતાં ઈમામ મુહમ્મદ બિન ઈદ્રીસ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**وَالْقُرْآنُ یَدُلّ وَاللّٰهُ اَعْلَمُ عَلٰی اَنَّ مَنْ طَلَّقَ زَوْجَةً لَّهٗ دَخَلَ بِهَا اَوْلَمْ یَدْخُلْ بِهَا ثَلَاثًا لَمْ تَحِلَّ لَهٗ حَتّٰی تَنْكِحَ زَوْجًا غَیْرَهٗ۔**

**તર્જુમો** : "અલ્લાહ જ બેહતર જાણે છે, કુર્આને પાકની ઉપરોક્ત આયત દલીલ પૂરી પાડે છે કે જેણે પોતાની મદખૂલા (જેની સાથે સંભોગ કરેલ હોય) તથા ગૈર મદખૂલા (જેની સાથે સંભોગ ન કર્યો હોય) પત્નીને ત્રણ તલાક઼ો આપી તે તેના માટે હલાલ થશે નહીં, ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરી લે."

*–(કિતાબુલ અલ્લામ લિલ્ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ અશ્શાફઈ, ૨/૧૯૩૯)*

فَطَلَّقَ فَسُئِلَ النَّبِیُّ ﷺ أَتَحِلُّ لِلْأَوَّلِ قَالَ لَا حَتّٰی یَذُوقَ عُسَیْلَتَهَا كَمَاذَاقَ الْأَوَّلُ

**તર્જુમો** : "હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે એક સાહબે પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી દીધી હતી. તેમની પત્નીએ બીજી શાદી કરી લીધી, પછી બીજા પતિએ (સંભોગ પહેલાં) તેણીને તલાક઼ દઈ દીધી. રસૂલુલ્લાહ ﷺથી સવાલ કરવામાં આવ્યો કે શું પહેલો પતિ હવે તેમના માટે હલાલ છે ? સરકાર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે નહીં, ત્યાં સુધી કે તે એટલે બીજો પતિ તેણીથી સંભોગ કરે જેમ કે પહેલાએ સંભોગ કર્યો હતો. *(સહીહ બુખારી, ૨/૭૯૧)*

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ લખે છે :

فالتمسک بظاهره قوله طلقها ثلاثاً فانه ظاهرفی کونهامجموعة۔

**તર્જુમો** : આ રિવાયતના જાહેરી શબ્દો એટલે فطلقها ثلاثاًથી દલીલ કરવામાં આવી છે, કારણ કે આ શબ્દો એના માટે દલીલ પૂરી પાડે છે કે તેણે ત્રણ તલાક઼ો એક સાથે આપી હતી. *(ફત્હુલ બારી લિ ઈબ્ને હજર, ૯/૪૫૫)*

બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ, સુનને નિસાઈ અને બીજી સહી કિતાબોમાં આ રિવાયત મૌજૂદ છે :–

عَنِ ابْنِ شِهَابٍ اَنَّ سَهْلَ بْنَ سَعْدٍ.....فَاَنْفَذَهُ رَسُوْلُ اللّٰهِ ﷺ۔

**(ભાવાર્થ)** : "ઈબ્ને શિહાબથી રિવાયત છે કે હઝરત સહલ બિન સઅદ સાએદી رضی اللہ عنہએ ખબર આપી કે હઝરત ઉવૈમિર رضی اللہ عنہએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ જો હું તેને પોતાની પાસે રોકુ અને પત્ની બનાવીને રાખું તો મેં ફરી તેના પર જૂઠુ કહ્યું. પછી તેણે આપ علیہ الصلوٰۃ والسلامના હુકમ સાદર

હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہનું દલીલ કરવું **فان طلقها**ના સામાન્યપણાથી છે, કારણ કે **فان طلقها** શર્તનો સેગો છે જે આમ (સામાન્ય) હોવાનો તક઼ાદો કરે છે એટલા માટે તેના આમ હોવા (સામાન્યપણા)માં એક બેઠકની ત્રણ તલાક઼ો પણ સામેલ થશે.

ઈબ્ને હઝમ ઝાહિરીએ પણ ઉપરોક્ત આયતના હેઠળ આ જ ભાવાર્થને આ શબ્દોમાં વર્ણન કર્યો છે :

فَهٰذا يَقَعُ عَلَى الثَّلَاثِ مَجْمُوْعَة و مفرقة و لَا يَجُوْزُ أن يخص بِهٰذه الآيَةِ بعض ذٰلِکَ دُوْنَ بَعْضٍ بِغَيْرِ نصٍّ۔

**તર્જુમો** : "એટલે કે **فان طلقها**નો શબ્દ એ ત્રણ તલાક઼ો પર પણ લાગુ થાય છે કે જે એક સાથે આપવામાં આવી હોય અને તેમના ઉપર પણ જે અલગ અલગ આપવામાં આવેલ હોય. અને વિના કોઈ નસ (હદીષ અથવા આયત)ના તે આયતને ખાસ કોઈ એક પ્રકારની તલાક઼ પર ધારી લેવું સહી નથી." *(અલ્મહ઼લી, ૧/૨૦૭)*

વર્ણન થયેલી આયતો અને તેમની વિશ્વસનીય તફસીરોથી એ વાત સંપૂર્ણ રીતે પુરવાર થાય છે કે એક બેઠકમાં આપેલી ત્રણ તલાક઼ો ત્રણ જ છે. **ત્રણ તલાક઼ને એક ઠરાવવું કુર્આનની આયતના વિરુદ્ધ છે.** નિઃશંક ! આટલી બધી સ્પષ્ટતા હોવા છતાં **એવું કહેવું કે ત્રણ તલાક઼નો મસ્અલો કુર્આનમાં મૌજૂદ નથી એ કયાં તો નર્યી જહાલત છે અથવા ઉઘાડો પૂર્વગ્રહ છે.**

## એક બેઠકમાં ત્રણ તલાક઼ની સાબિતી હદીષોની રોશનીમાં

સહીહ બુખારી શરીફની રિવાયત છે :–

عَنْ عَائِشَةَ أَنَّ رَجُلًا طَلَّقَ امرأَتَهُ ثَلَاثًا فَتَزَوَّجَتْ

ફર્માવતાં પહેલાં જ તેને ત્રણ તલાક઼ો આપી દીધી. (સુનને અબૂ દાઊદની રિવાયતમાં છે કે) હઝરત ઉવૈમિર رضی اللہ عنہએ પોતાની પત્નીને રસૂલુલ્લાહ ﷺની પાસે ત્રણ તલાક઼ો આપી તો આપ ﷺએ તેમને (ત્રણેવને) લાગુ કરી દીધી." *(બુખારી, ૨/૯૧)*

આ રિવાયતથી માલૂમ થાય છે કે ત્રણ તલાક઼ો એક સાથે લાગુ થઈ શકે છે, કારણ કે આપ ﷺએ તેના પર કોઈ નકાર ન ફર્માવ્યો, જેમ ઈમામે બયહક઼ી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**وَلَوْ كَانَ ذَٰلِكَ مُحَرَّمًا لَنَهَاهُ عَنْهُ..... بِأَنْ تَجْمَعَ ثَلَاثًا۔**

સુનને નિસાઈ શરીફ ૨/૯૯ની રિવાયત છે :–

**عن وهب قال اخبر نا مخرمة...... وقال يا رسول الله ﷺ أفتله۔**

**(ભાવાર્થ)** : મહમૂદ બિન લબીદથી રિવાયત છે તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને ખબર આપવામાં આવી કે એક વ્યક્તિએ પોતાની પત્નીને ત્રણ તલાક઼ો એક સાથે આપી દીધી છે. આપે ક્રોધિત થઈને તક઼રીર કરી કે શું કિતાબુલ્લાહની સાથે ખેલ કરવામાં આવી રહ્યો છે જ્યારે કે હું તમારા દરમિયાન મૌજૂદ છું ! સરકાર علیہ الصلوٰۃ والسلامની સખત નારાઝગી જોઈને એક સહાબી ઉભા થઈ ગયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તેને ક઼ત્લ ન કરી દઉં ?!

આ રિવાયતમાં ત્રણ તલાક઼ોનું વર્ણન તો મૌજૂદ છે, પરંતુ તેના પર સરકારે અક઼દસ ﷺનો રદીયો મૌજૂદ નથી. જો આપ علیہ الصلوٰۃ والسلام તેને રદ ફર્માવતા તો હદીષમાં તેનું વર્ણન જરૂર મૌજૂદ હોતું. બીજી વાત એ છે કે સરકારે દો આલમ ﷺનું નારાજ થવું પણ તલાક઼ લાગુ થવાની એક અલગ દલીલ છે.

દારક઼ુતની, સુનનુલ કુબ્રા અને મજમઉઝ્ ઝવાઈદ વગેરે હદીષની કિતાબોમાંની આ રિવાયત પણ ચર્ચા હેઠળના મસ્અલા પર સ્પષ્ટ દલીલ છે :–

**عَنِ الْحَسَنِ قَالَ نَا عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ..... قال لا كانت تبيين منك وتكون معصية۔**

**(ભાવાર્થ)** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ માસિકની હાલતમાં પોતાની પત્નીને એક તલાક઼ આપી ત્યાર બાદ ઈરાદો ફર્માવ્યો કે બાકીની બે તલાક઼ો બાકી બે માસિક (અથવા પાકીની હાલત)માં આપીશ. રસૂલુલ્લાહ ﷺને જ્યારે આ વાતની ખબર થઈ તો આપે હઝરત અબ્દુલ્લાહને બોલાવીને ફર્માવ્યું કે તને અલ્લાહ તઆલાએ આ પ્રમાણે હુકમ નથી આપ્યો, તેં સુન્નતની વિરુદ્ધ વર્તન કર્યું છે, સુન્નત તો એ છે કે જ્યારે પાકીના દિવસો હોય તો પાકીની હાલતમાં તેને તલાક઼ આપો. આપે (હઝરત ઈબ્ને ઉમર) ફર્માવ્યું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હુકમ આપ્યો કે તું (તલાક઼ો) પરત લઈ લે ! તો મેં પરત લઈ લીધી. તો આપે મને ફર્માવ્યું, જ્યારે તે પાકીની હાલતમાં આવે ત્યારે તેને તલાક઼ આપી દે જે અને જો તમારી મરજી રાખવાની હોય તો પત્ની બનાવી રાખી લેજે. આ સાંભળી મેં અર્ઝ કરી કે **યા રસૂલલ્લાહ ! ﷺ ઈર્શાદ ફર્માવો કે શું મેં તેને ત્રણ તલાક઼ આપી દીધી હોત તો મારા માટે આ વાત જાઈઝ હતી કે હું તેને પરત કરી લે તો ? નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું કે નહીં ! તે તારાથી અલગ થઈ ગઈ હોત અને આ (ત્રણ તલાક઼ો એક સાથે આપવી) ગુનોહ છે.**

**عَنْ مُجَاهِدٍ قَالَ : كُنْتُ عِنْدَ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا فَجَاءَهُ...... فِي قُبُلِ عِدَّتِهِنَّ هٰكَذَا فِي هٰذِهِ الرِّوَايَةِ ثَلَاثًا۔**

**(ભાવાર્થ)** : મુજાહિદથી રિવાયત છે કે એક વખતે હું અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہની

ખિદમતમાં બેઠો હતો કે તે દરમિયાન એક સાહબ આવ્યા અને કહ્યું કે **મેં મારી પત્નીને ત્રણ તલાક઼ આપી છે (શુ હુકમ છે ?)** હઝરત ઈબ્ને અબ્બાસે કોઈ જવાબ ન આપ્યો અને ચુપ થઈ ગયા. (મુજાહિદ કહે છે) મને ગુમાન થવા માંડયું છે કદાચ ઈબ્ને અબ્બાસ તેની પત્નીને પાછી લોટાવશે. પછી **ઈબ્ને અબ્બાસ** رضی اللہ عنہما **એ ફર્માવ્યું કે તમારામાં અમુક લોકો એવા છે કે તેમના ઉપર મૂર્ખામી સવાર થઈ જાય છે, પછી મારી પાસે આવે છે અને કહે છે હે ઈબ્ને અબ્બાસ ! હે ઈબ્ને અબ્બાસ ! જ્યારે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે જે અલ્લાહથી ડરે છે તો અલ્લાહ તઆલા તેના માટે રસ્તો કાઢે છે અને તું અલ્લાહ તઆલાથી ડર્યો નહીં (અને એક જ સાથે ત્રણ તલાક઼ દઈ દીધી) એટલા માટે કે હું કુર્આનના મુતાબિક તમારા માટે કોઈ રસ્તો નથી પામતો. તમે અલ્લાહ તઆલાની નાફ઼ર્માની કરી છે તમારી પત્ની તમારા માટે હરામ થઈ ગઈ અને તમારા નિકાહથી નીકળી ગઈ.** *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૯)*

ઉપરોક્ત દર્શાવેલ હદીષોથી પણ સ્પષ્ટ થયું કે એક બેઠકમાં આપેલ ત્રણ તલાક઼ો ત્રણ જ લાગુ પડે છે, એક સાથે ત્રણ તલાક઼ આપવી ખરેખર શરીઅતની રૂએ નાપસંદ અને મના છે, હદીષોમાં તેનાથી સખ્તીથી રોકવામાં આવેલ છે પરંતુ શરઈ મનાઈ (નિષેધ) તેને લાગુ પાડવાથી રોકી શકશે નહીં (તે લાગુ થઈ જ જશે). શરીઅતના આ ક઼ાનૂન ઉપર બધા જ મુસલમાનોએ અમલ કરવો જરૂરી છે. તેનો સંબંધ કોઈ દુનિયાવી મામલાથી નથી કે જેમાં કોઈપણ જાતનો ફેરફાર કરી કોઈ નવો માર્ગ કાઢવાની ગુંજાઈશ હોય. અલ્લાહ તઆલા દરેક મુસલમાનોને શરીઅતના અહકામ પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે.

*–(અશ્રફિયા મંથલી–મુબારકપુર, નવેમ્બર–૨૦૧૭)*


**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૭–૧૮નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.




# સોશિયલ મીડિયાની



## નકારાત્મક અસરો



❒ **રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આજના આધુનિક યુગમાં ટેકનોલોજી અને ખાસ કરીને નવી પ્રસારણ પ્રણાલીથી લાભ લેનાર ખૂબ લાભ લઈ રહ્યા છે. હજનો સફર મહિનાઓમાં થતો હતો હવે અમુક કલાકોમાં થાય છે, ઘણાખરા લોકો ઉમરા કરવા જઈ રહ્યા છે અને જેઓએ કદી કલ્પના પણ નહીં કરી હોય કે તેઓ મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરાની ઝિયારત કરી શકશે પરંતુ આજે સરળતાથી અને ઓછામાં ઓછા ભાડા અને ખર્ચ પર સફર કરી રહી રહ્યા છે. પહેલાં આપણે કપડાં ધોતા હતા હવે મશીન આપણા કપડાં ધોઈને અને સૂકવીને આપણને આપી દે છે, પહેલાં આપણે દાદર પર ચઢતા હતા પરંતુ હવે ટેકનોલોજીની બરકતથી દાદર હવે આપણને લઈને ઉપર ચઢે છે. પહેલાં હિસાબ કરવા માટે ઘણી મેહનત કરવી પડતી હતી પરંતુ કેલ્ક્યુલેટર આપણને સેકંડો અને અને મિનિટોમાં લાખોનો હિસાબ બિલ્કુલ સાચે સાચો આપી દે છે અને પહેલાં રેલ, બસ અને હવાઈ જહાઝની ટિકિટ બનાવવા માટે શહેરોમાં વિવિધ ઓફિસોના ચક્કર લગાડવા પડતા હતા પરંતુ હવે ઘરે બેઠાં ઈન્ટરનેટનો ઉપયોગ કરી દુનિયામાં આપણે જ્યાં જ્યાં ઈચ્છીએ ત્યાંની ટિકિટ પોતે બનાવી લઈએ.

### ★ મોબાઈલ તથા નેટની અનેક વિધ સહૂલતો ★

એ જ રીતે નવિન પ્રસારણ પ્રણાલીનો ચમત્કાર જુઓ કે ઘરબેઠાં આપ આખી દુનિયાની સેર કરી રહ્યા છો, આખી દુનિયાના લોકોને જોઈ રહ્યા છો, સાંભળી રહ્યા છો બલ્કે તેમની સાથે વાતચીત પણ કરી રહ્યા છો. પહેલાં આપણે કોઈ લખાણ લખવુ હોતું તો પેન અને કાગળનો ઉપયોગ કરવો પડતો હતો, પરંતુ હવે મોબાઈલ લેપટોપના આવી ગયા બાદ કેવળ આંગળીઓને નજીવી હલાવવાથી આપણે જેટલુ ચાહીએ લખીએ અને લખેલુ સુરક્ષિત કરી લઈએ. પોષ્ટ ઓફિસ ગયા વિના જ્યાં ઈચ્છીએ તુરંત તેને રવાના કરી દઈએ બલ્કે આપણા લખાણના પહોંચી જવાનું યકીન પણ તુરંત થઈ જાય છે. પહેલાં આપણે સંદેશો મોકલવા માટે અને સંદેશો મેળવવા માટે કેટલાય અઠવાડિયાં રાહ જોવી પડતી પરંતુ હવે સેકંડોમાં આપણા સંદેશા દૂર દૂરના ઠેકાણે પહોંચી પણ જાય છે અને તેનો જવાબ પણ ઝડપથી આપણને મળી જાય છે. પહેલાં કુર્આન શરીફ પઢવા માટે કુર્આને કરીમ હાથમાં લેવું પડતુ હતું પરંતુ હવે મોબાઈલ ઓન કરો અને કુર્આન આપની સામે હાજર છે ! અને એટલું જ નહીં કુર્આનની કોઈ આયતને તુરંત માલૂમ કરવા માટે એક હાફિઝે કુર્આનથી પૂછવું પડતું હતુ, પરંતુ હવે હાફિઝે કુર્આનના બતાવતાં પહેલાં આપના મોબાઈલમાં રહેલ સિસ્ટમ આપને સેકંડોમાં કુર્આન કરીમની જે સૂરતની જે આયતને પણ આપ ચાહશો બતાવી દેશે. આ બધુ શું છે ? મોબાઈલ અને ઈન્ટરનેટનો ચમત્કાર જ તો છે.

## ★ મોબાઈલનું વળગણ એક સમસ્યા ! ★

પરંતુ અફસોસ કે આજે ટી.વી., મોબાઈલ, વોટ્સ અપ, ફેસબુક અને ટ્વીટર ઈન્સાનિયત માટે એક ભારે મુસીબત બલ્કે કયામત પહેલાં કયામત બની ગયાં છે. હવે મોબાઈલ અને વોટ્સ અપ એ રીતે આપણી જિંદગીનો ભાગ બની ગયાં છે કે આપણે મા બાપને છોડી શકીએ છીએ, બીવી બચ્ચાંઓને છોડી શકીએ છીએ, રિશ્તેદારો અને પોતાના દોસ્તોને છોડી શકીએ છીએ પરંતુ મોબાઈલ ફોન અને વોટ્સઅપને નથી છોડી શકતા !

સાચુ પૂછો તો ! આપણને કુર્આન મુકદ્દસથી અધિક મોબાઈલ પ્રિય થઈ ગયો છે ! હુઝૂર ﷺની હદીષોથી અધિક મોબાઈલ પ્રિય થઈ ગયો છે ! અને પોતાના મા બાપથી અધિક મોબાઈલમાં વ્યસ્ત રહેવું પ્રિય થઈ ગયું છે. મચ્છર તો કેવળ રાત્રે પરેશાન કરતા હતા પરંતુ આ મોબાઈલ રાત દિવસ આપણને પરેશાન કરે છે. પત્ની આપણને બોલાવે તો આપણે તેને જવાબ આપવામાં મોડુ કરી શકીએ છીએ પરંતુ જ્યારે આ મોબાઈલ ફોન અવાજ લગાડે છે તો આપણે સર્વ કાર્ય છોડીને ત્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઈબાદત પણ છોડીને તેને પોતાના હાથમાં લઈ લઈએ છીએ. ઘરમાં મહેમાન આવે તો બરકત આવે છે પરંતુ જ્યારથી બાળકો, યુવાનો અને સ્ત્રીઓના હાથમાં મોબાઈલ આવી ગયો છે અને વોટસ અપનો સિલસિલો શરૂ થયો છે, ઘરમાં મહેમાન તો શું ચોર પણ આવી જાય અને ચોરી કરીને ચાલ્યો પણ જાય તો પણ આપણને ખબર નથી પડતી ! અમે સડકોના સિગ્નલ પર જોયું છે કે છોકરા છોકરીઓ સિગ્નલ ક્રોસ કરતા સમયે બિલ્કુલ બિન્દાસ થઈ મોબાઈલનો ઉપયોગ કરતાં ચાલી જઈ રહ્યાં છે, તેમને એ વાતની પણ ચિંતા નથી હોતી કે ક્યાંકથી કોઈ ઝડપી કાર અથવા સ્કૂટર સામે અથવા પાછળથી આવી જાય અને તેમને હલાક કરી નાખે. બલ્કે ટ્રેનોની હડફટમાં આવી જવાના બનાવો પણ બને છે. આવો પ્રથમ આપણે તેના સકારાત્મક અને લાભદાયક પાસાંઓ પર ચર્ચા કરી લઈએ.

## ★ મીડિયાનું પોઝિટિવ પાસુ ★

❐ ૨૯ રમઝાને ચાંદ નજર આવવાનું સમર્થન ફોન અને મોબાઈલથી થતુ પરંતુ હવે આપણુ યકીન બમણુ થઈ ગયું જ્યારે કે વોટ્સઅપ દ્વારા આપણે સૌએ ૨૯ તારીખની સાંજે સૂર્યાસ્ત બાદ આખુ આકાશ અને આખુ ઉદ્ભવ સ્થાન અને સ્પષ્ટ રીતે શવ્વાલનો ચાંદ પણ ખુલી આંખોએ જોઈ લીધો જે નિઃસંકોચ વોટ્સઅપનો ચમત્કાર તો છે.

❐ સોશિયલ મીડિયા અને વોટ્સઅપની મદદથી રાતો રાત કેટલાય ગુમનામ લોકો પ્રસિધ્ધ થઈ ગયા અને કેટલાય ગલી કૂચાના અજ્ઞાત રાજકારણી અને સામાજિક કાર્યકરો એસેમ્બ્લીના સદસ્ય તથા પાર્લામેન્ટના સભ્ય, ત્યાં સુધી કે પ્રધાનમંત્રીના હોદ્દા પર બિરાજમાન થઈ ગયા.

❐ સત્ય એ છે કે સોશિયલ મીડિયા, અને ગૂગલ અને વોટ્સએપનો આપણે પોતાની અને દેશ તથા પ્રજાની પ્રગતિના હેતુસર જો ઉપયોગ કરીએ તો આપણે દીની અને દુન્યવી બંનેવના દષ્ટિકોણથી પોતાને દરેક મેદાનમાં સફળ બનાવી શકીએ છીએ, મઝહબ જાણી શકીએ છીએ, ભાષા તથા વાણી શીખી શકીએ છીએ, મેડિકલ સાયન્સની જાણકારી મેળવી શકીએ છીએ, દરેક દેશની જાણકારી પામી શકીએ છીએ, દરેક જાતિનો ઈતિહાસ અને સંસ્કૃતિ માલૂમ કરી શકીએ છીએ અને કયું એવું ઈલ્મ

તથા અમલનું મેદાન અને ચિંતન તથા વિદ્યાનું ક્ષેત્ર છે જેની વિગતો આપણે ઈન્ટરનેટ અને વોટ્સઅપ દ્વારા મેળવી નથી શકતા ?

## ★ મોબાઈલ અને સોશિયલ મીડિયાના અંધકારમય તથા બર્બાદ કરનાર પાસાં ★

મોબાઈલ જૂઠુ બોલે છે, જૂઠુ શિખવે છે અને જૂઠના દરવાજા ખોલે છે. તમો ઘરે છો અને મોબાઈલ ફોન પર વાત કરનાર સામેની વ્યક્તિને બતાવી રહ્યા છો કે હું બહાર છું. તમો શહેરમાં હાજર છો પરંતુ પોતાના મોબાઈલ પર સંપર્ક કરનારને કહી રહી રહ્યા છો કે હું શહેરમાં નથી, બલ્કે શહેરથી દૂર છું. મોબાઈલ પર વાત કરનાર આપનાથી બિલ્કુલ નજીક છે પરંતુ મોબાઈલ કહી રહ્યો છે નોટ રીચિબલ ! મોબાઈલમાં રિંગ સંભળાઈ રહી છે પરંતુ આપણે પોતાના મોબાઈલને ઘરમાં રાખી દીધો છે જેથી ફોન કરનારને બહાનુ બતાવી શકાય કે મેં તો મોબાઈલ ઘરે છોડી દીધો હતો, ચાર્જિંગમાં મૂક્યો હતો અથવા સાઈલન્ટ મોડ પર રાખ્યો હતો વગેરે વગેરે. જો કોઈની સાથે મુલાક઼ાત ન કરવી હોય અથવા વાત ન કરવી હોય અને મુલાક઼ાતની મુસીબત માથે ન લેવી હોય તો બિલ્કુલ સરળ ઉપાય છે કે મોબાઈલ બંધ કરી દો અને ફોન કર્યા વિના કોઈની સાથે વાત કરવી હોય જેથી બેલેન્સ ન વપરાય તેનો સરળ તરીક઼ો એ છે કે મિસ્ડકોલ કરો. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે અધિકતર આપણે મોબાઈલ પર કોઈને કોલ કરીએ છીએ, નંબર અને નામ એકદમ બરાબર હોય છે પરંતુ એ છતાં રોન્ગ નંબર બતાવી દેવામાં આવે છે. આપ મોબાઈલ પર કોઈ વ્યક્તિથી વાત કરી રહ્યા છે પરંતુ અચાનક વચમાં ફોન આપોઆપ કટ થઈ જાય છે, કદી કદી અવાજ બંધ થઈ જાય છે અને મોટાભાગે વનવે થઈ જાય છે. જ્યારે મોબાઈલમાં આટલી ખરાબીઓ છે તો ભલા કેવળ તેના પર ભરોસો કરીને કોઈ કાર્યવાહી કરવી, ભડકી જવું અને ગુસ્સામાં પ્રત્યાઘાત આપવો એ કેટલા અંશે ઉચિત થઈ શકે છે ?

આપ પોતે જ વિચારો. આનાથી પણ ભયાનક સ્થિતિ તો વોટ્સએપની થઈ ગઈ છે. એમ સમજો કે "લમ્હોંને ખતા કી થી સદીયોંને સઝા પાઈ હૈ" વાળી પંકતિ સો ટકા વોટ્સઅપ પર ફિટ થાય છે. આજે એટલા પ્રમાણમાં નકારાત્મક ભડકાઉ અને તબાહ કરનાર તરીક઼ાથી વોટ્સઅપનો ઉપયોગ થઈ રહ્યો છે કે અલ્લાહની પનાહ ! વોટ્સઅપ આગ લગાવે છે, તબાહી મચાવે છે, વસ્તીઓના શાંતિમય માહોલમાં વિખવાદ ઉભો કરે છે અને થોડાક સમયમાં વિશાળ બગાડ પેદા કરે છે.

## ★ પોલીટિક્સમાં લોકોનું વોટસ્ અપ દ્વારા બ્રેઈન વોશિંગ ★

હમણા હાલમાં જ કર્ણાટકની વિપક્ષ પાર્ટી બી.જે.પી. આવતા વરસે યોજાનાર વિધાનસભા ચૂંટણીઓની તૈયારી માટે લોકો સુધી પહોંચવા માટે પાંચ હજાર વોટ્સઅપ ગૃપ બનાવવાનો નિર્ણય કરી ચૂકી છે. કેમ કે એમનુ કહેવું છે કે સોશિયલ મીડિયામાં પણ લોકો **Facebook** અને **Twitter**થી અધિક **Whatsapp**નો ઉપયોગ કરે છે.

*–(અખ્બારે દક્કન હેરોલ્ડ, અંગ્રેજી)*

કર્ણાટક વિપક્ષ પાર્ટી **B.J.P.**ની યોજના છે કે ઉત્તર પ્રદેશની જેમ પ્રસારણ માધ્યમોનો વધુથી વધુ ઉપયોગ કરી વોટ્સઅપ થકી બ્રેઈન વોશ કરવામાં આવે. આ માટે તેઓએ સ્થાનિક અને જીલ્લા સ્તરે કમિટીઓ બનાવી લીધી છે. તે કમિટીઓએ દસ હજારથી અધિક વોટ્સઅપ ગૃપ બનાવી લીધાં છે !

એ જ રીતે ગયા વરસે અમેરિકી પ્રમુખની ચૂંટણીમાં પણ સોશિયલ મીડિયાનો ખૂબ ખૂબ ઉપયોગ કરવામાં આવ્યો અને પરિણામે ટ્રમ્પજી સફળ થયા.

જેમ કે અમેરિકાના રાષ્ટ્રપતિ જનાબ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી મીડિયા અને તેમના વચ્ચે વધતા વિરોધના સંદર્ભે કહ્યું છે કે તેમણે ૨૦૧૬નું અમેરિકાનું રાષ્ટ્રીય ઈલેક્શન સોશિયલ મીડિયાની મદદથી જ જીત્યું છે. તે કહે છે :–

**અંગ્રેજીનો અનુવાદ** : "બનાવટી તથા ધોકાબાઝ મીડિયા ખૂબ જ મહેનત કરીને રીપબ્લિક તથા અન્ય લોકોને સોશિયલ મીડિયાથી વંચિત રાખવા માટે પ્રયાસ કરી રહ્યું છે, પણ યાદ રાખશો કે હું ૨૦૧૬નું ઈલેકશન ઈન્ટરવ્યુ, બયાનો તથા સોશિયલ મીડિયાના આધારે જીત્યો છું. ટ્રમ્પે ટ્વીટર પર કહ્યું. (**D.H. Huballi-Dharwad July-3-2017**)

જાણે અમેરિકી રાષ્ટ્રપતિ એક બાજુ અમેરિકી મીડિયા તથા પ્રેસને જૂઠ અને ધોકાબાજીનું પોટલુ પણ કહી રહ્યા છે તો બીજી બાજુ ખુદ સોશિયલ મીડિયાની પ્રશંસા પણ કરે છે કે મેં ઈલેક્શનમાં સફળતા તેના જ આધારે મેળવી છે ! હવે કોણ સાચુ છે અને કોણ જૂઠુ છે એ અમો અવામની અદાલત પણ છોડી દઈએ છીએ.

## ★ લોકોની એકતાને તોડવામાં વોટ્સ અપનો ઉપયોગ ★

તારીખ ૨૭ જુન ૨૦૧૭ના અંગ્રેજી અખ્બાર દક્કન હેરોલ્ડમાં એક લેખ વોટ્સઅપની ખરાબીઓ વિશે વિગતે પ્રકાશિત થયો છે જેમાં ઘણી સાચી ઘટનાઓની રોશનીમાં વોટ્સઅપની તબાહકારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ જણાવવામાં આવ્યું છે કે આ નફરતનું એવું સાધન છે જેમાં અધિકાંશ જાહેરમાં કૌમ પરસ્તીનો ક્રોધ નજર આવે છે પરંતુ હકીકતમાં એ ગુસ્સામાં કોમવાદી માનસ છુપાયેલ હોય છે. હિંદુસ્તાનની વોટ્સઅપમાં મેસેજ મોકલવાની સ્થિતિ હવે આ વાતોથી ભરપૂર અને ગંદી થઈ ચૂકી છે. કારણ કે મફત અને ગુમનામીથી ઉપયોગના કારણે અજાણી તથા અજીબો ગરીબ વાતો ફેલાવવાનુ દેશમાં આ પ્રિય માધ્યમ બની ગયું છે.

નિષ્ણાતોનું કહેવું છે કે હિંદુસ્તાનના અઢાર કરોડ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, જેનામાં ૬૬ ટકા શહેરી અને ૮૫ ટકા ગ્રામીણ સોશિયલ મીડિયાને જાણવા માટે રોજ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. હિંદુસ્તાનમાં હાલમાં ૩૦ કરોડ સ્માર્ટ ફોન છે જેમનામાંથી અધિકતર બિલ્કુલ સસ્તી કિંમતે મળે છે જે ચીનના બનેલા હોય છે. દુનિયાના એક અરબ વોટ્સઅપ ઉપયોગ કરનારાઓમાં ૨૦ કરોડ તો કેવળ હિંદુસ્તાનમાં મૌજૂદ છે. આ રીતે આપણો દેશ એપ્સની સૌથી મોટી મંડી બને ગયો છે.

વોટ્સએપની ખરાબીઓ અને તબાહકારીઓ વિશે ઘણી કડવી હક઼ીક઼તોનું વર્ણન કરતાં લેખક કહે છે કે વોટ્સઅપે ગલતફહમી અને નફરતના અંગારા ભડકાવવામાં પાયાનો રોલ ભજવ્યો છે. એ લેખમાં ઝારખંડ, ઉત્તરપ્રદેશ, મુઝફ્ફરનગર, પૂના અને દેશના ઘણા વિસ્તારમાં શહેરો અને ગામડાઓમાં વોટ્સઅપની ફેલાવેલી સાચી જૂઠી ખબરોથી થયેલી તબાહીઓનું વર્ણન છે.

## ★ વોટ્સ અપની નકારાત્મક અસરોથી સમાજ પરેશાન ! ★

વોટ્સઅપે લોકોને એટલા કન્ફયુઝ઼ડ બનાવી દીધા છે કે આજે શું સત્ય છે અને શું જૂઠ ? કોણ સાચુ છે અને કોણ જૂઠુ ? અને કોણ કાતિલ છે અને કોણ સિપાહી ? કાંઈ પતો નથી લાગતો. સારાંશ કે વોટ્સ અપે સૌને સખત મુઝવણમાં નાખી દીધા છે અને સૌને પોત પોતાની વાસ્તવિક દિશાથી દૂર કરી દીધા છે. આજના સોશિયલ મીડિયાએ આપણા બાળકો, બાળકીઓ અને નવયુવાનોને ઘણી ઝડપથી સંસ્કારને બગાડનાર અમલના આદી બનાવી દીધા છે,

જેનો જાહેરમાં કોઈ પણ ધર્મના માનવાવાળા પાસે પ્રેક્ટીકલી કોઈ તોડ નજર નથી આવતો. મોબાઈલ પર બાળકોનું લગાતાર કલાકો સુધી વ્યસ્ત રહેવું એટલુ ખતરનાક અને નુકસાનકારક છે કે બાળકોના સ્વાસ્થ્ય પર અને તેમની આંખો પર અસર પડે છે અને તે એકાંતપ્રિય બની જાય છે. આપણને શિકાયત છે કે બાળકોએ મોબાઈલ ખરાબ કરી દીધો પરંતુ આપણે ભૂલી ગયા કે મોબાઈલે બાળકોને પણ ખરાબ કરી દીધાં છે. દરેક મા બાપ આજે પોતાના બાળકો વિશે સખત પરેશાન છે કે છેવટે કરે તો શું કરે અને કઈ રીતે ઈન્ટરનેટ અને વોટ્સઅપની બુરાઈઓથી બાળકોને દૂર રાખે ? મુસલમાન બાળકો નમાઝથી પહેલાં કુર્આન પઢવાથી પહેલાં અને પોતાના મા બાપનો ચહેરો જોવા પહેલાં વોટ્સઅપ ઓપન કરે છે ત્યાર પછી જ કોઈ અન્ય કાર્ય કરે છે, બલ્કે મસ્જિદમાં પણ એને મૂકતા નથી !

## ★ ફેસબુક અને કુર્આની હુકમો ★

ફેસબુકના સારા નરસા ઉપયોગ પર એક જાણકારે બહુ સારી સ્પષ્ટતા રજૂ કરી છે જે મને પોતે વોટ્સએપ દ્વારા જ પ્રાપ્ત થઈ છે. જેને હું આપ સૌ સાથે પણ શેર કરવા ચાહીશ. નિચોડ એ છે કે ફેસબુકમાં બે શબ્દો ઉપયોગ થાય છે જેમાં એકનો અર્થ થાય છે ચહેરો અને બીજાનો અર્થ છે કિતાબ. કુર્આન કરીમમાં કયામતનો મંઝર વર્ણવવામાં આવ્યો છે જેમાં બતાવવામાં આવ્યું છે કે ઈમાન અને નેક અમલવાળા ચહેરા રોશન હશે અને બદકાર અને ગુનેહગાર ચહેરા કાળા અને બદસૂરત હશે. ઈર્શાદ છે :

يَّوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ وَّ تَسۡوَدُّ وُجُوۡهٌ ۚ فَاَمَّا الَّذِيۡنَ اسۡوَدَّتۡ وُجُوۡهُهُمۡ

"તે દિવસે અમુક ચહેરા રોશન હશે અને અમુક ચહેરા કાળા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૦૬)*

એ જ રીત કુર્આને હકીમમાં છે કે દરેક ઈન્સાનની અચ્છાઈ અને બુરાઈનું તાવીઝ તેના ગળામાં નાંખી દેવામાં આવ્યું છે જે તેનું નામએ આ'માલ હશે. અને જેને કયામતમાં તેની સમક્ષ ઉઘાડી કિતાબના રૂપમાં તેની સામે રજૂ કરી દેવામાં આવશે. ઈર્શાદ છે :

وَكُلَّ اِنۡسَانٍ اَلۡزَمۡنٰهُ طٰۤـئِرَهٗ فِىۡ عُنُقِهٖ ؕ وَنُخۡرِجُ لَهٗ يَوۡمَ الۡقِيٰمَةِ كِتٰبًا يَّلۡقٰٮهُ مَنۡشُوۡرًا ﴿۱۳﴾

"દરેક ઈન્સાનના ગળામાં અમે તેની અચ્છાઈ અને બુરાઈ લટકાવી દીધી છે જેને અમે કયામતના દિવસે ઉઘાડી કિતાબના રૂપમાં તેના માટે કાઢીશું." *(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૧૩)*

અને એક સ્થળે છે :–

اِقۡرَاۡ كِتٰبَكَ ؕ كَفٰى بِنَفۡسِكَ الۡيَوۡمَ عَلَيۡكَ حَسِيۡبًا ﴿۱۴﴾

"કિયામતના દિવસે કહેવામાં આવશે, તારી અમલોની કિતાબ ખોલીને પઢી લે ! આજે તારો હિસાબ લેવા માટે તું ખુદ કાફી છે."

*–(સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૧૪)*

હવે જે શખ્સ એ ઈચ્છે છે કે કયામતમાં તેનો ચહેરો રોશન હોય અને તેના નામએ આમાલની કિતાબ તેના જમણા હાથમાં આપવામાં આવે તો તેને જોઈએ કે તે ફેસબુક દ્વારા સકારાત્મક, લાભદાયક, કામની અને સારી વાતો, શેર કરે, સેવ કરે, પોસ્ટ કરે અને અપલોડ કરે અને નકારાત્મક તથા નુકસાનકારક, હલાક કરનાર તથા હાનિકારક અને બુરી વાતોને સેવ, શેર, પોસ્ટ અને અપલોડ કરવાથી સખતી સાથે બચે. કારણ કે આ બુરાઈ આપણા બાળ કો અને યુવાનોમાં અધિક છે, એટલા માટે આ સંબંધે મા બાપની જવાબદારી વિશે કુર્આન હકીમે ઘણા પહેલાં જ મા બાપને સખત ચેતવણી અને તાકીદ કરી છે કે તેઓ પોતાની અવલાદ પર નજર રાખે, જેમ કે હુકમ છે :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا قُوۡۤا اَنۡفُسَكُمۡ وَاَهۡلِيۡكُمۡ نَارًا وَّقُوۡدُهَا النَّاسُ وَالۡحِجَارَةُ

"હે ઈમાનવાળાઓ ! પોતાની જાનો અને પોતાના ઘરવાળાઓને તે આગથી બચાવો જેનુ બળ તણ આદમી અને પથ્થર છે." *(સૂ. તહરીમ, ૬૬/૬)*

## ★ નફરત ન ફેલાવો કોઈની બદનામી ન કરો ! ★

સોશિયલ મીડિયાનું એક ભયાનક તથા નફરત ફેલાવનાર કામ એ પણ છે કે લોકોના છુપાયેલા ઐબોને ઉઘાડા કરવામાં આવે અને શરીફ લોકોને સમાજમાં બદનામ કરવામાં આવે અને ગયા ગુજરેલા ફિત્ના અને ભૂતકાળના ઈતિહાસના કબ્રસ્તાનમાં દફન મુર્દાઓને કાઢી ફિત્નો ખડો કરવામાં આવે. જ્યારે કે કુર્આને હકીમ આપણને હુકમ આપે છે કે :–

قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّیَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَ مَا بَطَنَ
وَالْاِثْمَ وَالْبَغْیَ بِغَیْرِ الْحَقِّ

"તમે ફર્માવો ! મારા રબે તો બેહયાઈઓ હરામ ફર્માવી છે જે એમનામાં ઉઘાડી છે અને જે છુપી અને ગુનાહ અને નાહક ઝિયાદતી." *(સૂ. અઅરાફ, ૭/૩૩)*

એ સત્ય છે કે જો લોકો દરમિયાનથી પ્રેસ અને મીડિયા હટી જાય તો શહેરોથી અડધો બગાડ ખત્મ થઈ જાય અથવા બગાડ ત્યાંનો ત્યાં જ રહી જાય. આ સંદર્ભે સાયબર ક્રાઈમ દ્વારા પ્રકાશમાં આવેલ તાજી ઘટના વાંચો તો આપ પણ હેરાન થઈ જશો.

હમણા હાલમાં બેંગ્લોરની પોલીસ I.I.Tના શિક્ષિત નવયુવાન અભિનવ શ્રીવાસ્તવને ગિરફતાર કર્યો કે તેણે આધાર કાર્ડની વિગતો ચોરાવી હતી. પરંતુ તેને જ્યારે પકડવામાં આવ્યો અને તેની પૂછતાછ શરૂ કરી તો સાયબર ક્રાઈમ પોલિસનું આશ્ચર્ય ત્યારે વધી ગયું જ્યારે તેમણે એ જોયું કે અપરાધી નવયુવાનની ટેકનિકી કાબેલિયત એટલી હદે આશ્ચર્યજનક છે કે ખુદ સાયબર ક્રાઈમ પોલિસ તેની કાબેલિયત સામે ચકિત થઈ ગઈ છે અને તે એ નવયુવાનને પોતાનાં ડિપાર્ટમેન્ટમાં જોબ આપવા ઈચ્છુક થઈ ગયા. અખ્બારની આ રિપોર્ટ તમે પણ વાંચો :–

**અંગ્રેજીનો અનુવાદ** : પોલીસનુ આરોપીની સ્કીલથી ઈમ્પ્રેસ (પ્રભાવિત) થવું એ કોઈ સામાન્ય વાત નથી. બેંગલુરૂ પોલીસ જે આધાર કાર્ડ ડેટા લીકનું ઈન્વેસ્ટીગેશન કરતી હતી જે એપ ડેવલોપર I.I.T. ગ્રેજ્યુએટ અભિનવ શ્રીવાસ્તવ દ્વારા થયું છે, તેઓ એની સ્કીલથી ખૂબ જ પ્રભાવિત હતા અને તેને સાયબર એકસપર્ટ તરીકે રાખવાની ઈચ્છા ધરાવતા હતા. (DH-Aug, 10-2017, Huballi Dharwad)

## ★ મીડિયાનો નકારાત્મક રોલ તબાહી મચાવે છે ★

પરંતુ એ પણ સત્ય છે કે જો મીડિયા અને પ્રેસ ઈમાનદારી અને સચ્ચાઈની સોગંધ લઈ લે તો બેશક ! તે પૈગમ્બરાના મિશનના એક મહાન પ્રતિનિધિ અને એક મહાન સુધારકનો રોલ અદા કરી શકે છે. કારણ કે ઘણીવાર એવું થયું છે અને થતુ રહે છે કે મીડિયા તથા પ્રેસના ગલત બયાન, મીઠુ મરચુ ઉમેરીને રાયને પહાડ બનાવી રજૂ કરવાના નાપાક વલણે અમ્નો મહોબ્બતથી ભરપૂર વસ્તીઓને ઝઘડા ફસાદ તથા નફરતના અંગારાઓથી જહન્નમ બનાવી દીધી છે, તો ઘણીવાર એવું પણ થાય છે કે મીડિયા અને પ્રેસની સત્યતા, ઉઘાડે છોગે હકીકતનો ઈઝહાર અને ઘટનાઓની આબેહૂબ રજૂઆત મઝ્લૂમોની ફરિયાદરસી અને કમજોરોની હમદર્દી તથા ખૈરખ્વાહીનો ફરીઝો તથા ઈન્સાનિયત તથા ઈન્સાફની જવાબદારી પણ નિભાવી છે. મીડિયાના હકારાત્મક તથા નકારાત્મક રોલ વિશે વેસ્ટ બંગાલમાં થયેલા હાલના હિંદુ મુસ્લિમ રમખાણોના સંદર્ભે અંગ્રેજી અખ્બાર હેરાલ્ડ ૧૬ જુલાઈ ૨૦૧૭માં એક વિગતવાર રિપોર્ટ પ્રકાશિત થઈ છે જેમાં મીડિયાના રોલ પર એક લેખ પણ છે. અત્રે તેનો સાર અને અંગ્રેજી લખાણનું ભાષાંતર વર્ણવીએ છીએ જેથી

વાંચકોને મીડિયાના લાભદાયક તથા હાનિકારક પાસાંઓની સચોટ જાણકારી મળી શકે.

એક ૧૭ વરસના બાળકે ફેસબુકમાં બસીરહટ શહેરમાં રમખાણની ખબર આપી જેના પછી મકાનો અને કારો પર હુમ્લા શરૂ થયા. કાર્તિક નામના એક વ્યક્તિ પર ભીડે હુમ્લો કર્યો અને તે મરી ગયો. પછી કૌમી રમખાણો બીજા શહેરોમાં ફેલાય ગયાં. એક બીજા પર હુમ્લાનો ક્રમ શરૂ થઈ ગયો. કેટલાય દશકાઓ બાદ મીડિયાએ પહેલીવાર બંગાલમાં કૌમી રમખાણો થયાની ખબર આપી, કારણ કે કૌમી રમખાણોના મામલામાં મીડિયા રિપોર્ટિંગના સંબંધે એક વિશેષ પ્રકારની સમજદારીનું પાબંદ હતું. તે જાણતા હતા કે રિપોર્ટિંગ બળતામાં તેલનું કામ કરશે એટલા માટે બાબરી મસ્જિદની શહાદત અને ગોધરાની ઘટનાઓ પણ અહીયાં લોકોને ભડકાવી ન શકી. સારાંશ કે મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે વાતચીત બાદ બસીરહટની ઘટનાઓની રિપોર્ટિંગ થઈ જેના બાદ અફવાઓ પર કંટ્રોલ થયો. મુખ્યમંત્રીએ રાજ્યના પ્રેસની પ્રશંસા કરી જ્યારે કે બે રાષ્ટ્રીય ટી.વી. ચેનલ પર તોફાનો ભડકાવવાનો આક્ષેપ મૂક્યો.

ધ્યાનથી જુઓ તો આજે મીડિયા સુધી પહોંચવાના જેટલા પણ માધ્યમો છે તે સૌનો પ્રયોગ અધિકતમ સામાન્ય પ્રજાને ભડકાવવા અને સખત તથા તાત્કાલિક અને ભયાનક પ્રતિક્રિયા જાહેર કરવા માટે જ કરવામાં આવી રહ્યો છે. કુર્આને હકીમે જમીન અને સમુદ્રમાં ફેલાય જનારા જુલ્મ અને બુરાઈની તરફ ઘણા પહેલાં જ લોકોને ખબરદાર કરી દીધા હતા. જેમ કે ઈર્શાદ છે :–

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَ الْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ

"ફેલાયી બુરાઈ જમીન તથા પાણીમાં એ બુરાઈઓથી જે લોકોના હાથોએ કમાયી." *(સૂ. રૂમ, ૩૦/૪૧)*

## ★ બુરાઈ ખતમ કરવા કુર્આની આદેશો ★

જાણે દરેક બાજુ બુરાઈ જ બુરાઈ છે બલ્કે દરેક બુરાઈના જવાબમાં બીજી બુરાઈ તૈયાર છે અને દરેક દિશામાં ફિત્ના જ ફિત્ના છે અને દરેક ફિત્નાના જવાબમાં એક જ નહીં બલ્કે ઘણા ફિત્ના ઈન્સાની વસ્તીઓમાં આગ લગાવવા માટે આતુર છે. એટલા માટે હે મુસલમાનો અને હે નવયુવાનો ! (અ) બેહૂદા વાતોથી બચો.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۙ الَّذِيْنَ هُمْ فِيْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ ۙ وَ الَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ ۙ

"બેશક ! મુરાદને પહોંચ્યા ઈમાનવાળા તેઓ જે પોતાની નમાઝોમાં ખુશૂઅ તથા ખુઝૂઅ (એકાગ્રતા) વર્તે છે અને તેઓ જે કોઈ બેહૂદા વાતની તરફ ધ્યાન નથી કરતા." *(સૂ. મુઅમિનૂન, ૩૩/૧ થી ૩)*

હે મુસલમાનો અને હે નવયુવાનો ! જે વાત જે કામ અને જે વસ્તુ તમારા મતલબની નથી તેનાથી દૂર રહો, તેમાં રૂચી ન દેખાડો. આપણા નબી મોઅલ્લિમે ઈન્સાનિયત વ અખ્લાક ﷺનું ફર્માન છે :–

قال رسول الله ﷺ من حسن السلام المرء ترك مالا يعنيه

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **"માણસના ઈસ્લામનુ હુસ્ન એ છે કે તે એવી સર્વ વાતોથી બચે જે એના મતલબની ન હોય."**

હે મુસલમાનો અને હે નવયુવાનો ! કોઈ બેહૂદા વાત જુઓ તો તેને ફેલાવવા અને લોકોને ઉશ્કેરવાથી સખ્તીથી બચો. અલ્લાહ હુકમ આપે છે :–

اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ فِي الَّذِيْنَ اٰمَنُوْا لَهُمْ عَذَابٌ اَلِيْمٌ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ ؕ وَ اللّٰهُ يَعْلَمُ وَ اَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝١٩

وَ اَحۡسِنۡ کَمَاۤ اَحۡسَنَ اللّٰهُ اِلَیۡكَ وَ لَا تَبۡغِ الۡفَسَادَ فِی الۡاَرۡضِ اِنَّ اللّٰهَ لَا یُحِبُّ الۡمُفۡسِدِیۡنَ

"અને એહસાન કર જે રીતે અલ્લાહે તારા પર એહસાન કર્યું અને જમીનમાં ફસાદ ન ચાહ, બેશક ! અલ્લાહ ફસાદીઓને (તોફાનીઓને) પસંદ નથી કરતો." *(સૂ. ક઼સસ, ૨૮/૭૭)*

અને હે મુસલમાનો અને હે નવયુવાનો ! હમેશાં નેકી અને પરહેઝગારીમાં એકબીજાની મદદ કરો અને ગુનાહ તથા બુરાઈમાં હરગિઝ કોઈની મદદ ન કરો ભલે એ તમારો ભાઈ પણ કેમ ન હોય. અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે :–

وَ لَا تَعَاوَنُوۡا عَلَی الۡاِثۡمِ وَ الۡعُدۡوَانِ ۪ وَ اتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ شَدِیۡدُ الۡعِقَابِ

"અને નેકી અને પરહેઝગારી પર એક બીજાની મદદ કરો અને ગુનાહ અને ઝિયાદતી (જુલ્મ) પર એક બીજાની મદદ ન કરો અને અલ્લાહથી ડરતા રહો, બેશક઼ ! અલ્લાહનો અઝાબ સખત છે."

*–(સૂ. માએદા, આ–૨)*

*(અશરફિયા મંથલી–મુબારકપુર, ઓક્ટો. ૨૦૧૭)*

**"તે લોકો જે ચાહે છે કે મુસલમાનોમાં બુરી ચર્ચા ફેલાય તેમના માટે દર્દનાક અઝાબ છે દુનિયા અને આખેરતમાં, અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા."** *(સૂ. નૂર, ૨૪/૧૯)*

હે મુસલમાનો અને હે નવયુવાનો ! જે વાતો, જે કામો અને જે લોકોથી વસ્તીઓમાં ફસાદ ફેલાય જાય એમનાથી દૂર રહો અને હરગિઝ ફિત્ના ફસાદ ફેલાવા ન દો. અલ્લાહ તઆલા ઝઘડાળુઓને પસંદ નથી કરતો. ઈર્શાદ છે :–

وَ یَسۡعَوۡنَ فِی الۡاَرۡضِ فَسَادًا ؕ وَ اللّٰهُ لَا یُحِبُّ الۡمُفۡسِدِیۡنَ

"અને જમીનમાં ઝઘડાને માટે દોડતા ફરે છે અને અલ્લાહ ઝઘડાળુઓને પસંદ નથી કરતો."

*–(સૂ. માએદા, ૫/૬૪)*

હે મુસલમાનો અને હે નવયુવાનો ! દરેક પ્રકારના ફિત્ના ફસાદથી બચો અને એકબીજા સાથે ભલાઈ કરો, ભલાઈ કરવામાં ઊંચનીચ, જાતપાત અને રંગ તથા નસલનો ભેદભાવ ન કરો. અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે :–

## ★ અણમોલ કિતાબ મંગાવો ★

**પુસ્તકનું નામ** : ગુજરાતના સત્તારીયા અવલિયાએ કિરામ (ગુજરાત)

**સંપાદક** : શાહિદ કલીમી તેમજ મૌલાના અબ્દુલ કાદિર કુરૈશી

**પુષ્ઠ સંખ્યા** : ૧૭૫

**કિંમત** : રૂા. ૧૦૦/– પોસ્ટેજ સહિત

**પ્રકાશક** : એન.બી.એસ. બુક ડીપો, ટોરેન્ટ પાવરની પાસે, મોર્કસવાડ, મિર્ઝાપુર, અહમદાબાદ–૧

પ્રસ્તુત પુસ્તકમાં શાહ અબ્દુલ્લાહ સત્તારીથી લઈને હઝરત સુલતાન બ્રાજીત ચિશ્તી સત્તારી (رحمۃ اللہ علیہ) સુધી ભારતમાં ફેલાયેલ સત્તારિયા સિલસિલાના બુઝુર્ગોનું સંક્ષિપ્ત ઈતિહાસ છે. ગુજરાતની ધરતીને જેમના ઉપર ફખ્ર છે એવા બુઝુર્ગ હઝરત શાહ વજીહુદ્દીન ગુજરાતી અલવી (رحمۃ اللہ علیہ)ના જીવનનો વિસ્તૃત અહેવાલ પણ સામેલ છે અને આપના ઈલ્મી કારનામાઓની પરંપરા તો એવી રહી ચૂકી છે કે છેલ્લા ૧૦૦ વર્ષ પહેલાં સુધી આપના લિખિત પુસ્તક મિસરમાં પાઠય પુસ્તકરૂપે અભ્યાસક્રમમાં "અલ અઝહર યુનિવર્સિટી"માં સામેલ હતાં. વધુ જાણકારી માટે અચુક કિતાબ મંગાવશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજાની ટપાલ.... કાર્યાલય

## :: શાદી મુબારક ::

**સરનાર (જિ. ભરૂચ) :** સરનાર નિવાસી (હાલ દયાદરા) હાફેઝ અબ્દુલ્લાહ અલી અક્કુની નેક દુખ્તર આલિમા અઝમિનાની શાદી દયાદરા નિવાસી હાજી સુલેમાન વલી નમાજીના નેક ફરઝંદ હાફેઝ યાસીન સાથે તા. ૨૨–૧૦–૨૦૧૭ના રોજ તથા નેક ફરઝંદ હાફેઝ મો. અફઝલ (પેશ ઈમામ–જામા મસ્જિદ–દયાદરા)ની શાદી ખોજબલ નિવાસી ગફૂર મૂસા પટેલની નેક દુખ્તર મુબશ્શિરા સાથે તા. ૨૩–૧૦–૨૦૧૭ના રોજ રાખવામાં આવી હતી.

**વોરાસમની :** ખાતે જનાબ હાજી વલીભાઈ ઉમરજી માસ્તરના નેક ફરઝંદ મુહમ્મદ અખ્તરની નિકાહખ્વાની સરનાર નિવાસી અબ્દુલ્લાહ મૂસા શેઠની નેક દુખ્તર ફઝીલા સાથે તા. ૧૩–૧૦–૨૦૧૭ જુમ્આના રોજ મસ્જિદમાં રાખવામાં આવી.

**નાપાડ :** નિવાસી હાફેઝ શાહબાઝ રઝા રાઠોડ (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)ની નિકાહખ્વાની નસીમબાનુ સાથે ૨૭–૧૦–૨૦૧૭ જુમ્આના રોજ આંકલાવ ખાતે મસ્જિદમાં રાખવામાં આવી.

**નબીપુર :** ખાતે જનાબ ચપટી દાઉદ સુલેમાનના નેક ફરઝંદ યાસિરની નિકાહખ્વાની માસ્તર હનીફ મુહમ્મદ મૂસા પટેલ (અરગામાવાળા, ભરૂચ–રોશન પાર્ક)ની નેક દુખ્તર મુબીના સાથે તા. ૧૯–૧૦–૨૦૧૭ જુમેરાતના રાખવામાં આવી.

**કાવી :** નિવાસી નૂર મુહમ્મદ મુસ્તુફા ભગતના નેક ફરઝંદ હાફિઝો કારી ફહદની નિકાહખ્વાની સલાદરા મુકામે મુબારક મુહમ્મદ પટેલની નેક દુખ્તર આલિમા નિલોફરબાનુ સાથે તા. ૩૦–૧૦–૨૦૧૭ થયા. આગલા દિવસે રાત્રે સલાદરા મુકામે મેહફિલે નઅત સજાવાયી હતી જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ ખૂબસૂરત અંદાઝમાં નઅતો મન્કબત પઢી હતી. નિકાહ હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પઢાવ્યા હતા.

**સાંસરોદ :** નિવાસી અહમદ ઉમરજી પટેલની નેક દુખ્તર શેહનાઝબાનુની નિકાહખ્વાની દયાદરા નિવાસી ગુલામ ઈસ્માઈલ લાંગ્યાના નેક ફરઝંદ એઝાઝ સાથે તા. ૪–૧૧–૨૦૧૭ શનિવારે અયવાને મદની હોલ–પાલેજ ખાતે રાખવામાં આવી હતી.

**પરસીયા :** (કલાં, પો.કૌઆપુર, જિ. બલરામપુર–યુ.પી.) નિવાસી મુહમ્મદ મુર્તઝા કાદરીની નેક દુખ્તર શબાનાખાતૂનની નિકાહખ્વાની ઈટીયાથોક જિ. ગોંડા નિવાસી સિરાજ અહમદ નૌશહરાના નેક ફરઝંદ શમીમ અહમદ સાથે તા. ૨૬–૧૧–૨૦૧૭ રવિવારે રાખવામાં આવી.

**ટંકારીઆ :** મુબારક મૂસા બશેરીની નેક દુખ્તર ફિરદોસબાનુ (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકની સગી ભાણકી)ની નિકાહખ્વાની ટંકારીઆ નિવાસી મર્હૂમ ઈલ્યાસ ઈબ્રાહીમ થુથીના નેક ફરઝંદ સુહેલ સાથે તા. ૧૦–૧૨–૨૦૧૭ રવિવારે મદ્રસા હોલ મોટા પાદરમાં રાખવામાં આવી.

**ભરૂચ :** ખાતે મુનાફ મુહમ્મદ અલીભાઈ પટેલ (કોલવણાવાળા)ની નેક દુખ્તર મસર્રતની નિકાહખ્વાની ટંકારીઆ નિવાસી દિલાવર ઈબ્રાહીમ સાપાના નેક ફરઝંદ મુહમ્મદ ફૈયાઝ સાથે તા. ૨૪–૧૧–૨૦૧૭ જુમ્આની નમાઝ બાદ જામા મસ્જિદ ટંકારીઆમાં કરવામાં આવી. ભરૂચ ખાતે દાવત તથા રૂખસતી તા. ૨૬–૧૧–૨૦૧૭ રવિવારે કરવામાં આવી.

દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ જશ્ને મીલાદુન્નબી ﷺના જલસાઓ ★

**દયાદરા :** ખાતે તા. ૨૨–૧૧–૨૦૧૭ના રોજ મેહફિલે નઅત (નવયુવાન કમિટી થકી)નો પ્રોગ્રામ મોટા ચકલા પર થયો જેમાં કારી મકસૂદ કાવીવાળા (પેશ ઈમામ–દયાદરા)એ તેમજ (લહેરી ફેમેલી થકી) તા. ૨૭–૧૧–૨૦૧૭ના રોજ મશ્હૂર નઅતખ્વાં કારી રિયાઝુદ્દીન અશરફી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મુંબઈથી આવીને ખુશ્નુમા માહોલમાં નઅતો મન્કબતો પેશ કરી. તા. ૨૬–૧૧–૨૦૧૭ તથા તા. ૧–૧૨–૨૦૧૭ના રોજ (ખાસ મીલાદુન્નબી ﷺની રાત્રે) મોટા ચકલા પર મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ખૂબ ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં. તા. ૨–૧૨–૨૦૧૭ શનિવારે સવારમાં મીલાદુન્નબી ﷺનું જુલૂસ રાબેતા મુજબ ગામ ફેરી ફર્યુ હતું. પછી મસ્જિદમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે તબર્રુકાત તથા બાલ મુબારકની ફઝીલત પર ઈમાન અફરોઝ બયાન કર્યું બાદમાં મૂએ મુબારકની ઝિયારત અતિ અદબભેર કરાવાઈ હતી. અને અકુજી કોમ્યુ. હોલમાં આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

**જશ્ને મસર્રત : માલેગાંવ :** મુકામે અલ્હાજ સૈયદ યાસીનઅલી ઈબ્ને સૈયદ સરવરઅલી કાઝીની (તે આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરીનાં બહેન) દુખ્તર નેક અખ્તર શાઈસ્તા પરવીનની નિકાહખ્વાની જનાબ ઈમરાનખાન ઈબ્ને હાજી ગુલાબખાનના નેક ફરઝંદ નાસિરખાન સાથે તા. ૩–૧૨–૨૦૧૭, ૧૪ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૯ રવિવારે ૧૧ વાગ્યે ખૂબ જ શાનો શૌકતથી ઈસ્લામી તરીકાથી રાખવામાં આવી. જેમાં વિવિધ સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, તલબા, મુબલ્લિગોએ હાજરી આપી હતી. ખાસ કરીને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે મોકાસર ફિક્રી બયાન કર્યું હતું. એ અગાઉ મશ્હૂર નઅત ખ્વાનો અલ્હાજ કારી રિઝવાનખાન સાહબ તેમજ કારી રિયાઝુદ્દીન અશરફી સાહબે તેમજ અન્ય સુન્ની દા'વતે ઈસ્લામીના મુલ્લિગોએ નઅતના ગુલદસ્તા પેશ કર્યા હતા તથા હાફિઝ અમીન સાહબે (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત) પણ નિકાહ સંબંધી ઈસ્લાહી બયાન કર્યું હતું. ભરૂચથી મુબલ્લિગો પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક), હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, જનાબ તારીકભાઈ શેખ, જનાબ સિદ્દીકભાઈ ચાંચવેલી, મુશ્તાકભાઈ મુન્શીએ હાજરી આપી હતી. સૂરતથી મુબલ્લિગો ડો. આદિલ સાહબ, અસ્વદભાઈ તેમજ નંદરબારથી જનાબ સઈદનૂરી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) વગેરે અનેક ઠેકાણેથી ઉલમા, મુબલ્લિગોએ હાજરી આપી સૈયદ સાહબ તથા ફેમીલીને મુબારકબાદી આપી હતી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺ સદકામાં દુલ્હા દુલ્હન તથા કુંટુંબીજનોને બંને જહાનની ખુશીઓથી માલામાલ કરે. ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા :** ખાતે જનાબ મુખ્તાર મકસૂદ ઈબ્રાહીમ અહમદ ઈસેના ત્યાં પુત્રનો જન્મ તા. ૧૧–૧૦–૨૦૧૭ના રોજ થયો જેનુ નામ "મુહમ્મદ ઝુલ્કરનૈન" રાખ્યું છે. (જે હાફિઝ અલ્તાફ અહમદ દુકાનવાળા વો. સમનીના નવાસા થાય.) દાદા–દાદી, નાના–નાની તથા સૌ પરિવારજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં નવાંગતુકને સૌની આંખોની ઠંડક બનાવે, દીન દુનિયાની નેઅમતોથી નવાઝે, દીનનો સુન્નિયતનો ખાદિમ બનાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ યૌમે મુફતીએ આઝમે હિંદ તથા લેખિત હરિફાઈ ★

**આમોદ** : તા. ૫–૧૦–૨૦૧૭ જુમેરાતના રોજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ થકી યૌમે મુફતીએ આ'ઝમે હિંદ મનાવાયો. આ મુબારક પ્રસંગે એક લેખિત હરિફાઈ યોજાઈ. આ મેહફિલ મસ્જિદે રઝા આમોદમાં રાખવામાં આવી હતી. જેમાં સદારતમાં મૌલાના ગુલામયાસીન નૂરાની (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ), મહેમાને ખુસૂસી મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી), હાફિઝ અબ્દુર્રહીમ સાહબ (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા –આમોદ) તથા અન્ય તમામ અસાતેઝાએ કિરામ (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) હાજર રહ્યા હતા. હાફિઝો ક઼ારી મુહમ્મદ ઈરફાન (મછાસરા, મુતઅલ્લિમ દરજએ કિ઼રાઅત) સાહબે કુર્આને મુક઼દ્દસની તિલાવતથી મેહફિલની શરૂઆત કરી તેમાં રોનક લાવી દીધી હતી. ત્યાર બાદ એક પછી એક દારુલ ઉલૂમ હાઝાના તલ્બાઓએ નઅતના ગુલદસ્તાઓ તથા બારગાહે મુફતીએ આ'ઝમે હિંદમાં ખિરાજે અકી઼દત પેશ કરી હતી.

ત્યાર બાદ સદરુલ મુદર્રિસીન મૌલાના ગુલામયાસીન નૂરાની સાહબે કુર્આની તથા બીજા અનેક ઉદાહરણો આપી તલ્બાને ક઼લમની મહત્વતા જણાવી ક઼લમી જાગૃતિ પેદા કરી.

આ લેખિત હરિફાઈમાં કુલ ૩૨ તલ્બાએ હિસ્સો લીધો હતો જેમની ત્રણ ગ્રુપમાં વહેંચણી કરવામાં આવી હતી. તેમાં તલ્બાને વિવિધ વિષયો પર લેખો આપવામાં આવ્યા હતા. અને આ લેખિત હરિફાઈમાં પ્રથમ ક્રમે કામયાબ થનાર તલબાને "બહારે શરીઅત" (મુકમ્મલ) તથા "તઝકેરએ મુજદ્દિદીને ઈસ્લામ", અને બીજા ક્રમે કામયાબ થનારા તલ્બાને "અત્તરગીબ વ અત્તરહીબ, તઝકેરએ મુજદ્દિદીને ઈસ્લામ", ત્રીજા ક્રમે કામયાબ થનાર તલ્બાને "સીરતે મુસ્તફા" (ﷺ) કિતાબો તોહફામાં આપવામાં આવી.

જ્યારે બીજા હિસ્સો લેનારા તલ્બાને પ્રોત્સાહિત ઈન્આમ તરીકે અન્ય કિતાબો વિતરણ કરવામાં આવી હતી. મુમ્તહિન (લેખ જાંચનારા) હઝરાતે તલ્બાને સહીહ અને આધુનિક રીતે લેખની નવી રીતથી આગાહ કરી વધુ લેખો લખવા પર પ્રોત્સાહિત કર્યા હતા.

છેવટે ફાઝિલે જલીલ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે યૌમે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના મૌક઼ા પર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની જિંદગીના ખાસ ખાસ પાસાંઓ ઉપર રોશની વેરતાં ઈમાન અફરોઝ બયાન કર્યુ હતું. જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે અહલે સુન્નત વલ જમાઅતના એક અકી઼દા "કરામત"ને કુર્આન, હદીષ તથા ઓલમાએ કિરામના અક઼વાલની રોશનીમાં ષાબિત કર્યો હતો. વધુમાં કહ્યું કે દીન પર અડગતા એ કરામતથી પણ ઊંચો દરજ્જો છે. અને આ બંનેવ શ્રેષ્ઠ વિશિષ્ટતાઓ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہમાં ઉત્તમ દરજ્જાની હતી. સાથે હઝરત શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદનીબાવાનું એ શ્રેષ્ઠ ફર્માન પણ બયાન કર્યું કે હુઝૂર શૈખુલ ઈસ્લામ ફર્માવે છે કે, "બુખારી તથા મુસ્લિમ"ને સાંભળવાવાળો જે યકી઼ન અને ભરોસા સાથે કહી શકે છે કે મેં હુઝૂર ﷺનું જ ફર્માન સાંભળ્યું છે તે જ રીતે સરકાર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જોવાવાળો એ કહેવાનો હક્ક઼ ધરાવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની ચાલતી ફરતી તસ્વીર જોઈ છે. આ સમયે મેહફિલની જે જઝબાતી હાલત હતી તેને શબ્દોની ઝબાનમાં ન કહી શકાય. અંતમાં સલાતો સલામ તથા મૌલાના ઝહીર મિસ્બાહી સાહબની દુઆથી મેહફિલ ખત્મ થઈ હતી.